[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અંજલી.

આ પુસ્તકના લેખક **પુરોહિત પૂર્ણચન્દ્ર** શર્માએ આ પુસ્તકના અંતમા પોતાની બિમાર હાલત વર્ણવી છે નિવેદન કરતા શોચ થાય છે કે પુસ્તક છપાઇને જાહેરમા મૂકાતા પહેલા તેમનો અમર આત્મા આ અસાર સંસારનો ત્યાગ કરી ગયો છે

પુસ્તકના આરંભમા પુસ્તક પરિચય રૂપ પ્રસ્તાવનાના પ્રથમનો પેરેગ્રાફમા તેમણે પોતેજ દર્શાવ્યા મુજબ તેમનો ફેરો તેઓ સફળ કરી ગયા છે

પુરોહિતજી મારા સંબંધમા લાંબા સમયથી આવ્યા હતા સંવત ૧૯૫૬ ની સાલમા હું સ્વર્ગવાસી મુનિ મહારાજ **ભ્રાતૃચન્દ્રજીના** વંદનાર્થે ગયો હતો, ત્યા પ્રથમ પરિચય થયો, દિન પ્રતિદિન તે સ્નેહસંબંધ વધતોજ ચાલ્યો, અને તે અન્તઘડી સુધી અવિચ્છિન્ન ચાલુ રહ્યો

પુરોહિતજી શર્મા એક સારા લેખક હતા, તેઓ **પી. પી. શર્માની** ટુકા નામે લખતા, કાવ્યો પણ કરતા, તેમજ વૈદકનો પણ શોખ ધરાવતા હતા ઘણા પ્રસંગમા તો પોતાનુ નામ પ્રસિધ્ધિમા મૂક્યા વગર સાધુ મુનિ મહારાજોના નામથીજ સારા પુસ્તકો પ્રસિદ્ધિમા મૂકતા હતા આ પુસ્તક તેમની છેલ્લી પ્રસાદી છે અન્ત સમયે હુ તેમને મળવાને ભાગ્યશાળી થયો નથી તે ખેદ ઉપજાવે છે પ્રભુ તેમના આત્માને શાન્તિ આપો

સ્નેહાધીન,

હંસરાજ રતનશી હીરજી મોમાયા.

પરમ પ્રમોદ પ્રાપ્તિ પૂર્ણ પ્રબોધ પ્રદાયક

परमसुखप्रबोधिनी.

(શબ્દાર્થ સ્પષ્ટાર્થ સમલંકૃત સુબોધિની ટીકા.)

પ્રયોજક પુરોહિત પૂર્ણચન્દ્ર શર્મા.

(સલાપોષરોડ, અમદાવાદ.)

સાશ્વત સાચુ સુખ સદા, ઈચ્છો અંતરમાંય,
વાંચો લેખ વિવેકથી, ધરી અનંત ઉછાંય

છપાવી પ્રસિદ્ધકર્ત્તા

આ પુસ્તક અમારાં સ્વર્ગસ્થ ધર્મપત્નિ મણુબાઈ તથા
તેમનાં બ્હેન માકબાઈ અને અમારાં માસીની
પુત્રી (શાહ ધનજી ખિયસીની પુત્રી ભચીબાઈ)
એઓના પુન્ય-સ્મરણાર્થે છપાવી પ્રસિદ્ધ
કરનાર હંસરાજ રતનસી મોમાઈયા.
(મુંબઈ-ખડક, માડવી)

વિ સ ૧૯૮૦ ઇસ્વી સ ૧૯૨૪

પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦

મૂલ્ય-અમૂલ્ય.

ધન ચંચળ છે ચિત્ત ચંચળ છે, જીવિત ચંચળ છે, યૌવન ચંચળ છે અને આ સર્વ ચળાચળ છે તેથી જેની સારી કીર્તિ છે તે પુરૂષ જ જીવે છે।

પ્રાણ અને ધનવડે પણ પરોપકાર કરવા કારણ કે મોટા ધર્મો કરતા પણ પરોપકાર એ વિશેષ લાભદાયક છે,

જે પુસ્તક વાંચવાથી વાંચકની ઉન્નતિ થાય, સ્વધર્મ પર ખૂબ રૂચિ વધે, પરમ સુખની પ્રાપ્તિ થાય અને આત્મોદ્ધારના દ્વાર ખુલ્લા થાય છે, તેજ સર્વોત્તમ મનાય છે

“વસંત મુદ્રણાલય”માં ચીમનલાલ ઈશ્વરલાલ મહેતાએ છાપી.

ઠે. સીવીલ ઇસ્પિતાલની સામે—અમદાવાદ

પુસ્તક પરિચયરૂપ પ્રસ્તાવના.

પ્રિય પાઠકગણ ! આ પૃથ્વીની સપાટીપર જે કોઇ મનુષ્ય જન્મેલ છે તે એક દિવસ અવશ્ય આ ફાની દુનિયાગારથી કૂચ કરી ચાલ્યા જવાના છે નામ તેનો નાશ છે એમા કિંચિત્ પણ શક નથી પરંતુ પોતાના જીવનવ્યવહાર અંદર જેણે કંઈ સુકૃત્યનો સંચય કર્યો છે, કિંવા પરોપકાર અગર પ્રભુસ્મરણ ધન સંગ્રહ્યુ છે તેણે જ જીવન સાફલ્ય કર્યું છે અને તેનો જ ફેરો લેખે લાગ્યો છે બાકી તો ભૂમિભારભૂત જ મનાય છે

પરોપકાર અંદર જ્ઞાનદાન પણ પરમોત્તમ છે કે જેના વડે મનુષ્ય જાતે જ્ઞાનમા ધ્યાન લગાડી સાર ગ્રહણ કરે તો બેશક પોતાના જીવનની પરમ ઉન્નતિ થવા સાથ ઉભય જન્મનો લ્હાવ લેવા રૂપ કાર્યક્રમ નિવડે છે

સુજ્ઞજનો પરમ સુખની પ્રતિપળ ઇચ્છા રાખ્યા જ કરે છે પરંતુ ક્યા પ્રયોગદ્વારા મળી શકે તથા ધર્મતત્ત્વનુ ખરું રહસ્ય શુ છે તેની યથાયોગ્ય સમજ સમર્પનાર આ લઘુ લેખ અતિવ આલ્હાદક છે, જેથી અવશ્ય વાચી વિચારી મનન કરી નિદિધ્યાસ સાથ ઉપયોગમા લેવાય તો અધિકારી વર્ગ આત્મશ્રેયનુ સાધન સાધ્ય કરી શકશે જ !

આ લઘુ લેખ પ્રકાશમા લાવવા પરોપકારાર્થ પુંજાભાઇ કેસવજી શાહ સાથે વાર્તાલાપ થતા તેમણે શાહ સૂરચંદ કલ્યાણજી ભાઇના સ્મરણાર્થ પ્રસિદ્ધિમા લાવવા મને પ્રેરણા કરી એ કૃત્ય માટે એમને હુ ધન્યવાદ આપુ છુ આશા છે કે સર્વનો શ્રમ સફળ થવા સુજ્ઞજનો કૃપા કરી સાર સંગ્રહશે જ !

સં ૧૯૮૦ ભાદ્રપદ

અમદાવાદ

પી પી. શર્મા.

વિવેકીવચનામૃત !

જેમ જુદા જુદા રંગની સર્વે ગાયોની અંદર દૂધ એક જ રંગનુ હોય છે, તેમ ધર્મનુ બાહ્યસ્વરૂપ જુદા જુદા પ્રકારનુ છે, તથાપિ તે સર્વની અંદર પરમતત્ત્વ તો એક જ છે। માટે ભિન્નતા માની રાગ દ્વેષ ન સેવવો

જીવ સંસારસ્ટેજ ઉપર ભવનાટક અંદર નાટકી પાત્રોની પેઠે કર્મના યોગે ઉત્તમ, મધ્યમ અને અધમ એવા વિવિધ વેષ ધારણ કરે છે એ અતિ ખેદનો વિષય છે જીવ એકલો જ આવ્યો છે, એકલો જ જવાનો છે અને સુખ દુખ પણ એકલો જ ભોગવે છે પણ અન્ય કોઇ તેનો સગો કે સગી નથી

આંધળા અને પાંગળાના મિલાપથી જેમ બન્નેનુ જવુ આવવુ વગેરે થાય છે એજ મુજબ જ્ઞાનનો અને ક્રિયાનો સંયોગ મળવાથી મોક્ષ થાય છે શરીર, યૌવન, ધન અને સર્વ પ્રકારના સંયોગ એ સમસ્ત સ્વભાવથી જ સદાકાળ અનિત્ય (છે છે ને નહી એવા જોતજોતા નાશવંત)છે બાલ્યાવસ્થાથી માંડી ચિરકાળ લગી કરેલા સુકૃત્યવડે પોતાનો જન્મ સફળ કરી ધર્મધ્યાન અંદર પોતાનુ મન તલ્લીન રાખનાર અને મોહનો નાશ કરવા અર્થે પ્રયત્ન સેવનારા પુણ્યશાલિજનો અવસર આવ્યે પોતાના આયુનો અંત જાણી (વિશેષ જ્ઞાનથી જાણી) સમાધિ સાથ દેહ ત્યાગે છે

મનરૂપ નેત્ર જ્યા લગી અજ્ઞાનાંધકારથી ઢંકાયલ છે ત્યા લગી તત્ત્વ દેખી શકતા જ નથી માત્ર વિષયમા જ મગ્ન રહે છે

હમેશા ત્રિકરણ શુદ્ધિ સાથ ત્રણ તત્ત્વ ઉપાસવા કે જેથી પરમાનંદ થાય।

પી. પી શર્મા.

श्री परमात्मने नमः

પરમ પ્રમોદ પ્રાપ્તિ પૂર્ણ પ્રબોધ પ્રદાયક

परमसुख-प्रबोधिनी.

(શબ્દાર્થ, સ્પષ્ટાર્થ સમલંકૃત સુબોધિની ટીકા)

ટીકાકારોક્ત મંગલાચરણ.

(હરિગીત-છંદ.)

જય વિશ્વજીવન વિશ્વવ્યાપક જયતિ વિશ્વવિલોચન,
અવ્યક્ત અંતર્યામિ અચ્યુત અજર અજ અધમોચન,
પ્રભુ પ્રણુતપાલ પુનીત પૂરણુ પરમ પૂજ્ય પ્રકાસક,
પરમીશ પ્રસ્તુત પતિતપાવન પાપપુંજપ્રણાસક ૧
નિકલંક નિર્મમ નિત્ય નિર્ભય નિરાકાર નિરંજન,
અશરણુશરણુ અકલિત અનૂપમ ભવિકભવભય ભંજન,
મહામોદ વિશદ વિનોદ સન્મતિ શાતિ શ્રુતવચમપદા,
સહુ પ્રાણિ સમદર્શી બને એ સમય સુખમય હો સદા ૨

નહિ આધિ વ્યાધિ ઉપાધિ નિરખે એજ ઇચ્છુ નાથ હે,
સર્વસ્વ તુજ પદમા સમર્પી અસ્તવુ ગુણગાથ હે
વૈરાગ્ય વિમલ વિજ્ઞાનકારક રોમ રોમ રમી રહે,
તે તત્ત્વ દાયક પરમ લાયક બોધ ઝટ જન નિત લહે ! ૩

(દોહરો–છંદ)

પરમ શર્મ સ્વાદ લહે, દહે સર્વ દુષ્કર્મ,
વેગે શિવપથે વહે, એવો સદા સુધર્મ ૪

અથ ઇતિ એ અધિકારનુ, ખરૂ વિવેચન ખાસ,
રાખુ તે દિલમા ધરી, પામો પરમોલ્લાસ ! ૫



ગ્રન્થારમ્ભ:

धर्माधर्मान्तरंमत्वा जीवाजीवादि तत्त्ववित् ।
ज्ञास्यसि त्वं यदात्मानां तदा ते परमं सुखम् ॥१॥

શબ્દાર્થ:— હે જીવાત્મન્ ! જ્યારે તુ ધર્મ અને અધર્મ અંદર શુ તફાવત છે તે સમજીશ તથા જીવ અજીવ વગેરે નવતત્ત્વો (નુ રહસ્ય) જાણીશ અને પોતાના આત્માને (વાસ્તવિક સ્વરૂપથી) ઓળખીશ ત્યારે પરમ સુખ પ્રાપ્ત કરીશ, ૧

સ્પષ્ટાર્થ—શ્રેયસાધક જિજ્ઞાસુ આત્મા ! જ્યા લગી ધર્મ અને અધર્મ એ બેઉ વચ્ચે શો ફેર છે તે સપુર્ણ પણે જાણીશ નહીં ત્યા લગી પરમ સુખ પામીશ નહી એટલે કે આ આર્ય ક્ષેત્રની પુણ્ય ભૂમિ ઉપરના પ્રાણિ માત્રના આધારભૂત જે ધર્મ મનાય છે તે ધર્મનો મર્મ જાણવાની ખાતર પવિત્રાત્માઓ ધર્મ-તત્ત્વજ્ઞ ધર્મોપદેશક સદ્ગુરૂ સમીપ જાય છે, કેમકે ધર્મનો મર્મ પૂર્ણ પણે જાણ્યા વિના સકળ પાપકલાપ સતાપ શાપ નાશ થઇ શકતા નથી તેમ જ સર્વ ઉત્તમોત્તમ સુખ પણ સદ્ધર્મમા જ સમાયલા છે, માટે જ ધર્મ–તત્ત્વને સમસ્ત સુજ્ઞજનમડળ સકળ

અવશ્ય જાણુવુ જ યોગ્ય છે ધર્મ એટલે જે આચરણુને પવિત્ર જનો પ્રશસતા હોય તે સેવન કરવા હિતેચ્છુની ખાસ ફરજ છે ! તેમ જ જે આચરણુને પાવન જનો નિંદે તે અધર્મ તેને ત્યાગવાની જરૂર છે અથવા તો જેના વડે સસારનો કિંવા પ્રાણિસમૂહનો ઉદય તથા કલ્યાણનો માર્ગ હાથ લાગે તે ધર્મ ! અથવા તો જે કામ શરૂવાતથી જ ન્યાય—નીતિ યુકત હોય તે જ ધર્મ ! તેમ જ જેના વડે પ્રાણિસમુદાયનુ હિત થાય છે તે જ ધર્મ ! અથવા જે પાપ અને કર્મનો નાશ કરી આત્માનો ઉદ્ધાર કરે છે તે જ ધર્મ, અથવા જે ભવસાગર અદર પડતા કિવા ડૂબતા જીવોને આલબન આપી ધારણ કરે તે જ ધર્મ છે અથવા જે પ્રશસવા લાયક દશ લક્ષણોથી પૂર્ણ હોય તે જ ધર્મ અને એઓનાથી જે વિપરીત આચરણ—લક્ષણવત હોય તે અધર્મ કહેવાય છે તેમ જ અનાચાર પૂર્ણ કર્ત્તવ્ય હોય તે અધર્મ ખાસ ત્યાગવા યોગ્ય છે

ધર્મનાં દશ લક્ષણો એ છે કે—

તપ ૧, ક્ષમા ૨. કોમળતા ૩ સરલતા ૪ સત્યભાષણ ૫, પવિત્રતા ૬. પરિગ્રહત્યાગ ૭, દયા ૮. બ્રહ્મચર્ય ૯ અને દાન ૧૦ એ દશ પ્રકાર વિદ્યમાન હોય તેજ **શ્રેષ્ઠ ધર્મ** મનાય છે

અથવા તો **અહિસા**—જીવહિસા જેમા ન હોય તે, ૧ **સત્ય** (જેમા કદી જૂઠુ ન બોલવુ તે) ૨, ચોરી ન કરવી ૩, **પવિત્રતા ૪, ઇંદ્રિયનિગ્રહ ૫, પરોપકાર ૬, દયા ૭, મનોનિગ્રહ ૮,** અને **ક્ષમા** એ નવ ધર્મના સાધનો જેમા વિદ્યમાન હોય તે **સ્તુત્ય ધર્મ** મનાય છે

અથવા તો **દયા ૧,** દાન ૨, ઇદ્રિયદમન ૩, **પરમાત્મા પૂજન ૪, સુગુરૂભક્તિ ૫, ક્ષમા ૬, સત્ય ૭, પવિત્રતા ૮, તપ ૯,**

અને ચોરીનો ત્યાગ ૧૦ એ દશ લક્ષણો જેમા હાજરી આપતા હોય તે જ ધર્મ પ્રશંસનીય મનાય છે

અથવા તો ક્ષમા (ક્રોધનો અભાવ) ૧, માર્દવતા (માનનો ત્યાગ) ૨ આર્જવતા (માયાનો પરિત્યાગ) ૩, મુક્તિ (નિર્લોભતા) ૪, તપ (ઇચ્છાનો નિરોધ) ૫, સંયમ ૬, સત્ય ૭, શૌચ (મન વચન તનની વિશુદ્ધી) ૮, અકિંચનતા (પરિગ્રહપરિત્યાગ) ૯, અને બ્રહ્મચર્ય (નવ વિધ શીલ પાલન કરવુ તે) ૧૦, આ સર્વોત્તમ દશ લક્ષણ પૂર્ણ પણે વિદ્યમાન હોય તે સદ્ધર્મ સમજુ માનવ માત્રને આદરવા યોગ્ય જ છે કે જેનાથી આ જન્મ અને આગામિક જન્મની સફળતા થઈ પરમ સુખાનંદનો ખજાનો હાથ લાગે છે

હિંસા, ચોરી તથા અગમ્યગમન એ ત્રણ શારીરિક પાપાચરણ છે તથા ચુગલી–ચાડી, કટુભાષણ, જૂઠુ બોલવુ અને મગજી ગુજા લવારો કરવો એ ચાર વાચિક પાપાચરણ છે, તેમજ પરાયાનો દ્રોહ ચિંતવવો, પારકો પૈસો હરવાની લાલસા કરવી અને પારકામા અનાસ્થા રાખવી એ ત્રણ માનસિક પાપાચરણ છે આ દશ પાપાચરણ જેમા વિદ્યમાન હોય તે અધર્મ કે જેનો મન વચન કાયાની સાક્ષી સાથ ત્યાગ કરવો જ યોગ્ય છે

અથવા તો સદ્ધર્મના લક્ષણોથી જે વિપરીત લક્ષણો છે એટલે કે હિંસા કરવી, જૂઠ બોલવુ, ચોરી કરવી, વ્યભિચાર સેવવો, પરિગ્રહ વધારવો, અપવિત્રતા સેવવી, ઇંદ્રિયોને છૂટી મૂકવી, દાન ન દેવુ, પરોપકાર ન કરવો દયા ન પાળવી, મનોનિગ્રહ ન કરવો અને ક્ષમા ન રાખવી તે અધર્મ છે અથવા જેના આચરવાથી દુર્ગતિના ભાગી થવાય, તથા સંસાર અંદરના સુજ્ઞજનસમુદાયમા નિંદાને પાત્ર થવાય અને આત્માનુ અકલ્યાણ થાય તેજ અધર્મ કહેવાય છે માટે ધર્મ

શુ અને અધર્મ શુ ' એનો અંતર સમજી ધ્યાનમા લઈ, યથોચિ-તપણે સારાશ મનન કરી જાણવુ જોવુ તેથી પરમ સુખાનદમા જીવાત્મા પરમાત્મા રૂપે થઈ મોજ માણવા ભાગ્યશાલિ થવા પામે.

અધર્મ સેવનથી મનુષ્ય, પાંગળો, ઠૂઠો, અતિ વિષયી, દુર્ભાગી, નપુસક, પારકાનો દાસ, મલીન, કોઢિયો, બોબડો મુગો, અને દરિદ્રી થાય છે. તેમજ નારકી, તિર્યંચ, હીનકુલી, મદમતિ અને ધર્મ અર્થ કામ મોક્ષરૂપ પુરૂષાર્થ વિહીન, ભ્રષ્ટાચારી, રોગી થાય છે, માટે અધર્મનો ત્યાગ કરી સદૈવ સદ્ધર્મ સાધકજ થવુ એજ ઉત્તમોત્તમછે

ધર્મ સેવનથી જગતમા પ્રશસા કરવા યોગ્ય કુળ, ઉત્તમ જાતિ, મનોહર રૂપ, આશ્ચર્યકારક સૌભાગ્ય, નીરોગીપણુ, લાંબુ આયુષ્ય, ભોગવવા યોગ્ય ધન અને જ્ઞાન પ્રાપ્ત થાય છે

ધર્મના પ્રભાવવડે મેઘવૃષ્ટિ થાય છે, ધર્મથી સમુદ્ર મર્યાદા સેવન કરે છે, અને ચતુર્વર્ગના (ધર્મ–અર્થ–કામ–મોક્ષના) ફળ પ્રાપ્ત થાય છે તે સર્વ ધર્મના પ્રભાવથી જ છે એ ધર્મના ચાર પ્રકાર એટલે કે દાન, શીલ, તપ અને ભાવ એ છે કે જેઓના પ્રભાવવડે મુક્તિ પ્રાપ્ત થાય છે, માટે વિવેકી માનવો એ ધર્મજ આચ-રવો અને અધમ ત્યજવો. કેમકે ધર્મ માનવોની ઉન્નતિ (ચઢતી) કરનાર અને અધર્મ અવનતિ (પડતી) કરનાર છે એથી ઉન્નતિ ચાહકોએ સદૈવ ધર્મ અધર્મનો તફાવત સમજી ધ્યાનમા લઇ આત્મ સાધન વડે પરમ સુખ મેળવવુ

ધર્મ ભવસમુદ્રમા પડતા ધારણ કરનાર છે, અને અધર્મ ભવસાગરમા બુડાડનાર છે જેથી ભૂલ્યે ચૂકયે પણ અધર્મને અમ-લમા આણવો નહી

તેમજ તત્ત્વ અને અતત્ત્વ અર્થાત્ જીવ ૧, અજીવ ૨, પુન્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સવર ૬, નિજર ૭, બધ ૮, અને મોક્ષ ૯ એઓ નવ તત્ત્વ છે તેમાથી જે જે જ્ઞેય હોય એટલે જાણુવા યોગ્ય, ઉપાદેય એટલે આદરવા યોગ્ય અને હેય એટલે ત્યજવા યોગ્ય છે તે તેને ધ્યાનમા લઇ એટલે કે જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ એ બે જાણુવા યોગ્ય છે, પુન્ય તત્ત્વ, સવર તત્ત્વ, નિર્જરા તત્ત્વ અને મોક્ષ તત્ત્વ એઓ આદરવા યોગ્ય છે અને પાપ તત્ત્વ, આશ્રવ તત્ત્વ તથા બધ તત્ત્વ એઓ ત્યાગવા યોગ્ય છે

એ નવ તત્ત્વ પૈકી જીવના ૧૪ ભેદ, અજીવના ૧૪, પુન્યના ૪૨, પાપના ૮૨, આશ્રવના ૪૨, સવરના ૫૭, નિર્જરાના ૧૨, બધના ૪ અને મોક્ષના ૯ ભેદ છે એટલે બધા મળીને ૨૭૬ ભેદ છે. તેમા રૂપી ભેદ ૧૮૮ છે અને અરૂપી ભેદ ૮૮ છે

જીવ એટલે જેને નાક, કાન, જીભ, મુખ, કાયા, મનોબળ વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણુ વિદ્યમાન હોય તે તથા જેનુ સ્વરૂપ વિચારમા આવે તે જીવ કહેવાય છે. અજીવ એટલે કે જે પ્રાણુ અને ચેતના રહિત હોય તે નિર્જીવ કહેવાય છે. પુન્ય એટલે કે શુભ પ્રકૃતિરૂપ કર્મ જીવને સુખ આપે તે, તથા પાપ એટલે કે જે અશુભ પ્રકૃતિરૂપ કર્મ જીવને દુખ આપે તે, તથા આશ્રવ એટલે કે જેના લીધે જીવોમા પાપ આવવા પામે તે પાપના દ્વારરૂપ છે, તેમજ સંવર એટલે કે પાપને રોકનાર-કર્મોને અટકાવનાર છે, તથા નિર્જરા એટલે કે જેના વડે કર્મ દેશથી વિશેષે કરી ક્ષય થાય છે તે, તથા જે વડે જીવની સાથે લાગેલા કર્મોનો સબધ બંધાય તે બધ કહેવાય છે અને સર્વ કર્મનો ક્ષય થાય તે દશાને મોક્ષ કહે છે માટે વિવેકી માનવોએ

આ નવે તત્ત્વના પૂર્ણપણે સ્વરૂપ સમજી–ભેદ જાણી તેનો વિવેક કરવો જેથી આત્માનુ કલ્યાણ થાય અને ભવસમુદ્રથી પાર જવાય !

જીવ છ જાતિના છે એટલે કે પૃથિવી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ એ પાચ સ્થિર રહેનાર હોવાથી સ્થાવર અને પોતાની મરજી મુજબ હાલી ચાલી શકે તે ત્રસ કહેવાય છે એ છ પ્રકારના જીવો પૈકી એકેદ્રીયના પણ સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે એટલે કે સૂક્ષ્મ તે ચૌદરાજ લોકમા જે વ્યાપી રહેલા છે પર્વતને ભેદી આવે જાય તથા કશાથી છેદાય ભેદાય નહી, અગ્નિથી બળે નહી ચર્મ દૃષ્ટિથી અદ્રશ્ય, મનુષ્યના ઉપયોગમા ન આવે એવા નિરતિશયી સૂક્ષ્મોદય નામ કર્મવત, હોય છે તેમજ બાદર તે જે નિયત સ્થાન વર્ત્તી હોય છતા કોઇ વસ્તુ તેને છેદી ભેદી શકે નહી, તેમ છેદાય ભેદાય નહી, અગ્નિથી બળે નહી ચર્મદૃષ્ટિથી જોઇ શકાય, મનુષ્યાદિ સકળ પ્રાણીઓના ઉપયોગમા આવી શકે એવા સાતિશયી બાદરનામકર્મોદયવત હોય છે

પચેદ્રીયમા પણ સજ્ઞાવત હોય તે સન્નિપચેદ્રીય અને અસજ્ઞાવત હોય તે અસન્નિપચેદ્રીય કહેવાય છે

બેરેદ્રીય એટલે કે જે જીવને શરીર અને મુખ હોય તે રાખલા કોડા, કોડી, જળો, કરમિયા વગેરે વગેરે

તેરેદ્રીય એટલે કે જે જીવને શરીર, જીભ અને નાક હોય તે કીડી, માકણ, ઉધેઇ, મકોડા, ધનેરા, ઇયળ અને ગદૈયા વગેરે વગેરે

ચૌરેદ્રીય એટલે કે જે જીવને શરીર, મુખ, નાક, આખ હોય તે માખી, વીછી, ભમરા, ભમરી, ડાસ, મચ્છર, પતગિયા અને કસારી વગેરે વગેરે

અને પચેદ્રીય એટલે કે જે જીવને નાક, આખ, કાન, જીભ અને શરીર હોય તે મનુષ્ય–પશુ-જીવ વગેરે વગેરે છે, તેમા પણ ગર્ભથી પેદા થયેલા અને હવા જળ વસ્તુઓના સંયોગથી પેદા થયેલા હોય છે તથા જળચર (જળમા પેદા થનાર માછલા વગેરે) થળચર (રેત–જમીન ઉપર ફરનારા પ્રાણિ તે) તથા ખગચર (આકાશમા ઊડનારા પખીઓ), તિર્યંચ, માનવો, દેવો અને નારકીના જીવો મનવાળા હોવાથી શક્તિવત પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બે ભેદવત છે ૭ પર્યાપ્તા અને ૭ અપર્યાપ્તા મળી ૧૪ ભેદ જીવના હોય છે પર્યાપ્તા એટલે કે જેને જેટલી પર્યાપ્તિ જીવનની સાથે બધાયલી કર્મના દળમા શક્તિ પ્રકટ થતા તે શક્તિ વડે અન્ય પુદ્ગળ સ્કધનો મમય વૃદ્ધિ થવાથી તેમા પ્રકટેલી અન્ય પુદ્-ગળોને પરિણમાવવારૂપ વિશેષ શક્તિ, તથા જેને જેટલી પર્યાપ્તિ કહી છે તેટલી પૂરી કર્યા વગર મરણ પામે તે અપર્યાપ્તિ કહેવાય છે

મતિ, શ્રુતિ, અવધિ, મન પર્યવ અને કેવળ એઓ પાંચ જ્ઞાન તથા મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભગ અજ્ઞાન એ ત્રણ મળી આઠ થાય તે પૈકી એક પણ જેનામા હોય તે જીવ કહેવાય છે તેમજ ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ દર્શન એ ચાર દર્શન તથા સામાયિક, છેદોપસ્થાન, પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મસપરાય, યથા-ખ્યાત, દેશવિરતિ અને અવિરતિ એ સાત ચારિત્ર તથા દ્રવ્યતપ અને ભાવતપ, તેમજ કરણ બળ અને પાચજ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એ બાર પ્રકારના સાકાર નિરાકારરૂપ ઉપયોગમા તો કોઇપણ એક વા અધિક જેને હોય તે જીવ કહેવાય છે

પર્યાપ્તિ ૭ હોય છે એટલે કે આહાર ૧, શરીર ૨, ઇંદ્રીય ૩, શ્વાસોશ્વાસ ૪, ભાષા ૫ અને મન એ ૭ છે. સૂક્ષ્મ એકેદ્રીય

પર્યાપ્તા ને અપર્યાપ્તા, બાદર એકેંદ્રીય પર્યાપ્તા અને અપર્યાપ્તા, બેરેંદ્રીય પર્યાપ્તા અને અપર્યાપ્તા, તેરેંદ્રીય પર્યાપ્તા અને અપર્યાપ્તા ચૌરેંદ્રીય પર્યાપ્તા અને અપર્યાપ્તા, સન્નિપચેંદ્રીય પર્યાપ્તા અને અપર્યાપ્તા અને અસન્નિ અપર્યાપ્તા તથા પર્યાપ્તા એ ચૌદ ભેદ જીવ તત્ત્વના છે

અજીવતત્ત્વના પણ ૧૪ ભેદ છે એટલે કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એઓ દરેકના સ્કંધ, દેશ પ્રદેશ એમ ત્રણ ભેદથી ગણતા ૯ થાય, તેમા કાળ ઉમેરતા દશ ભેદ અને પુદ્‌ગળાસ્તિકાયના ચાર ભેદ એટલે કે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ મળી ૧૪ ભેદ થાય છે (વિસ્તારથી જીવવિચાર બાળાવબોધમાથી જાણી લેવુ)

પુન્યતત્ત્વ તેના ૪૨ ભેદ છે અને તે નવ પ્રકારથી પુન્ય બંધાય છે તથા બેતાલિસ પ્રકારથી ભોગવાય છે એટલે કે સાધુને કિંવા સુપાત્રને અન્ન આપવાથી, પાણી આપવાથી, વિશ્રામસ્થાન આપવાથી, સુવા માટે પાટ વગેરે આપવાથી, પ્હેરવા ઓઢવાને વસ્ત્ર આપવાથી અથવા તો તે આપવાનો મન વડે દઢ સંકલ્પ કરવાથી, વચનવડે સ્તુતિ કરવાથી, શરીર વડે સેવા ચાકરી કરવાથી અને હાથવડે નમન વંદન કરવાથી પુન્ય બંધાય છે, તે ૪૨ પ્રકારે અમલમા આવે છે એટલે કે જેના ઉદય વડે શાતાવેદનીય સુખ-શાતા અનુભવે, ઉચ્ચગૌત્ર ઉત્તમકુળ પામી જનસમુદાય અંદર પૂજા પ્રતિષ્ઠા મેળવે, મનુષ્યગતિ પામે, મનુષ્યની અનુપૂર્વિ પામે, દેવગતિ પામે તથા દેવગતિની અનુપૂર્વિ પામે, પંચેંદ્રીયપણુ પ્રાપ્ત થાય, ઔદારિક શરીર લાયક પુદ્‌ગળ ગ્રહણ કરી કે શરીર પણે પરિણમાવી તે જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે, તેવી જ રીતે વૈક્રિય શરીર મેળવે, (એ શરીરના બે ભેદ હોય છે એટલે કે ઔપપાતિક એ દેવતા અને નારકીને હોય છે તથા લબ્ધિ પ્રત્યયીઓ તિર્યંચ અને માનવ

લબ્ધિવતને હોય છે) આહારક શરીર, તેજસ શરીર, કાર્મણ-શરીર, ઔદારિક અગોપાગ, વૈક્રિય અગોપાગ, આહારક અગોપાગ પ્રાપ્ત કરે તેવુ પુન્ય ઉપાર્જન કરે, વજ્રઋષભનારાચ સઘયણ (અત્યત મજબૂત બાધાનુ શરીર) સમચતુરસ્ર સસ્થાન (ચોમેરથી સર્વાંગ સુદર શોભાયમાન શરીર કે જે પોતાના હાથના આગળા ૧૦૮ ના પ્રમાણથી કદવત, શુભવર્ણ (ગૌરવર્ણ) વત, શુભવાસના (ગધ) વત, શુભરસવત, શુભસ્પર્શવત, મધ્યસ્થ વજનદાર શરીર, બળવાનને પણ જીતી શકે તેવુ મહાન્ બળવત શરીર પામે, સારી પેઠે શ્વાસોશ્વાસ સુખપૂર્વક લઇ શકે, જેના દેખાવથી સ્હામો માણસ છાયામાજ અજાઇ જાય, જેનો ચ્હેરો શીતળતા દાયક હોય, રૂપાળી લટકદાર ચાલ હોય, સર્વ અગ યોગ્ય પ્રકારે ગોઠવાયલા હોય તેવુ સુદર શરીર ત્રસદશક કર્મ–ત્રસાદિ દશ પ્રકૃતિ પ્રાપ્ત થાય તે અર્થાત્ ત્રસનામ કર્મ, બાદરનામ કર્મ, પર્યાપ્તિનામ કર્મ, પ્રત્યેક નામ કર્મ સ્થિરનામ કર્મ, શુભનામ કર્મ, સૌભાગ્યનામ કર્મ, સુસ્વરનામ કર્મ, આદેયનામ કર્મ, યશનામ કર્મ ઇત્યાદિ પ્રાપ્ત થાય તે, સુરાયુષ્યરૂપ નરાયુષ્યરૂપ, તિર્યચાયુરૂપ અને તિર્થકર નામ કર્મ, એ ૪૨ પ્રકાર પુન્યોદય પ્રકૃતિના છે

પાપતત્ત્વ અઢાર પ્રકારથી એટલે પ્રાણાતિપાત ૧, મૃષાવાદ ૨, અદત્તાદાન ૩, મૈથુન ૪, પરિગ્રહ ૫, ક્રોધ ૬, માન ૭, માયા, ૮, લોભ ૯, રાગ ૧૦, દ્વેષ ૧૧, કલહ ૧૨, અભ્યાખ્યાન ૧૩, પૈશૂન્ય ૧૪, રતિ ૧૫, અરતિ ૧૬, પરપરિવાદ ૧૭, માયા મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય ૧૮ એઓ અઢાર પાપસ્થાનકથી પાપબધ બધાય છે અને ૮૨ ભેદથી તેના કડવા ફળ અનુભવાય છે મતલબ કે મતિ ઢકાઈ જાય તે મતિજ્ઞાનાવરણીય, શાસ્ત્રાનુસાર થનારૂ જ્ઞાન ઢકાઇ જાય તે શ્રુતજ્ઞાનાવરણીય, ઇદ્રિયાદિની અપેક્ષા વગર આત્મદ્રવ્યને

સાક્ષાત્ રૂપી દ્રવ્યને જાણી લેવુ તે ઢકાઈ જવારૂપ અવધિ જ્ઞાનાવરણીય, જેના ઉદયથી સન્નિપચેદ્રિયના મનોગતભાવ જાણનાર, મન પર્યવ જ્ઞાન ઢકાઇ જાય તે મન પર્યવ જ્ઞાનાવરણીય, તથા પૂર્વોક્ત ચાર જ્ઞાન રહિત એકલુ નિરાવરણ જ્ઞાન હોય તે કેવળ જ્ઞાન ઢકાઇ જાય તે કેવળ જ્ઞાનાવરણીય, દાનાતરાય, (શક્તિ છતા દાન ન આપવુ,) ઉદાર છતા વસ્તુ હાજર છતા અને યાચનાર ડાહ્યો છતા યાચેલી ચીજ ન મળે તે લાભાતરાય, જેના ઉદયથી પોતે યુવાન ને રૂપવત છતા ભોગોપભોગ ભોગવી ન શકે તે ભોગોપભોગાતરાય, જેના ઉદયથી પોતે યુવાન, નીરોગી બળવત છતા પણ પોતાની શક્તિ ફેરવી શકે નહી તે વીર્યાતરાય એમ પાચ પ્રકારે આડે આવે તે અતરાયકર્મ, ચક્ષુદર્શનાવરણીય એટલે કે આખ્યો વડે જે રૂપનુ સામાન્યપણે ગ્રહણ થાય તેવુ ચક્ષુદર્શન ઢકાઇ જાય તે, અચક્ષુદર્શનાવરણીય એટલે કે ચક્ષુ વગર ચાર ઇદ્રિય અને મનવડે કરીને પોતપોતાના વિષયનુ સામાન્યપણે ગ્રહણ થાય તે આચ્છાદન થઇ જાય તે, અવધિદર્શનાવરણીય અર્થાત રૂપી દ્રવ્યનુ મર્યાદાપણે ગ્રહણ થાય તે દર્શનનુ ઢકાઇ જવુ તે, કેવળ દર્શનાવરણીય એટલે કે સમસ્ત વસ્તુનુ સામાન્યપણે જે દર્શન ઢકાઇ જાય તે, તથા નિદ્રારૂપ—ઉઘ ગયા પછી સુખરૂપ જાગવુ થાય તે, તેમજ નિદ્રાનિદ્રારૂપ તે દુખરૂપ જાગવા પછી જણાય તે, પ્રચલા એટલે બેસતા ઉઠતા ઉઘ આવ્યા કરે તે, પ્રચલાપ્રચલાને હરતા ફરતા પણ ઉઘ આવે તે થીણદ્ધી એટલે કે દિવસે ઇચ્છેલુ રાત્રીની અદર નિદ્રાએ જાગેલાની પેઠે બકયા કરે તે, નીચગોત્ર તે રૂપ ધન છતા હલકા કુળમા પેદા થાય તે, અશાતા વેદની એટલે કે દુખાનુભવ જેના ઉદય વડે થાય તે, મિથ્યામોહનીય એટલે કે જેના ઉદયવડે વિતરાગશ્રીના વચનની વિપરીત સદ્દહણા થાય, થાવર નામ કર્મ કે જેના

ઉદયથી સ્થાવરપણુ પ્રાપ્ત થાય સૂક્ષ્મનામકર્મ તે પૃથિવ્યાદિ સૂક્ષ્મપણુ પ્રાપ્ત થાય, અપર્યાપ્ત નામકર્મ તે પર્યાપ્તિ પૂરી કર્યા વિના મરે, સાધારણુ નામકર્મ તે અનત જીવ વચ્ચે એક ઔદારિક શરીરની પ્રાપ્તિ થાય, અસ્થિરનામ કર્મ તે શરીરમા દાત વગેરે અવયવ અસ્થિર રહે, અશુભનામ કર્મ તે નાભિની નીચેનો શરીરભાગ કદરૂપો હોય, દૌર્ભાગ્યનામકર્મ તે લોકોને અળખામણો લાગે, દુ સ્વરનામકર્મ તે કાનને કડવો લાગે તેવા સ્વર અવાજવાળો હોય, અનાદેય નામકર્મ તે પોતાનુ બોલવુ કોઇને વ્હાલુ ન લાગે તે, અયશનામકર્મ એટલે કે જેના ઉદયથી લોકોની અ દર અપકીર્તિ થાય, જેના ઉદયથી નરકાયુષ્ય, નારકીગતિ અને નરકની અનુપૂર્વી પામે તે, સામાન્યથી ૧૬ કષાય અને ૯ નોકષાય એમ ૨૫ કષાય પામતા અનતાનુ બધી—અનત સસાર બધાય તે, ક્રોધ, માન, માયા અને લોભ એઓ ચાર જીવન પર્યંત કાયમ રહે, સમ્યક્ત્વ આવવા ન પામે અને છેવટે નરકની અ દર લઈ જાય છે ક્રોધ પર્વતની રેખા સમાન, માન પત્થરના થાભલા સમાન, માયા વાસડાના મળ સમાન અને લોભ કિરમજના ર ગ સમાન હોય છે તેમા પણુ અપ્રત્યાખ્યાની ચાર ભેદે છે એટલે કે જે પાપ કર્મના ઉદયથી થોડુ પ્રત્યાખ્યાનપણુ પણુ ન પામે અને ક્રોધ, માન માયા લોભ એક વર્ષ લગી કાયમ રહે છે દેશવિરતિ પણુ આવવા ન દે, અને અ તે તિર્યંચગતિ હાજર કરે છે, તે ક્રોધ સુકાયલા તળાવની ફાટ સરખો, માન હાડકાના થાભલા સરખો, માયા મી ઢા ઘેટાના સિ ગડા સરખી અને લોભ નગરની ગટરના કાદવ સરખો હોય છે. પ્રત્યાખ્યાનીય ૪ ભેદરૂપ કે જેના ઉદયથી સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાનને ઢાકી દે છે તેના ૪ વિભાગ છે એટલે કે ક્રોધ, માન, માયા, લોભ એઓ ૪ માસ લગી કાયમ રહે છે વિરતિરૂપ ચારિત્રનો ઘાત કરે છે અને મનુષ્યની ગતિ હાજર કરે છે એ ક્રોધ રેતીની

લીટી સમાન, માન લાકડાના થાભલા સમાન, માયા બળદના મૂત્ર જેવી વક્ર અને લોભ ગાડાની મળી જેવો હોય છે સજ્વલનના ઉદયથી ચારિત્ર ધારણ કરનાર થોડોક દીપે ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર ભેદ યુક્ત છે, તેની પદર દિવસની સ્થિતિ કાયમ હોય છે તે યથાખ્યાત ચારિત્ર ઢાકી દે છે અને દેવ ગતિને આપે છે તે ક્રોધ પાણીની રેખા સરખો, માન નેતરના થાભલા સરખુ માયા વાસની છોલ સરખી અને લોભ હળદરના રગ સરખો હોય છે આ મુજબ ચાર ચાર ભેદે ૧૬ કષાયનુ વર્ણનથયુ છે નવ નો કષાય તે કષાય, કષાયના સહચારી–દોસ્ત હોય તેથી હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, તથા દુગછાની ઉત્પત્તિ થાય છે અને એક વસ્તુ નિમત્તે, બીજુ નિમિત્ત વિના પ્રકટ થાય છે પુરુષ વેદ તે સ્ત્રી સંભોગની ઇચ્છા થાય તે તૃણના અગ્નિ સમાન હોય છે સ્ત્રીવેદ તે જેના ઉદયથી પુરૂષસંયોગની ઇચ્છા થાય તે બકરીની લીડીઓના દેવતા સમાન હોય છે અને નપુસક વેદ તે પુરૂષ અને સ્ત્રી એ બેઉને ભોગવવાની ઇચ્છા થાય તે નગરના દાહ સમાન હોય છે તિર્યંચની ગતિ અને તિર્યંચની અનુપૂર્વી જેના ઉદયથી પ્રાપ્ત થાય તે, જેના ઉદયથી એકેંદ્રીય, બેરેંદ્રીય તેરેંદ્રીય અને ચૌરેંદ્રીયની જાતિનુ શરીર મળે તે, જેના ઉદયથી ચાલવાની ગતિ નઠારી (ઉટ ગધેડાના જેવી) હોય, જેના ઉદયથી ઝીભ, દાત હરસ, રસોળી વગેરેથી પીડા પમાય તે, અશુભવાસના, અશુભ રસ અને અશુભ સ્પર્શ સયોગ થાય તે, વજ્રરિષભના સચ સઘયણ વગર પાચ સઘયણ પ્રાપ્ત થાય છે તે તથા રિષભ-નારાચ સઘયણ, નારાચ, અર્દ્ધનારાચ, કીલિકા, છેવટ્ટુ, અપ્રથમ સસ્થાન. ન્યગ્રોધપરિમડળ, સાદિ. વામન, કુબ્જ અને હુડક સસ્થાન (બેડોળ–કુબડુ–વામણુ–અળખામણુ શરીર) પામે તે

પાપ તત્ત્વના ઉદયનો જ પ્રતાપ હોય છે માટે પાપાચરણનો પરિ-
ત્યાગ કરવો.

આશ્રવ તત્ત્વના ૪૨ ભેદ છે તેના વડે આત્માની અંદર કર્મોનું આવવું થાય તે, સ્પર્શેંદ્રીય (કાયા), રસેંદ્રીય (જીભ), ચક્ષુરેંદ્રીય (આંખ), ઘ્રાણેંદ્રીય (નાક), અને શ્રોતેંદ્રિય (કાન), એ પાંચ ઇંદ્રિયો તથા ચાર કષાય એટલે કે ક્રોધ, માન, માયા, અને લોભ તથા હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ તેમ જ મનને શુભ વા અશુભ વૃત્તિમાં જોડવું તે, વચનને સારા નઠારા પ્રયોગ અંદર ઉપયોગમાં લેવું તે, અને શરીરને સારા નઠારા કામમાં લેવું તે, અને ૨૫ ક્રિયા એટલે કે-કાયાને અયતનાએ પ્રવર્ત્તાવતા લાગે તે, ઘરના ઉપકરણાદિ અધિકરણે કરી જે જીવોનો નાશ થાય તે, જીવ અજીવ પર દ્વેષ કરવો તે, સ્વપરને પરિતાપ ઉપજાવવો તે, એકેંદ્રિયાદિ જીવનો નાશ કરવો તે, ખેતી વગેરેની પેદાશ કરવી તે, ધન ધાન્યાદિ નવવિધ પરિગ્રહ મેળવતા ને મોહ કરતા ક્રિયા લાગે તે, માયા-કપટ કરી બીજાને ઠગવું તે, જિન વચન ન માનતા વિપરીત પરૂપણા કરવી તે, અવિરતિયે કરી પચ્ચખ્ખાણ કર્યા વગર સર્વ વસ્તુની ક્રિયા લાગે તે, કૌતુકે કરી ઘોડા વગેરેને નિહાળવા તે, રાગવશથી પુરૂષ સ્ત્રી પશુ વગેરે સુકુ-માર વસ્તુનો સ્પર્શ કરતા જે ક્રિયા લાગે તે, બીજાઓના વાહનો જોઇ દ્વેષ કરે તે, પોતાના વાહનોની પ્રશંસા કરવાથી રાજી થાય તથા દૂધ વગેરેના પાત્રોમાં ત્રસ જીવનો નાશ થાય તે, પરો-પદેશિત પાપમાં લાંબો સમય પ્રવર્ત્તે તે, પાપભાવની અનુમોદના કરે તે, સ્વહસ્તથી જે કરે તે, પ્રભુની આજ્ઞા ઉલ્લંઘન કરી પોતાની બુદ્ધિથી જીવાજીવ પદાર્થની પરૂપણા દ્વારાએ જે ક્રિયા લાગે તે, બીજાના નહીં છતાં ખરાબ આચરણ જાહેરમાં લાવી તેની ફજેતી

સેવાનો નાશ કરવો તેથી પેદા થયલી જે ક્રિયા તે, તથા ડચ સચિત્ત અચિત્ત ફળાદિ વિદારવા વડે લાગે તે, ઉપયોગથી જે વિપરીત હોય તે અનાભોગથી ઉપલક્ષિત જે ક્રિયા લાગે તે, સ્વપરની અપેક્ષા કે અવકાક્ષાથી જે વિપરીત અનવકાક્ષા તે જ પ્રત્યય કારણ એટલે પરમાત્માએ જે કરવા લાયક વિધાન દર્શાવ્યા હોય તેમાના પોતાને કિંવા પરને હિતકર છે તે વિધાનનો પ્રમાદ વશથી અનાદર કરવો તે, દોડવા ચાલવાદિક તનનો વ્યાપાર, હિસાકારી કઠોર જૂઠ વચનવ્યાપાર, દ્રોહ ઇર્ષ્યા અભિમાનાદિ મનનો વ્યાપાર એઓ કરવા તે, જેના વડે વિષય ગ્રહણ કરિયે તે સમાદાન ઇદ્રિયના દેશથી કે સર્વથી ઉપાઘાત રૂપ વ્યાપાર–આદેશ આપીને નીભાડાદિ કરાવવા તે, માયા તથા લોભ વડે જે થાય તે, ક્રોધ તથા માનવડે જે થાય તે, ચાલવાથી જે ક્રિયા થાય તે, આ તમામ પાપના દ્વાર–બારણા ખુલ્લા હોવાથી (રહેવાથી) આત્મા પાપવડે લેપાય છે તેનો મન વચન અને કાયાની વિશુદ્ધિ સાથ ત્યાગ કરવો

સવરતત્ત્વના ૫૭ ભેદ છે તેના વડે આવતા કર્મો રોકાય છે અને તે દ્રવ્ય તથા ભાવથી બે ભેદવત છે, ઇર્યા સમિતિ એટલે કે જવા આવવામા જયણાનો ઉપયોગ કરવો તે, ભાષા સમિતિ એટલે કે બોલવાની અદર સઘળી રીતે વિવેક રાખવો તે, એષણા સમિતિ એટલે કે (બેતાલિશ દોષ રહિત આહારાદિની ગવેષણા કરવી તે, આદાનમત્ત નિક્ષેપણા સમિતિ એટલે કે–બેસતા–ઉઠતા લેતા–મૂકતા–પૂજવા–પ્રમાર્જવાનો ઉપયોગ કરવો તે, પારિષ્ઠાપનિકા સમિતિ એટલે કે–મળમૂત્રાદિને નાખતા શુદ્ધ ભૂમિ જોવાનો ઉપયોગ રાખવો તે, તથા ત્રણ ગુપ્તિ એટલે કે યોગને ગોપવાનુ તે પૈકી મનોગુપ્તિ અર્થાત્ મનને ગોપવુ તે, વચન ગુપ્તિ અર્થાત્ વચનને ગોપવુ તે, અને કાયગુપ્તિ અથાત્ શરીરને ગોપવુ તે, આ આઠ પ્રવચન

માતા તે ચારિત્રનો નિર્વાહ કરવામા ખરેખર માતા સમાન જ છે। તથા બાવીસ પરિસહ એટલે કે ભૂખની, તરશની, તાઢની, તડકાની ડાસની, જૂના કપડાના કટાળાની પીડા સહન કરવી, તથા તાઢ વગેરેથી પેદા થતી બેચેની, સ્ત્રીઓના અગોપાગ હાવ ભાવ જોઇ પોતાના મનને સ્થિર રાખવાની પીડા, આળમ છોડી ગામેગામ વિહાર કરવાની, શૂન્યઘર કે સ્મસાન વગેરેમા કાયોત્સર્ગાદિ કરતા સિંહ વગેરેનો ભય છતા ન ડરવાની, સથારો મન માનતો ન હોવાની, ક્રોધવાળા તિરસ્કારી વચનો સાખી લેવાની, સમ પરિણામે માર સહન કરવાની, માન ત્યજી ભિક્ષા માગતા ન શરમાવાની, ચીજની માગણી કરવા છતા ચીજ ન આપે તોપણ ઉદ્વેગ ન કરવાની, અનિષ્ટ ચિતવન ન કરવુ તેમ બોલવુ નહી પણ સમતા-ભાવે નાકારો સહન કરવાની, રોગ પેદા થયે અનત વેદના થવા છતા આર્ત્તધ્યાન ન કરતા સમ્યક પ્રકારે વેદના સહન કરવાની, ડાભના મથારામા અણિયો ભોકાવા છતા તે કટાળો સહન કરવાની, મેલ સહન કરવાની, અનાદર—અપમાન માન સહન કરવાની, શ્રુત (જ્ઞાન) નો વિશેષ જ્ઞાતા હોય તેથી કોઇના પૂછયાનો જવાબ તુરત દેવાથી બહુ માન થાય તેથી વિજય નિહાળી ગર્વ ન ધરવાની અગર તેના અભાવે ખેદ ન ધરવાની, વસ્તુનુ તત્ત્વજ્ઞાન ન જાણવા છતા દીનતા દાખવ્યા વગર જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વિચારી ઉદ્વેગ ન કરવાની, અને શાસ્ત્રતત્ત્વના અભાવ વડે ઝીણી બાબતોની અદર દેવ ગુરૂ ધર્મમા શકા કરવી, શાસ્ત્રોની વાતોમા વ્હેમ લાવવો અને અન્યમતિઓની ઋદ્ધિસિદ્ધિ ઉન્નતિ તપશ્ચર્યાદિ જોઇ મોહ પામવાની પીડા સહન કરવી તે, ઈત્યાદિ ૨૨ પ્રકારના પરિસહ (દુખ—કટાળા) સહન કરવા તથા ક્ષમા તે ક્રોધને જીતવો, માર્દવતા તે અહકારને જીતવો, માયા—આર્જવતા કપટતા રહિત થવુ તે અને નિર્લોભતા રાખવી તે, તપ એટલે ઇચ્છાનો

નિરોધ કરવો તે, અને પ્રાણાતિપાતાદિક પાંચ વિરમણ વ્રત, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ-દમન, ચાર કષાય પર જય મેળવવો તે અને ત્રણ દંડની નિવૃત્તિ એઓ સત્તર ભેદ સંયુક્ત સંયમ પાળવુ તે, સાચુ બોલવુ તે પવિત્રપણું અર્થાત ૪૨ દોષ રહિત ભાત પાણી લેવા ને સર્વ દ્રવ્યશૌચ, તથા આત્માના શુદ્ધ અધ્યવસાય કષાયાદિ શુદ્ધ પરિણામની વૃદ્ધિ તે ભાવશૌચ અથવા મન વચન કાયા એ ત્રિકરણની વિશુદ્ધિથી પવિત્ર રહેવુ, તેમજ સંયમમા નિરતિચારથી વર્તવુ અને જીવ અદત્ત, સ્વામિ અદત્ત, ગુરુ અદત્ત તથા તિર્થંકર અદત્ત એ ચાર પ્રકારની ચોરીનો ત્યાગ કરવો તે, નવવિધ બ્રહ્મચર્ય પાલન કરવુ તે, સંસારના સકલ પદાર્થ અને આયુષ્ય અથિર છે તે અનિત્ય ભાવના (૧), સંસારમા જન્મ જરા મરણના ભયથી બચાવવા ફક્ત ધર્મ શક્તિમાન છે તે અશરણ ભાવના (૨), માતા ને સ્ત્રી થાય સ્ત્રી તે માતા થાય ઇત્યાદિ આ જીવ સંસારનાટય અંદર સર્વ ભાવને અનુભવ કર્યાનુ ભાવવુ તે સંસારભાવના (૩), જીવસંસારમા એકલો આવ્યો છે ને એકલો જવાનો છે એવુ ભાવવુ તે એકત્વ ભાવના (૪), તથા આત્મ જ્ઞાન સ્વરૂપ છે અને આત્માથી શરીર તેમજ ધન સ્વજન સજ્જન વગેરે અન્ય છે એવુ ભાવવુ તે અન્યત્વ ભાવના (૫), તથા અપવિત્ર પદાર્થોથી ભરેલુ શરીર કદી પવિત્ર થતુ જ નથી એવુ ભાવવુ તે અશુચિ ભાવના (૬), તેમજ આશ્રવ યોગવડે કર્મ બંધાય તે તથા દયાદાનાદિક વડે શુભ અને વિષય કષાયાદિ વડે અશુભ કર્મ બંધાય છે એવુ ભાવવુ તે આશ્રવ ભાવના (૭), સંવર એટલે કે જેના વડે આવતા કર્મ રોકાય અને આત્મા પવિત્ર થાય તે ભાવવુ તેનુ નામ સંવર ભાવના (૮), નિર્જરા ભાવના એટલે કે બાર પ્રકાર પૈકી ૭ બાહ્ય અને ૭ અભ્યંતર તપ સેવી કર્મનો નાશ કરવો તે (૯), લોકસ્વરૂપ ભાવના

એટલે કે પડ્દ્રવ્યઆત્મક ચૌદરાજ લોકોનુ સ્વરૂપ વિચારવુ તે (૧૦), બોધિદુર્લભ ભાવના એટલે કે સસારની અદર જીવ અનતા પુદ્ગળ પરાવર્ત્તન કરી અનતિવાર ચક્રવર્ત્યાદિ થયો અને સમસ્ત પ્રકારની યોગવાઇ પામ્યો, તોપણુ સમકિત પામવુ બહુ મુસ્કેલ છે એવી જે ભાવના ભાવવી તે (૧૧) અને ધર્મભાવના એટલે કે બિહામણા અને નતરાય-દુખે તરાય એવા સસારસાગરથી પાર જવા એક જિનપ્રણિત ધર્મરૂપ જહાજ સમર્થ છે, પણ તેની પ્રાપ્તિ બડી દુષ્કર છે અર્થાત્ ક્ષમાદિ દશ પ્રકારનો ધમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રયી યુક્ત ધમની પ્રાપ્તિ મુસ્કેલ છે એવુ ચિતવવુ તે-આ બાર ભાવનાઓ તથા દરેક વ્રતની પાચ પાચ ભાવનાઓ એમ પાચ મહાવ્રતની પચિશ ભાવના, તેમજ મૈત્રીભાવના, પ્રમોદભાવના કારુણ્યભાવના અને ઉપેક્ષાભાવના, શુદ્ધ મનથી પ્રમાદ રહિત ભાવવી કે જેથી માનવજન્મ સફળ થાય છે

પાચ ચારિત્ર છે એટલે કે સામાયિક, છેદોપસ્થાનીય, પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મસપરાય અને યથાખ્યાત ચારિત્ર એઓ પાચ છે તે પૈકી દેશવિરતિ, અને સર્વ વિરતિ એમ બે ભેદથી ચારિત્ર છે રાગ દ્વેષ રહિત પણા માટે જવુ તે અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રનો જ્યા લાભ થાય તે સામાયિક ચારિત્ર છે દેશ વિરતિમા સર્વ સાવદ્યયોગ સજાય છે અને નિર્વદ્યયોગ સેવનરૂપ સર્વ વિરતિ છે શ્રાવકને સ્થૂળપણે અણુવ્રત અને સાધુને મહાવ્રત હોય છે તે પાલન કરવાનો યોગ સેવવો કે જેથી આત્મકલ્યાણ થાય છે

નિર્જરાતત્ત્વ એટલે કે આહાર ત્યાગ કરવા, થોડા કોળિયા ઓછુ જમવુ, આજીવિકાનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી સક્ષેપ કરવો, તથા અભિગ્રહ કે નિયમ સેવવો, ઘી, દૂધ, દહી, છાશ, તેલ

વગેરે વિગયનો ત્યાગ કરવો લોચ કાઉસ્સગ્ગ વગેરે કાય કલેશ કરવા, અંગોપાંગ સવરવા—કબજે રાખવા એ છ બાહ્ય તપ છે તથા અપરાધની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત ગુણવતની ભક્તિ કરવી, અને આશાતના દૂર કરવી તે વિનય, આહાર વગેરે લાવી દેવો આચાર્ય વડીલની ચાકરી કરની તે વૈયાવચ્ચ ભણવુ-ભણાવવુ શંકા સમાધાન કરવા, ભણેલુ ફરી ફરીને યાદ કરવુ, અર્થ વિચારવો અને ધર્મોપદેશ કરવો તે સ્વાધ્યાય, આર્ત્ત રૌદ્ર ટાળી ધર્મ શુક્લ ધ્યાન ધ્યાવા તે ધ્યાન અને પરવસ્તુનો ત્યાગ કરી કર્મક્ષય નિમિત્ત કાઉસ્સગ્ગ કરવો તે કાયોત્સર્ગ કહેવાય છે આ છ અભ્યતર તપ છે, તે આત્મકલ્યાણ માટે નિરતર આદરવા

બધતત્ત્વ એટલે ચારભેદ યુક્ત કર્મબધ છે તે પૈકી પ્રકૃતિ બધ એટલે કે કર્મનુ સ્વભાવ પરિણમન, સ્થિતિબધ તે કર્મનુ ક્ષય પરિણમન, અનુભવ બધ તે કર્મનુ તીવ્ર મદાદિરસ પરિમાણ અને પ્રદેશબધ તે કર્મપુદ્ગળના પ્રદેશ પરિમાણ સ્વરૂપ છે તે ધ્યાનમા લેવા

મોક્ષતત્ત્વ એટલે કે નવભેદ વડે મુક્તિની વિચારણા કરવી તે એક સત પદપ્રરૂપણાદ્વાર એટલે કે મોક્ષની અદર છતાપદની પ્રરૂપણા દ્રવ્ય પ્રમાણ દ્વાર એટલે કે જીવદ્રવ્ય કેટલા છે તે વિચારવુ ક્ષેત્રદ્વાર એટલે કે સિદ્ધને અવગાહના ક્ષેત્ર કેટલુ છે તે વિચારવુ સ્પર્શના દ્વાર એટલે કે કેટલા આકાશ પ્રદેશને સિદ્ધના જીવ સ્પર્શે તે વિચારવુ, કાળદ્વાર એટલે કે સિદ્ધનો કાળ આદિ અનત છે તે જાણવુ, અતર્દ્વાર એટલે કે સિદ્ધને વિષે અતર નથી ભાગદ્વાર એટલે કે સિદ્ધના જીવ સસારી જીવના કેટલામે ભાગે છે તે ચિતવવુ ભાવદ્વાર એટલે કે ક્ષાયિકાદિ પાચ ભાવથી સિદ્ધના જીવ કયા ભાવે

છે તે જાણી લેવુ અને અલ્પાબહુત્વદ્વાર એટલે કે સિદ્ધના ૫દર ભેદમાથી ક્યામા થોડા જીવ અને કેટલામા વધારે છે તે વિચારવું કે જેથી આત્મકલ્યાણ હાજર થાય

આ નવે તત્ત્વો જે મનુષ્ય જાણે તેને સમકિત થાય છે અને અપવાદે પણ જો જીવાદિ નવેતત્ત્વનો અજાણ હોય તો પણ તેને વિષે આસ્થા રાખે તો તેને સમ્યકૃત્વ છે એમ સમજી લેવુ સમકિતની પ્રાપ્તિ એજ ભવભ્રમણાનો અત છે, માટે નવેતત્ત્વોનુ સપૂર્ણ જ્ઞાન મેળવવુ કે જેનાવડે પરમસુખની પ્રાપ્તિ થાય

પ્રથમ શ્લોકના બે પદરૂપ પૂર્વાર્દ્ધનુ વિવેચન સક્ષેપ માત્ર કરી હવે ઉત્તરાર્દ્ધનુ વિવેચન કરવામા આવે છે કે–જ્યારે તુ તારા પોતાના આત્માને પૂર્ણ સ્વરૂપથી ઓળખીશ એટલે કે આત્મા એ શુ પદાર્થ છે ? એ ક્યાથી આવ્યો છે ? ક્યા જવાનો છે ? સસાર અદર આત્માની કેટલી સ્થિતિ છે ? અને શુ શુ કરણી સેવન કરવા વડે પોતાના કલ્યાણનો માર્ગ હાથ કરી શકે છે ? વગેરે વગેરે પૂર્ણપણે ધ્યાનમા લેવાનુ છે

આત્મા એટલે કે દશ પ્રાણ ધારક અનત પરમાણુવત, અનેક ગુપ્ત શક્તિયોવત અને મન બુદ્ધિ ચિત્ત અહકારની રૂપરેખા યુક્ત જ્ઞાન વગેરેથી અલકૃત જીવ (અમગ રૂપ છે) તે અનતા કાળથી આ માયામયી સસાર–ચક્ર અદર પરિવર્ત્તન કર્યા કરે છે. તથા જન્મ જરા મરણ સેવી ભવભ્રમણાનો અનુભવ મેળવ્યા કરે છે જીવ અવિનાશી છે, શરીર ક્ષણભગુર છે, અને ત્રિકરણ શુદ્ધિ સાથ દેવ ગુરૂ ધર્મરૂપ ત્રણ તત્ત્વની યોગ્ય ઉપાસના વિના ભવમા ભટકયા કરે છે, આત્માને નિરતર વિચારવુ યોગ્ય છે કે હુ કોણ

છુ ? ઉત્તમ જીવ છુ ? છતા ધર્મની ઉપાસના મત્ય મન વડે ન કરવામા આવતા સિદ્ધ પદ પામ્યા વિના મસારી જીવ ગણાઇ રહેલ છુ જો આત્મા મન, વચન, કાયા વડેની પૂર્ણ વિશુદ્ધિ સહિત સદાચાર સેવી સદ્ધર્મારાધના અદર લીન થાય તો કર્મોના જ ડકા ,છે તથા હુ કયાથી આવ્યો છુ એટલે કે ચોરાશી લાખ જીવાયોનિ રૂપ અપાર સસાર અદર દુ ખ સુખ અનુભવતો અનત કાળથી ફર્યા કરૂ છુ અને એવી જ રીતે આ જન્મમા અત્ર આવ્યો છુ ? પરતુ અત્રશુ કરવાની ખાસ જરૂર છે તે સર્વથી પહેલા ધ્યાન વિષે લેવા લાયક છે એટલે કે સદાચાર સેવી પરમ શ્રદ્ધા ભક્તિ યુક્ત દેવ ગુરૂ ધર્મની આરાધના કરવી શમ દમ, સયમ જપ, તપ, વ્રત, દાન, દયાદિ ઉત્તમ પ્રકારે પાલન કરવા નિ સદેહતા સાથ અડગવૃત્તિ પૂર્ણ આત્મોદ્ધારક ઉત્તમોત્તમ ભાવનાઓ ભાવવી પાપસ્થાનકોનો સર્વથા ત્યાગ કરવા એટલે કે પ્રાણાતિપાતાદિ અઢાર પાપાચરણનો અને પદર કર્માદાનનો વ્યાપાર કેવળ બધ કરવા અને પુન્ય પરપગાને શ્રદ્ધા, અગર્વતા તથા દૃઢભાવના સમેત ઉપયોગમા લેવી કે જેથી આનદ મગળ રૂપ સુગતિનો સમાગમ સાનિદ્ધ થાય

જાણુવાની વિશેષ અગત્ય છે કે–દેવતાઓ પણ માનવજન્મની અત્યત ઉત્કટ ઇચ્છા ધરાવે છે, કેમકે કાયાનુ કલ્યાણ કરવાના માર્ગ એ ભવની અદર ખુલ્લા છે તેમ જ સર્વ પ્રાણી વર્ગ અદર માનવજન્મ અને તેમા પણ આર્ય–પવિત્ર દેશ–પુણ્યભૂમિ ધર્મક્ષેત્ર અદર સારા શહેરમા, ઉત્તમ અહિસાધર્મમય કુળમા. વિદ્યા–કળા–વિનય–વિવેકાદિ સદ્દગુણ–સદાચાર–સદ્ધર્મવત આસ્તાપૂર્ણ અને તત્ત્વ સહિત રત્નત્રયી આરાધનાનો અતરાય વગર સયોગ તેમ જ ધન ધાન્ય ક્ષેત્ર હાટ બાગ ગામ ભેશો વાહનો નોકર

ચાકર સ્ત્રી પુત્ર પરિવાર ઇજ્જત યશ આદિ સકળ સપત્તિની છત મળવી અત્યત મુશ્કેલ છે છતા માનવજન્મની સર્વ સાનુકૂળતા સાથ પ્રાપ્તિ થવી એ પૂર્વ પુન્યની જ પ્રબળતા મનાય છે તો એવા માનવજન્મ અદર શક્ત્યાનુસાર શરીર, ધન, બુદ્ધિ ઇત્યાદિને સદુપયોગ, તિર્થયાત્રા, સુપાત્રેદાન, અતિથી–અભ્યાગત–દીનહિનનુ સન્માન, પરોપકાર, જીવદયા, રોગીની સુશ્રુષા, અને સાર્વજનિક હિત સાચવવા કાળ ધનની સફળતા કરવી તથા સર્વાંગ સુદર દયામય ધર્મનુ અખડ આણા યુક્ત પાલન કરી જીવન ધન્યાતિધન્ય કરવુ એજ પ્રશસ્ત છે

ઉપર કહેવામા આવ્યુ તેથી સર્વ વિપરીત સયોગ હાજર હોય તો માનવજન્મ, અધિકાર ધન આદિ સર્વ ન્યાય નીતિ સદાચાર સેવન વિના વ્યર્થ જ છે માનવભવ પામી ધનની છનાછન વડે દુર્વ્યસનો–દુરાચાર સેવવામા રૂચિ રહેવી, કામવાસનામા મશગુલ બનવુ, મોજમજામા રસબસ રહેવુ અને અમૂલ્ય જીવનનો લાભ જાણી બુઝી ગુમાવવો એ અધર્મ પાપોદયની જ નિસાની છે, માટે જેમ બને તેમ સમય સાધ્ય કરી જીવન પરમ પાવન કરવા સદાચાર સહિત ધર્મસાધન વડે આત્મકલ્યાણ કરવુ એજ ઉત્તમોત્તમ છે

તન, ધન આદિ સકળ વસ્તુ નાશવત છે અને અસાર સસાર પણ નાશવત છે તો નાશવત સપત્તિનો લાભ લેવા તત્પર રહેવુ કે જેથી પરમ સુખ પ્રાપ્ત થાય છે

સમીપમા આવેલી સિદ્ધિ પણ માઠા અધ્યવસાયથી બીજી તરફ જતી રહે છે, કારણ કે આદર ન કરનારા માણસ પાસે કોણ ટકી શકે ? ।

દેશાતર જનાર પણ રસ્તામા પોષણ માટે ભાતુ રાખે છે, તો બુદ્ધિવત માનવે પણ પરભવની અન્દર સુખ પ્રાપ્ત થવા ધર્મ-સાધન રૂપ ભાતુ તૈયાર કરી રાખવુ કે જેથી ઉભય જીવન સાર્થક થાય

વ્યાપારી પણ વ્યાપારની વસ્તુથી કેટલો લાભ મળ્યો તે જાણવા આતુર રહે છે, તો પોતાના જીવન માટે પણ વિચારવાની આવશ્યકતા છે કે હુ ખાલી હાથે આવ્યો છુ, ખાલી હાથે જવાનુ છે અને અહિયાથી કોઈ ધર્મસાધન વડે લાભ મેળવી આવ્યાનો ફેરો સફળ કરતો નથી તો મહા ધર્મરાજ મનાઇશ કેમકે ક્યાથી આવ્યો, શુ કર્યું, શુ લાભ મેળવ્યો અને હવે ક્યા જઇશ કે ત્યા સુખ હાજર રહેશે એ વિચાર કરવા યોગ્ય છે જીવન વ્યાપાર કે જે મહાન્ અમૂલ્ય છે, છતા તેમા બેદરકારી કરી લાભ ગુમાવી દેવો એ કેટલી બધી ભૂલ છે ! માટે સુજ્ઞ આત્મકલ્યાણ જિજ્ઞાસુ માનવાએ જીવનવ્યાપારની સફળતા મેળવવી કે જેના વડે પરમ સુખ પ્રાપ્ત થાય ૧

यदा हिंसां परित्यज्य कृपालुस्त्वं भविष्यसि ॥
मैत्र्यादि भावानां भावान् तदा ते परमं सुखम् ॥ २ ॥

શબ્દાર્થ—હે જીવાત્મા ! જ્યારે તુ જીવહિંસાનો ત્યાગ કરીશ અને મૈત્ર્યાદિ ભાવના ભાવીને દયાળુ થઇશ ત્યારે તને ઉત્કૃષ્ટ સુખ થશે ૨

સ્પષ્ટાર્થ—જે પ્રાચીન સમયથી પરમ પ્રશસનીય સનાતન ધર્મ કે જે દશ લક્ષણોથી અલકૃત છે, તેમાથી હે જીવાત્મા ! જે આર્ય્ય મનુષ્યોને આચરવા યોગ્ય છે અને જેમા જરા પણ પાપાચરણુન હોય તે કર્મ સેવન અદર સર્વથી પહેલા સર્વ સૂક્ષ્મ અને

મોટા જીવોની હિંસા ન કરવી એજ પરમ હિતકર માર્ગ છે એટલે કે પ્રત્યેક જીવ તરફ રહેમિયત રાખવી એજ અહિંસા છે. વિશ્વભરના તમામ પ્રાણિઓને નિરંતર પ્રતિપળે ક્ષમા બક્ષવી અને તેમની પાસેથી ક્ષમા યાચવી, કેમકે સર્વ જીવ આપણા સાચા મિત્ર છે, જેથી જરા પણ કોઇની સાથે વૈર રાખવુ યોગ્ય નથી બીજા જીવને સુખ શાતા મળવી તે જ પુન્ય અને બીજા જીવને કિલામના-તકલીફ ઉપજવી તે પાપ મનાય છે. પ્રાણિ માત્રને આપણી પેઠે જ જીવવુ વ્હાલુ છે. માટે આત્માનુ શ્રેય ઇચ્છનાર માનવોએ કદિ પણ અહિંસાનુ શરણુ છોડવુ નહી સર્વ પ્રકારના દાનોની અંદર અભયદાન-પ્રાણદાન-ઉત્તમોત્તમ છે અહિંસા એ જ ઉત્તમ ધર્મ છે! અહિંસા એ જ ઉત્તમ દાન છે, અને અહિંસા એજ પ્રાણિમાત્રના પ્રાણોનુ સર્વ રીતે સંરક્ષણ કરવુ તથા બચાવવાના ઉપાયો હાથ ધરવા એ જ પરમ પાવન ધર્મરૂપ તપ છે! પ્રાણિ માત્રને મરણ અપ્રિય છે કે મરણને આવેલુ જોતા જ ધ્રુજરી છુટી મોતીઆ ફુટી આવે છે! તાત્વિક બુદ્ધિથી વિચરતા પણ સમજાય છે કે હિંસા કરનારાઓને પણ પોતાના વ્હાલા પ્રાણિનુ ખૂન કર્યું હોય તેના પર અરૂચિ થાય છે, દ્વેષ આવે છે, જેથી સાબિત થાય છે કે જો હિંસા એ યોગ્ય હોત તો તેને ખૂન-હિંસા કરનાર તરફ અણગમો યા ગુસ્સો પેદા થાત જ નહીં અને જ્યારે તિરસ્કાર ઉપજે છે તો તે નિંદવા લાયક જ છે! જૂઠ બોલનારાને પણ જાઠા માણસ પર ગુસ્સો આવે છે, જેથી જાઠ ત્યજવા યોગ્ય જ છે! ચોરી કરનારને પણ પોતાની ચીજ ચોરનાર પર નફરત ઉપજે છે, માટે તે મુકવા લાયક છે! વ્યભિચારીને પણ પોતાની સગી સ્ત્રી પર બદનિગાહ કરનાર ભણી તિરસ્કાર કરવામાં આવે છે, જેથી

ને પણ ખગાબ છે ! અપવિત્ર—મેલા ઘ્હેલા—ગદા રહેનારને પણ ગદા જાણી પ્યાર ઉપજતો નથી, જેથી સમજાય છે કે પવિત્રતાજ વખાણવા લાયક છે પાચ ઇદ્રિઓ છુટી મુકનાર પણ પાચે ઇદ્રિઓના લોલુપી તરફ અણગમો બતાવે છે, કેમકે ઇદ્રિયો મોકળી મ્હેલવી તે અત્યત હાનિકારક છે ! પારકાનો ઉપકાર ન કરનારાઓની પણ બીજાના ઉપકાર કરવાની વૃત્તિ તિવ્ર રહે છે ! નિર્દય જન પણ બીજાની દયા યાચે છે અર્થાત્ પોતાનો નાશ કરવા આવનાર પાસેથી દયા પ્રાર્થે છે જેથી દયા અમૂલ્ય જણાય છે ! મન મોકળુ મકનાર પણ અન્યનુ શાત મન નિહાળી હુલસિત થાય છે, અને ક્ષમા ન રાખનાર પણ શત્રુ તરફથી ક્ષમા માગે છે, કેમકે ક્ષમા માગવાથી પોતાનો જાન બચે છે ! આ દર્શનીક પુરાવાઓ પરથી ચોખી વાત સમજાય છે કે એ બાબતો નર નારી વૃદ્ધ તરુણ આબાલને અવશ્ય આચરવા યોગ્ય જ છે ! જો યોગ્ય ન હોત તો તેના ભણી અણગમો જ પેદા થાત માટે દયા લક્ષણ યુક્ત સનાતન ધર્મ ઉત્તમ છે, જે માનવો જીવનો વધ કરે છે અને તે વડે પોતાનુ પાપી પેટ ભરે છે તે મહા અધમાધમ છે ! કેમકે શાક, અનાજ, ફળ કદ, દૂધ, વગેરેથી પોતાનુ જીવન ગુજારે છે તેનાથી વિરૂદ્ધ વર્ત્તનાર હિંસક પર જીવના માસથી ભૂખ શાત કરે છે તે તેવા પ્રાણિયોની પોતાના પેટમા કબર બનાવે છે જીવ જીવનુ ભક્ષણ કરી જીવવુ એ કરતા જીવ જીવનુ રક્ષણ કરી જીવન વ્યતીત કરવુ તે અતિવ સ્તુત્ય છે ! બીજા અજ્ઞ જીવોની અદર વિવેક—જ્ઞાનની ખામી હોવાથી જ મનુષ્ય અન્ય પ્રાણિયો કરતા શ્રેષ્ઠ મનાય છે ' જે વિવેક વગરના હોય તે તો પશુ સમાન જ છે ! એક જીવનો પ્રાણ લઈ એક જીવ પેટ ભરે છે અને થોડી વારની તૃપ્તિની લહેજત મેળવે છે તે

વિવેકની મર્યાદા બહાર છે! જગ સુખને વાસ્તે નિર્દોષ જીવોની હિંસા કરી તેમનુ જીવન ભરનુ સુખ છિનવી લેવુ એ સર્વથા મૂર્ખતા જ છે! અને પાપાચરણ પૂર્વ પ્રવૃત્તિ છે જીવ માત્રને ખુસાલીની ચાહના હોય છે તેમને પોતાના મડળમા રહેવુ ગમે છે-વિયોગથી નારાજ થાય છે અને મોતનુ અસહ્ય દુખ વેઠવું પડે છે! માટે યત્ન પૂર્વક હમેશા સૂક્ષ્મ અને બાદર-મોટા જીવ જનાવરો વગેરે જીવ માત્રનુ કુશળ ચાહી અહિંસા ધર્મનુ પાલન કરી જીવના કલ્યાણ અર્થે નિષ્પાપ રહેવુ

એક ઠેકાણેથી જીવને તેની મરજી વિના આપણે (તડકેથી છાંયે) મકિયે તો પણ તે જીવને તકલીફ થાય છે જેથી ઠાણા ઉઠ્ઠાણ સકામિયા વગેરે હિંસાના ભાગાનો અતિચાર લાગે છે પોતાના પાળેલા પશુઓને મારવા, મજબૂત બધથી બાધવા, ક્રોધ આવવાથી ભૂખ્યા રાખવા, મોડા વ્હેલા ચાર પાણી નીરવા, વાછરડાને દૂધ પુરૂ ન પીવા દેવુ, શિગડાઓના ખોળા ઉતરાવવા, ખાસી કરી આખલાના બળદ બનવરાવવા, અકાવવા, ડાભ દેવરાવવા, હદથી વધારે ભાર લાદવા-ભરવો, દૂઝણા લાયક કે કામદેવા લાયક ન રહે કે તુરત કસાઇને ત્યા વેચી દેવા અને માદે થાકયે જોઇએ તેવી સાર સભાળ ન લેવી એ પણ હિંસામાજ લેખાય છે અહિંસા એ સર્વ વ્રતાદિ ધર્મનુ પરમ રહસ્યભૂત છે પ્રાણી માત્ર પર દયા રાખવી જેથી શાસ્ત્રમાત્ર ભણ્યાનો લાભ મળે સઘળા વ્રત પચ્ચખ્ખાણ કર્યા, તિર્થ-ભૂમિયો સ્પર્શી અને અનેક ઉત્તમ કાર્ય કર્યા ત્યારે જ ગણાય કે જ્યારે તે સર્વ હિંસા રહિત કરવામા આવ્યા હોય! જીવહિંસાથી જીવ અનેક જાતિના રોગોનો ભોગ થાય છે સર્વ વાતે દુખી થાય છે, અને નીચગતિનો ભોક્તા બને છે સ્વર્ગનો મોક્ષ

અને વિષ્ટામા વસતો કીડો એ બેઉને જીવવુ તો સરખુ જ વ્હાલુ છે તેમ મરવુ પણ તેટલુ જ દુ ખદાયક છે ! માટે એકેદ્રીય-ઝાડ) વગેરેથી માડીને પ ચેદ્રીય જીવો સુધા કોઈ પણ જીવ માત્રની હિસા ન કરવી. ધર્મનો હક્ક બનાવી—બાધા માનતા જણાવી—પેટ પૂજાની આકાક્ષા જણાવી અને કોઈ મહાન્ પુરૂષની કે મિત્રની મહેરબાની મેળવવાની ખાતર જીવનુ બલિદાન આપવુ એ ત્રાસ પૂર્ણ જ છે ! કેમકે જે કાર્ય કરવાથી એકનુ જગાવાર માટે પેટ ઠરે કે સતોષ મળે અને બીજાની કમકમાટી ઉપજાવતા પ્રાણનો હાનિ થાય એ કેટલુ બધુ ન્યાય વિરૂદ્ધ છે ! વગર અપરાધે દડ દેવો એ શાસ્ત્રમર્યાદાથી વિરુદ્ધ વાર્તા છે ! વનમા હરતા ફરતા ચરતા પાણીપીતા ને મોજ કરતા હરિણ, સસલા, સાબર, રોઝ વગેરેના પ્રાણ લેવા, પક્ષિયો કે જે પરસ્પર કલોલ કરતા હોય તેમના જાળ પાથરી કે અન્ય ફદથી લલચાવી તેમને પ્રાણસકટમા નાખવા, જળમા વિહાર કરતા માછલા વગેરે જલચારિયોના જાળ અને અકોડીનો ઉપયોગ કરી વ્હાલા પ્રાણ પરલોક પહોચાડવા અને એવાજ બેગુન્હેગાર જીવોના વિવિધ બ્હાના ધર્મના બાધા-માનતાના કે પર્વના આગળ ધરી ગળા કાપવા એ બિલકુલ નિયમ રહિત માર્ગ છે ! ગુન્હેગારને ક્ષમા બક્ષવી એ ઉત્તમ પ્રમશાજનક પ્રકાર છે, નહિકે નિર્દોષિતના પ્રાણ લઇ મકલાવુ ! હિસા કરવાથી સદ્‌ગતી થતીજ નથી, જો જીવહિસાદિક સ્વર્ગ આપતા હોય તો નરક આપનાર કયા કામો રહ્યા ? ! માટે જે રીતે દરેક જીવોને સુખશાતા મળે તે રીતે નિરતર વર્ત્તન રાખી સકળ પ્રાણિની શુભાશિષ મેળવવી એજ હિતકર છે ! ભલુ કરવાથીજ ભલુ થાય છે અને બુરૂ કરવાથી બુરૂ થાય છે એ વાત ચોક્કસ

છે । બાવળના બીજ વાવવાથી આબાના ફળ કદી પણ મેળવી શકાતાજ નથી કરે છે તેવુ ભરે છે વાવે છે તેવુ લણે છે । અને આપે તેવુ પામે છે બીજાના જીવન સુખ ઉપર આપણે બેહકકથી ત્રાપ મારવી તે કોઇ રીતે લાયક નથી આપણા સુખની ખાતર પરને પ્રાણદંડ દેવા એ શુ પાપ નથી ? અગર તે ગેર સમજનુ કૃત્ય નથી ' માટેજ હિસાનો જેમ બને તેમ ત્યાગ કરવો કે જેથી જીવને પરમસુખ પ્રાપ્ત થાય । પ્રાણિયોની હિસાના ૨૪૩ ભેદ છે એટલે કે પૃથ્વી પાણી વાયુ અગ્નિ અને વનસ્પતિ એ પાચે સ્થાવર તથા બેરેદ્રીય, તેરેદ્રીય, ચૌરેદ્રીય, પચેદ્રીય એ નવ પ્રકારના જીવને મન વચન કાયા એ કરી મારતા ૨૭ ભેદ થાય,તેને કરવુ , કરાવવુ અને અનુ-મોદવુ એમ ત્રણે ગુણતા ૮૧ થાય, તે એકાશીને અતીત, અનાગત અને વર્ત્તમાન એ ત્રણ્યે કાળ સાથે ગુણતા ૨૪૩ ભેદ થાય છે (તે વિસ્તારે અન્ય ગ્રથથી જાણી લેવા યત્ન સેવવો) અભયદાન સમાન કોઇ મહાન્ ધર્મ નથી માટે ધર્મની માતારૂપ અહિસા-દયા તેનુ મન વચન અને કાયાએ કરીને અખડપણે પ્રતિપાલન કરવુ હિસા એ પરમ અકાર્ય છે, કેમકે જન્મ સમાન કોઇ વિશેષ હર્ષ નથી અને મરણ સમાન કોઇ શોક નથી । તો પછી હિસામા તો શોકની છત મરણના લીધે હોવાથી હર્ષનો અકુર પણ કયાથી હોઇ શકે । અને જ્યા શોક હોય ત્યા આત્મકલ્યાણનુ સુખ પણ કયાથી પ્રાપ્ત થાય । હર્ષથીજ હર્ષના કારણોને જન્મ મળે છે જ્યા વાજા વાગતા હોય ત્યાજ ગીત ગવાય છે, પણ જ્યા રોવુ કકળવુ, અને રાજીયા ગવાતા હોય ત્યા ધવળ મગળનુ નામજ શાનું હોય ! માટે હિસા હોય ત્યા આનદનો લેશ પણ નજ ઉદ્ભવે । એજ કારણે દરેક સમજુ અને ધર્મપ્રિય ભવભીરૂ માનવો એ

પૂર્ણપણે ધ્યાનમા લઈ હિંસાનો સર્વથા પ્રકાર નિર્દમપણાથી ત્યાગ કરવો

હિંસા ન કરવા માટે ચિત્ત કોમળ રાખવુ કેટલીક વખત હિંસા ન કરવાનુ પોતે માનતો હોય, ઉપદેશ પણ દયામય દેતો હોય અને અહિંસા પૂર્ણ વિચારો સાથ કાળજી પણ દર્શાવતો હોય છતા પોતાને નડનાર કરવાતકી–દુઃખદાયક માકણ ચાંચડ મચ્છર ડાસ માખીઓને કે વિછીને મારવામા કશુ પાપ નથી એમ જાહેર કરે તો તે વ્યાજબી નથી

ચાણાક્યનીતિવાળો કહે છે કે—જે જેવુ કરે તેની સાથે તેવુ કરવુ અને મારે તેને મારવુ તેમા દોષ–પાપ નથી કેમકે દુષ્ટ પ્રત્યે દુષ્ટની પેઠે આચરવુ એ ન્યાય છે । જ્યારે અન્ન વગેરે ભોગકના ખાસ આધારભૂત પદાર્થોને જે જીવડા પન પખી ઉંદર વગેરે નુકશાન લગાડતા હોય, ગાય ભેંશ વગેરેને જે વાઘ વરૂ ફાડી ખાતા હોય તેવા પ્રાણિયોનો નાશ કરવો તેમા પાપ નથી । હણતાને હણવુ એ ન્યાય છે તેમજ શ્રીમદ્ભાગવતના સાતમા સ્કંધના નવમા અધ્યાયમા કથન કર્યુ છે કે, વિછી તથા સર્પાદિક ક્રૂર પ્રાણીયોનો નાશ કરવાથી સત્પુરૂષ પણ હર્ષ પામે છે માકણ મચ્છર–વિછી–સાપ–જુ–લીખ–જુવા–ઉંદર વગેરે નુકસાન કરનાર લોહી પીનારા, સુખશાંતિની આડે આવનાર જીવોને મારવામા પાપજ નથી,' પરંતુ એ કહેવુ અહિંસા ધર્મ મર્મથી તદ્દન વિરૂદ્ધ છે ન્યાય સમય દયાને માન આપવુ અને વખત આવ્યે હિંસાને પણ સન્માન દેવુ એ આત્મકલ્યાણેચ્છુજનોનો ધર્મ નથી, કેમકે પ્રાણ સર્વને સમાન વલ્લભ હોય છે મરણ સઘળાઓને અપ્રિય છે । શત્રુ અને મિત્રને સમ દૃષ્ટિથી જોવા એજ ધર્માત્માઓનુ

કર્ત્તવ્ય કર્મ છે ' જ્યારે મિત્રને મૈત્રી તથા કરૂણા ભાવનાથી આનંદ આપી મોજ સમર્પે અને શત્રુને સંતાપી પ્રાણ લે એ કંઇ યોગ્ય નથી. કરૂણાળુ ચિત્ત દરેક પ્રાણિ તરફ રાખવુ અને નડનારા કે હિતકરનારા જીવો પર સરખી ભાવના જાળવવી એનુ જ નામ સર્વાંગ પૂર્ણ દયા છે દરેક પ્રાણી ગુણ અવગુણમય છે, એટલે કે નિરૂપયોગી ને નડનારા માનિયે છિયે તે ઘણા ફાયદા આપનારા પણ હોય છે જેમકે સાપ પ્રાણ લેનાર છે છતા એના અંગમા પ્રાણ બચાવનાર મ્હોરો પણ છે, તેમ તેના હાડકા કાચળી ચરબી વગેરે કંઠમાળ કુષ્ટ વગેરે નિર્મળ કરનાર પણ છે સોમલ પ્રાણ લેનાર છે તેમ પ્રાણ દેનાર પણ છે, કમકે તાવ નિર્મળ કરનાર, ખોરાક પચાવનાર શકિત આપનાર, ભૂખ લગાડનાર અને જ્ઞાનતંતુઓને તુષ્ટિ પુષ્ટિ આપનાર છે માટે દરેક વનસ્પતિ, દરેક ઝેરી વસ્તુઓ અને દરેક ઘાતકી નડનારા પ્રાણીઓને પણ ઉપયોગી પણાની લાગણીથી બચાવવા તથા તેમનો કોઇ પણ રીતે ઘાત થાય કે દુખ થાય તેવુ કંઇ કૃત્ય કરવુ નહી તેનુ જ નામ અહિંસા અને દયાળુ ચિત્ત ગણાય છે માટે જ કરૂણાળુ હૃદય કરી, લોકોને દેખાડવા, યશ મેળવવા કે ધર્મને બ્હાને લોકોને ધૂતવાની જાળ પાથરવા નહી પણ મન વચન કાયાની વિશુદ્ધતા યુક્ત અહિંસા ચિંતવવી કરવી નહી, કરાવવી નહી, ઉપદેશ જાહેર કરવો નહી અને હિંસાના કારણને પ્રશંસવુ પણ નહી, એજ ઉત્તમોત્તમ ધર્મ મર્મ છે। મૈત્રી, કરૂણા, પ્રમોદ, વગેરે ભાવનાઓ વડે તે સકળ જીવો ભણી ઉચ્ચ દયા સેવી આનંદમય રહેવુ કે જેથી પરમ સુખ પ્રાપ્ત થાય છે

એટલે કે આ જગતમા કોઇ પણ જીવ દુખી કેમ છે ? તથા કોઈ પણ જીવ પાપ કેમ કરે છે ? સંપૂર્ણ જગતને મોક્ષ પ્રાપ્તિ

થાય તો સારૂ, એવી જે મતિ તે મૈત્રી ભાવના તથા ડરી ગયેલા, રોગથી પીડાયેલા, દીન અને લીન થયેલા એવા પોતાના જીવિતના અર્થી લોકોની વાછા શક્તિ માફક પૂર્ણ કરવી તે કરૂણા ભાવના, તેમજ દોષ રહિત આચરણુ કરનારા અને ધર્મના સર્વ સ્વરૂપના જાણુ એવા સત્પુરૂષોનો જે ગુણુ ઉપર રાગ રાખવો તે પ્રમોદ ભાવના અને મોહથી ધર્મનો દ્વેષ કરનારા, બ્હીક ન રાખતા પાપ કરનારા તથા પોતાના પોતાને મોઢેજ વખાણુ કરનારા એવા લોકોની ઉપેક્ષા કરવી એટલે તેમની તરફ ધ્યાન ન આપવુ તે મધ્યસ્થ ભાવના, તેમજ અનિત્યાદિ બાર પ્રકારની બીજી ભાવનાઓ કે જેનુ વર્ણન અગાડી આપવામા આવેલુ છે તેનુ શરણુ લેવાથી પરમ સુખ અવશ્ય પ્રાપ્ત થાય છે એમા કશો શક નથી ૨

न भाससे मृषां भाषां विश्वविश्वासघातिनी ॥
सत्यं वक्ष्यसि सौहार्दं तदा ते परमं सुखम् ॥ ३ ॥

શબ્દાર્થ—હે પ્રાણાત્મન! જ્યારે તું જગતના વિશ્વાસને ઘાત કરનારી જૂઠી વાણિનો ઉપયોગ નહીં કરીશ ત્યારે તથા મિત્રરૂપ સત્યવાણી સદૈવ બોલીશ ત્યારે જ સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થશે ૩

સ્પષ્ટાર્થ—જૂઠી વાણી એ જગતના જનોને વિશ્વાસનો ઘાત કરનારી છે, કેમકે વચનપર વિશ્વાસ રાખનારને જૂઠાની વાણીથી રાખેલા વિશ્વાસનો નાશ થાય છે, કેમકે તે બોલેલુ પાળતો નથી જેથી પાર વગર વખતપર નુકશાન થાય છે જૂઠાનો કોઇ પતિયાર

રાખતુ નથી વિશ્વના વિશ્વાસઘાત રૂપ જૂઠ હોવાથી દરેક માનવને અહિત કરનાર નિવડે છે. જૂઠ ક્રોધને લઇને તથા માનને લઈ, કપ-ટને લઈ, લોભને લઇ બોલવામા આવે છે. તેમજ સિફારસ, લાજ અને ક્રીડારસને લઇ જૂઠનો ઉપયોગ થાય છે તથા રતિ, અરતિ, વાચાળતા, દાક્ષિણ્યતા અને વિકથાદિકના યોગને લઇ જૂઠનો આસરો લેવાય છે જે વચનપ્રયોગથી બીજા મનુષ્યને દુ ખ લાગે તે સત્ય વચન હોય તોપણુ જૂઠમા જ લેખાય છે એટલે કે કોઇના સ્વા-ર્થને મોટી હાનિ પહોચતી હોય, વ્યાપારને અપાર ધોખો લાગતો હોય, કોઈના પ્રાણુ સ કટમા પડતા હોય અને દેવાલય, દેવ, ધર્મ-સ્થાન, ધર્મગુરૂ આદિકને નુકસાન પહોચતુ હોય તો તે સાચી વાત કહેવા છતા પણુ જૂઠની જ ગરજ સારે છે

કેટલાક ગ્ર થો તો કહે છે કે ઉપરોક્ત બાબત અદર અસત્ય બોલવામા આવે તો તે દોષ ન ગણુતા સત્ય રુપજ મનાય છે, માટે એવે પ્રસ ગે જૂઠનો ડર ન રાખતા પરિણામે લાભ થાય તેમ કરવુ. નુકસાની થોડી અને લાભ અત્ય ત હોય તો તે વ્યાપાર પ્રશ સનીય છે

જૂઠ બે પ્રકારનુ હોય છે એટલે કે સૂક્ષ્મ અને સ્થૂળ એમ બે છે લોકવિરુદ્ધ અને રાજ્યદ ડ ભય પેદા થાય તે સ્થૂળ જૂઠ કહેવાય છે અને જેના વડે દ ડ ભય ન થાય, પણુ ગતિ બગડે અને ધર્મ-માર્ગની આડે આવે તે સૂક્ષ્મ જૂઠ મનાય છે, અથવા તો મશ્કરીને લઈ જે જૂઠ બોલાય તે પણુ સૂક્ષ્મ અને અનહદ કઠોર તિવ્ર ક્લેશ-કારક વચન બોલાય તે સ્થૂળ જૂઠ કહેવાય છે

શ્રાવક ગૃહસ્થને સૂક્ષ્મ જૂઠની જયણા છે તેનુ પચ્ચખ્ખાણુ નથી મોટા જૂઠ બોલવાની ખાસ મના છે જે વચન બોલવાથી

સ્વપરને અત્યત વ્યાઘાત–સખ્ત લાગણી દુભાય તે સ્વાર્થના અગે કે નિઃસ્વાર્થના અગે બોલાય તેવુ જૂઠ ન બોલવુ

સ્થૂલ જૂઠના પાચ ભેદ મોટા છે એટલે કે કન્યાનુ વેવિસાળ–સગાઇ જોડવા વખતે કન્યા રુપાળી–ગુણવાળી–મોટી ન હોય છતા પણ તેને રુપ ગુણ સપન્ન ઉમર લાયક વાત બતાવી ડસાવવી તે કન્યાલીક કહેવાય છે તથા ગાય ભેશ વગેરે થોડુ દૂધ દેતા હોય છતા બે રોજનુ દૂધ એકઠુ કરીને દૂધ વધારે દેખાડી તથા ઘોડા વગેરેની ઉમ્મર વધારે છતા ઓછી બતાવવા દાતોનો રગ બદલી નાખી, દારના માલેશથી રૂવાટીની ચમકાટી બતાવવી તથા ગુદાની અદર લાલ મરચાની ગોળી દાખલ કરી વધારે પાણીદાર બતાવી, તેમજ બળદ ઘોડાને ખારેક ખવડાવી તેજદાર જણાવી ન્હાની ઉમર હષ્ટ પુષ્ટતા દર્શાવી પૈસા પેદા કરી લેવા તે ગવાલીક કહેવાય છે જે જમીન મદ પેદા થાય તેવી હોય છતા રસાળ ફળદ્રુપ દેખાડી વેચવી તે ભૂમ્માલીક કહેવાય છે તેમજ પારકાની થાપણ બદદ્યાનત વડે ઓળવવી અને ખોટી સાક્ષી લાચ લઇ પૂરવી તે પાચ મોટા જૂઠ ગણાય છે

એક ભાનુ નામના પડિતવર્યે એક ચાડાલિનીને ખોપરીમા ભરેલુ પાણી છાટતી જોઇ તેણીને (પડિતે) પૂછ્યુ કે –'એક તુ ચાડાલિની છે, વળી તારા હાથમા અપવિત્ર ખોપરી છે, તેમજ દારુ માસ સેવનારી છે, છતા આ પાણી કઇ પવિત્રા માટે છાટી રહી છે' તારી પાસેની સઘળી ચીજો અને સાધન અપવિત્રતામય છે' ચાડાલિનીએ ઉત્તર આપ્યો કે –'જે મિત્રનો દ્રોહ કરે છે, કર્યા ગુણને ભૂલી જાય છે એટલે ઉપકારનો બદલો અપકારથી વાળે છે, જૂઠી સાક્ષી પૂરે છે, અને ભારે ગુસ્સો રાખે છે તેઓ કર્મચાડાલ જાણવા

હુ તો જાતિ ચાડાલ છુ એથી કર્મચાડાળ મહા દુષ્કર્મી અપવિત્ર હોય છે, તો તેઓ જે માર્ગે ચાલ્યા હોય છે તે માર્ગ અપવિત્ર થાય છે જેથી હુ આ જળ છાટી પવિત્ર કરૂ છુ ' એ સાભળી પડિત પણ સ્તબ્ધ થઇ ગયો અને સમજ્યો કે કર્મચાડાલ મહાપાપી હોય છે જૂઠી સાક્ષા પૂરનાર વગેરે નીચ કૃત્ય કરનાર મનાય છે. જેથી ભગીથી પણ વિશેષ અપવિત્ર છે

કોઈને હૃદય આરપાર નિકળે તેવા અપાર ગુસ્સા ભર્યા કે હસતા રમતા મ્હેણા ટોણા બોલવા કે જે સાભળતા સાભળનાર ગુસ્સામા જ્ઞાનભાન રહિત બની અઘટિત કૃત્ય કરી બેસે છે તથા ખોટી-ખરાબ સલાહ આપવી, ખોટા દસ્તાવેજ-ખોટા લેખ કરવા, છાની વાત ખુલ્લી કરવી, ધ્રાસકો પડે તેવી કે નુકસાન થાય તેવી અવિચારી વાત કહેવી, સ્ત્રીએ પુરુષના અને પુરુષે સ્ત્રીના મર્મ પ્રકાશવા-એક બીજાના દુર્ગુણ દર્શાવી નિદા કરવી, અપશબ્દ બોલવા (ગાળો બોલવી), બોલવામા વિચાર ન રાખવો અને પરને હાનિ થવાની જરાપણ બીતિ ન રાખવી તે પણ અતિ હાનિકારક જૂઠ છે, તેમજ કોઇને ખોટુ કલક લગાડવુ, ચાડી ખાવી, વાતનુ રૂપ ફેરવીને વાત પ્રકાશવી, દોસ્તી ભગ થાય તેવી વ્હેમી વાણી દર્શાવી શકા પેદા કરવી, અને અન્યનો સ્વાર્થ નાશ થાય તેવી વાણી સ્વાથ વગર બોલવી તે પણ મૃષાવાદ રૂપ જ છે

સામુદ્રિકના નિયમ મુજબ સર્વ શુભ લક્ષણ પૂર્ણ શરીર હોવા છતા જો એક કાગડાના પગનુ ચિહ્ન હોય છે તો તે અપલક્ષણને લીધે બધા શુભ લક્ષણો પર પાણી ફરી વળે છે ખોરાક અમૃત સમાન છતા તેમા સાપની લાળ કે હાળાહળ ઝેર ભળી ગયુ હોય તો તે અમૃત વિષરૂપ જ થઈ રહે છે કડવી તુબડીના બીજથી

પુષ્કળ મોટા તુબડા પેદા થવા છતા કડવાસને લીધે નકામા થઇ રહે છે તેજ મુજબ અનેક ગુણ વિદ્યમાન હોવા છતા એક જૂઠ બોલવાનો દુર્ગુણ હોય તો તે બધા સદ્ગુણો દબાઇ જાય છે કેમકે તે જૂઠાનો કોઇ સહવાસ કે વિશ્વાસ રાખવા ચાહતા જ નથી, ત્યા પછી ગુણનો આદર શી રીતે થવા પામે કહ્યુ છે કે–ત્રાજવાની અદર એક પલ્લામા સર્વ જાતના પાપ અને બીજા પલ્લામા ફક્ત જૂઠ જ રાખતા તે જૂઠનુ પલ્લુ નીચુ જાય છે, અર્થાત્ જૂઠ મહા ભારી અનર્થકારી છે ધૂમાડાથી અને કોલસાથી અગ કે વસ્ત્રને શ્યામતા લાગ્યા વગર રહેતી જ નથી માટે જેમ બને તેમ જૂઠ પરિહરી સત્યને સેવવુ કે જેથી લોકપ્રિય થવાય, ઇતબાર વધે, યશપ્રસરે, ધીરધાર વ્યાપારને મદદ મળે અને આ લોક પરલોકમા લાભ હાજર રહે ! હમેશા નઠારા જનોનેજ જૂઠ પસદ હોય છે જગતનો વ્યવહાર સત્યથી જ ચાલી રહેલ છે જ્યા વિશ્વાસ ન હોય ત્યા જૂઠનો પ્રયોગ થાય છે જ્યા જૂઠ વપરાય છે ત્યાથી વિશ્વાસ કૂચ કરી જાય છે. જૂઠ નઠારી વાસનાનુ રહેઠાણ છે ! ઉન્નતિને અટકાવનાર પણ જૂઠ જ છે ! અનેક અડચણોને જન્મ આપનાર પણ જૂઠ જ છે ! પરાયાને ધૂતવાની શક્તિ ધરાવનાર પણ જૂઠ જ છે ! અને ગુન્હેગારીનુ માબાપ પણ જૂઠ જ છે ! માટે જ સુજનો જૂઠનો અનાદર કરે છે જૂઠા જનનો જગતની અદર શકા વિનાનો વ્યવહાર થતો નથી. મત્રાદિ પણ જૂઠથી સફળ થતા નથી. યોગ ભ્રષ્ટ થાય છે, અને સયમાદિક હિતકારક કાર્યો જૂઠ સેવનથી અહિતકારક બની રહે છે માટે મન વચન કાયાની વિશુદ્ધિ સાથ જૂઠ ત્યાગી સત્યનુ સદા શરણ સેવવુ કેમકે સત્ય વડે જગતતત્ર ચાલી રહ્યુ છે, મત્ર યત્ર યોગ વગેરે સત્યને અવલબી રહેલ છે ધધો રોજગાર નોકરી ચાકરી વિદ્યા કળાદિ સર્વ સત્ય સેવવાથી જ કાર્યસિદ્ધિ આપે છે સત્ય સ્વર્ગ

અપવર્ગની પ્રાપ્તિ કરાવે છે અને સત્યથી મન ઇચ્છિત કાર્યોમા થોડા શ્રમે અનંત લાભ થાય છે, માટે સત્ય બોલી જીવન વ્યનીત કરી આત્માનો ઉદ્ધાર કરવો ૩

परपीडां परिज्ञाय यदाऽदत्तं न लास्यसि ॥

परोपकार निरतस्तदा ते परमंसुखम् ॥ ४ ॥

શબ્દાર્થ—હે જીવાત્મા ! જ્યારે તુ પારકાનુ દુઃખ ધ્યાનમા લઇને અદત્તદાન (ચોરી) નો માલ નહીં લઇશ અને બીજાને માટે ઉપકાર કરવામા રકત થઇશ ત્યારેજ તું પરમ સુખ મેળવીશ. ૪

સ્પષ્ટાર્થ—શાસ્ત્રની અંદર સાત પ્રકારના ચોર ગણેલા છે એટલે કે ચોરી કરનાર ૧, ચોરની પાસે (સહવાસમા કે પડોસમા) રહેનાર ૨, ચોર સાથે વિચાર–સલાહ કરનાર ૩, ચોરી કરવાની કળાઓમા પ્રવીણુતા ધરાવનાર અથવા ચોરની છાની વાતોનો જાણુનાર ૪, ચોરીની ચીજ રાખી વેચનાર ૫, ચોરને ખાનપાન પૂરૂ પાડનાર ૬ અને ચોરને રહેવા–છુપાવાના સ્થાન આપનાર, ૭ એઓ ચોર વા ચોરના સંગી–મદદગાર જ મનાય છે

મોટી ચોરી ને ન્હાની ચોરી (સ્થૂળ અને સૂક્ષ્મ) હોય છે, કોઈ વસ્તુ મોઘી હોવાથી તેમા હલકી જાતનો તેજ માલ મેળવી વેચવા ખટપટ કરવી, તેમજ વસ્તુનુ રૂપ ફેરવી ખોટા તોલ માપથી ગ્રાહકને આપવી, તેમજ લેવાના અધિક ને દેવાના કમતી તોલ માપનો ઉપયોગ કરવો, અને ચોરને ૧૮ પ્રકારથી સહાયતા આપવી–એટલે કે ચોરનો ઉત્સાહ વધારવા 'હુ તારા ભેગો જ છુ તુ ગભરાઇશ નહી.' એમ કહેવુ, તથા ભેગા થતા રાજી થઈ કુશળ પૂછવુ ૨,

હાથનો ઉસારો ફરી ચોરી કરવા મોકલવો, ૩, મારી સારી ચીજો ઉચી મૂકી રાખી હલકી ચીજો મોખરે રાખવી ૪, ચોરી કરવાનાં સ્થાન બતાવવા એટલે કે પોતે પહેલા જોઇ આવી ખાત્રી કરી પછી તે ચોરને ઠેકાણાથી માહેતગાર કરવો, ૫, જે રસ્તે ચોર ગયો હોય તે રસ્તો ન દેખાડતા તેનો રાહ પૂછનારને બીજોજ માર્ગ બતાવવો ૬ ચોરને સુવા માટે પથારી વગેરે આપવી ૭ ચોરના પગને કઇ નુકસાન થયુ હોય તો વાહનની સવડ કરી દેઇ ચોરી કરવા મોકલવો ૮ રહેવાને મકાન આપવુ ૯, તેની સેવા ભક્તિ કરી આસન આપવુ ૧૦ ચોરને સતાડી દેવો ૧૧, ચોરને ભાતુ આપવુ ૧૨ ચોરીમા મદદકારી જોઇતી ચીજ પૂરી પાડવી ૧૩, ચોરી કરી ઘેર આવતા થાક ઉતારવા ગરમ પાણી (પગ ધોવા ન્હાવા હાજર રાખવુ ૧૪ તેલ મસલાવવુ, શેક કરવો અને સ્નાન કરાવવુ ૧૫ તડાકામાથી આવતા ઠંડુ પાણી હાજર કરવુ, ૧૭ ઢોર ઢાખર ચોરી લાવતા તેને બાધવા વગેરેના સાધનો હાજર કરવા ૧૭, અને દરેક રીતે પોતે લાભ મેળવે તે ખાતર તેની મરજી સપાદન કરવી. ૧૮ એ આદિ ચોરીનાજ અપવાદ છે વ્યાજના લોભથી, વસ્તુ વિશેષ મેળવવાના ઉદ્દેશથી પોતાની ધારણા પાર પાડવી એ પણ છેતરપડીઠગાઇ છે, તો તે પણ ત્યજવા યોગ્ય છે પ્રપચ બાજીને અમલમા આણવી એ પણ ચોરીનો જ મત્ર છે પારસીમા બોલવુ તે પણ પ્રપચમત્ર છે કહ્યુ છે કે–વણિક અગર વ્યાપારી ગ્રાહક સાથે છૂટા દિલથી વાતચીત કરી હેત બતાવે તો સમજવુ કે તેને વાક્યજાળમા ફસાવવાની ખાતરજ તે પ્રયોગ થાય છે જો મીઠુ મીઠુ બોલી કાળજું ફોલી ખાવા જેવી નમ્રતા બતાવે તો સમજવુ કે તેને વશ કરી વિશ્વાસ આપી પોતાનો સ્વાર્થ સાધવા માટેની પ્રપચપટુતા છે કઇ મીઠી ચીજ ખાવા આપે, સારૂ સારૂ જમાડે, સુવા બેસવાની સગવડતા

જાળવે અને હાજર હાજર રહે તો સમજવુ કે અધિક લાભ (ભાવ) લેવાની ખુબી ઉપયોગમા લેવાય છે, અને ગ્રાહકના જ લાભની બાબતો બતાવી લાભ નહી જેવો મળવા છતા જ્યા ત્યા ઉદ્યોગ ચાલુ રાખ્યા વિના છુટકો જ નથી વગેરે વગેરે સફાઈ બતાવી તેમની ઠઠમઠ સાથ માયા ફેલાવવી એ કલમકસાઇના જ ફ દ છે ! ભાલાનો માર્યો જીવી શકે છે, પણ લેખણ રૂપ ભાલાનો માર્યો કોઇ પણ ઉપાયથી ઉગરી શકતો જ નથી બિલાડી–સિંહ–સર્પ–દગાબાજ જ્યારે શિકાર કરવા ધારે છે ત્યારે પાછા હઠી નમ્રતાનો ભાવ જણાવી પ્રાણ લે છે, વણિક પણ તે જ મુજબ તરવારની તીણી ધારપર ચાસણી ચઢાવેલી ચાટતા જીભ ને જીવનુ નિક દન થઇ જાય તેવી ગુપ્ત કુર્બાની આદરવા છતા માલમ ન પડે તેવી મિઠાશનો મોહ જાહેરમા લાવી ફાસી દેનારને ફુલેકુ ચઢાવી પ્રાણદ ડ દેવાની પેઠે ઉપયોગ થાય છે માટે એ છળભેદ રૂપ ચોર મનના વ્યાપારને ત્યાગી શુદ્ધ વ્યવહારવ ત વ્યાપાર કે જેમા ન્યાય રમી રહેલ હોય તેજ કરી જીવન સફળ કરવુ કે પરમ સુખ પ્રાપ્ત થાય છે

આપણે જે બાબતથી આનદ પામીએ છિએ તે બાબતથી પરિણામે સામા મનુષ્યને દુ ખ થાય છે માટે પગને પીડા કરનારી ચોરી ત્યાગવી

કોઇ પણ વસ્તુ–માલ ધણીના આપ્યા કે રજા સિવાય લેવી તે અદત્તાદાન–ચોરી જ મનાય છે તેવી ચોરી કરવી નહી, કરાવવી નહીં અને અનુમોદવી પણ નહી, તેમ જ લુટી–ઝૂટી ગજવુ કાપી ગાઠ છોડી ભૂલાવો ખવરાવી, ખાતર પાડી–તાળુ ઉઘાડી, કોઇની વિસરી ગયેલી –પડી ગયેલી–ખોવાઇ ગયેલી–પડી રહેલી અને પારકાની ચીજ છતાં પોતાની સમજી ઉઠાવી લેવી તે પણ ચોરીનો જ ભેદ છે તેમ જ

દાટેલી-હરણ કરેલી-જડેલી-છેતરપ ડીથી મેળવેલી, ઓળવેલી-ખોટા તાલા માપથી લીધેલી અને ચોરને મદદ આપી ચોરીની વસ્તુ સગ્રહી રાખવી એ પણ ચોરીનો જ ભાગો મનાય છે-એટલે કે તગખલાથી માડી મોતુ રત્ન સુધા પરવાનગી સિવાય લેવા અગર બદદ્યાનત વડે લીધેલી ચીજ તે ચોરી જ મનાય છે ગ્રાહકે જે, (રોકડનાણુ, દાગીના કે કોઇ વસ્તુ) એકાતમા આપેલ હોય તો વ્યાપારી લુચ્ચાઇથી ઓળવી લે, રૂબરૂમા કોઇ મનુષ્ય રાખી ચીજ આપી હોય તો તે માગવા આવતા તે માટે મને આપી છે કે નહી ! વગેરે સ દેહના માર્ગ જણાવે, વસ્તુ લેતા અને દેતા વધારે લઇ લઇ લ ટે, અને ધોળે દહાડે ચોરની ગરજ સારે છતા લોકો અને ગ્રાહકો કહે કે બિચારો વ્યાપારી વાણિયો બહુજ ભલો છે ગરીબ છે તેમજ નીતિ નેકીદાર છે આવી ખૂબી જમાવે એ પણ ચોરીના ધધા ચલાવવાની કાર-સ્તાજી છે ચોરી કરનાર કે ચોરનો સગી કોઇ વખત સુખે ઉંઘવા પામતો નથી પોતે તે ધનનો જોઇએ તેવા સન્માર્ગે ઉપયોગ કરી શકતો નથી અને મત્સગથી છેટે રહેતા સારા મસ્કારોના અભાવે આ ભવ જનભય, રાજભયને લીધે બગડી બેસે છે દડ કેદ માર અપમાન ભોગવી લે છે, અને ફિટકારને પાત્ર થઇ મરવા પછી પરભવમા દુષ્કૃત્ય મેવનના પ્રભાવે નીચ ગતિના દુ ખ અનુભવે છે મતલબ કે, ચોર ચોરી કરવા છતા મનમાનતુ સુખ મેળવવાને બદલે મન માનતુ દુ ખ મેળવે છે માટે ચોરી એ કોઇ પણ રીતે સારા માનવને સેવવી હિતકરજ નથી ખરાબ કામ કરવાથી કોની સારી સ્થિતિ થઇ છે ! કેમકે જે પ્રકાર જ ખરાબ છે તો તેનુ સેવન કરનાર ક્યાથી સારો ગણાઇ શકાય ? ચોરીનુ ધન ઘરમા ઠેરવા પામતુ જ નથી, લાચ આપવામા-દડ ભરવામા-જમીન અ દર દટાઈ રહેવામા અને દુર્વ્યસનમા ચોરીના ધનનો ઉપયોગ થાય છે.

બાકી તો કંઇ સુકૃત તે દુષ્ટતાથી મેળવેલા ધનથી થઇજ શકતા નથી. જે ધન જેવા માર્ગનુ હોય છે તે ધન તેવા માર્ગે જ વપરાય છે એમા જરા શક નથી, કેમકે પાપના બીજથી પુન્યનો અંકુર શી રીતે ફુટી શકે ? બાવળના બીજ વાવેલા હોય તેમાથી કેરીનો સ્વાદ કદીપણુ કેમ મેળવી શકે ! ઝેર સેવન કરવાથી કોણુ કુશળતા પૂર્વક જીવન નિભાવવા જાહેરમા આવ્યુ છે ! અને સાપના નિવાસવાળા રહેઠાણુમા રહેવાથી કોણુ દિર્ઘાયુ થયુ છે ! ચોરનુ મન પણ ચોરી અત્યત ખરાબ ખિસલત છે એમ સમજતુ હોવાથી સદા તે ચોરને ચોકાવતુ જ રહે છે, અને શિખામણ દીધા જ કરે છે કે 'રોજ ચોરી કરી મોજ માણે છે, પણ જે દિવસ હાથ આવ્યો તે દિવસ પૂરા બાર જ વાગવાના છે એ ખચિત જાણજે ! પછી તો તને રૂચે તે ખરૂ !!! મન માને તે કર !' પરતુ ખરાબ લત અખ્ત્યાર થવાથી હડકાયા કૂતરાની પેઠે ચેંળ આવે છે કે લાઉઉં માર્યા વિના રહેવાતુ જ નથી દુર્વ્યસનીને બોધ દુર્વ્યસનના બળિષ્ટપણાને લીધે લાગી શકતો નથી તેમજ ભારે કર્મીને નસિહતના વચનો અસર કરે તો પછી ગજબ થઇ જાયને ! અરેરે ! બિચારા શાસ્ત્રકારો, પંડિતો અને કવિઓ અનહદ ફિટકાર સાથે વારવાર તેવા નઠારા માનવોની ટેવ સુધારવા કટાક્ષ કથનો પોકાર્યા જ કરે છે, પરંતુ જેને દુર્ગતિની બ્હીક નથી તેને તેવા કટાક્ષ કથનોની શી દરકાર હોય !!!

વ્હાલા વાચનાર ! આ લેખનો મુખ્ય હેતુ એટલો જ છે કે હિંસા, જૂઠ અને અને ચોરી એ દુર્ગતિ દાયક છે, માટે જેમ બને તેમ મન વચન કાયાની શુદ્ધિ સાથ તેઓને ત્યાગી પરમ સુખ પ્રાપ્ત કરાવનાર સદ્ધર્મ સેવવો અને અદત્તાદાન પરિહરવુ. તેમજ બીજા પ્રાણિયોનો સ્વાર્થ વિના પરોપકાર કરવો કે જેનાવડે પરમાનંદ

હાજર રહે છે, કેમકે પરોપકાર સર્વ સુકૃતોમા શિરોમણિ છે, ઉપકાર માટે ધન અને જીવિતનો ત્યાગ કરવો પણ યોગ્ય છે કારણ કે વિનાશ તો અવશ્ય થવાનો જ છે તો તે નિમત્તે ત્યાગ કરવા તેજ શ્રેષ્ઠ છે ઉપકાર વિનાના માનવો કરતા તરખલુ ઉત્તમ છે કારણ કે પશુઓનુ પેટ પોષણ કરે છે અને લડાઈના મેદાનમા હાર માનેલા પુરૂષને બચાવે છે પરોપકાર વિનાના મનુષ્યને ધિક્કાર છે અને પશુઓને ધન્ય છે, જેઓનુ મુવા પછી પણ ચામડુ અનેક પરોપકારી કામમા આવી જનહિત કરે છે પરોપકાર માટે વૃક્ષ વલીઓ ફળે છે, નદિયો નીર વહન કરે છે ગાયો ભેશ દૂધ આદિનો આનદ દે છે અને પરોપકાર માટેજ માનવ શરીર છે શરીર પરોપકારથી જ શોભા પામે છે, માટે પરોપકાર એ જ જીવન–સાફલ્યતાનુ ઉત્તમોત્તમ સાધન છે તેનુ જરૂર ત્રિકરણ શુદ્ધિ સાથ સદૈવ સેવન કરવુ કે અખડાનદની પ્રસાદિ પ્રાપ્ત થાય ૪

यदा स्वधर्ममथनात् मैथुनाच्च विरज्यते ॥
ब्रह्मव्रतं रतोनित्यं तदा ते परमं सुखम् ॥ ५ ॥

શબ્દાર્થ:—હે હિતેચ્છુ આત્મન્! જ્યારે તુ પોતાના ધર્મનુ મથન કરી જ્ઞાન યુક્ત થતા પરાઇ સ્ત્રીના સમાગમથી બધ પડીશ અને હમેશા બ્રહ્મચર્ય પાલન કરવામા ઉલ્લાસવત થઇશ ત્યારે તેને ઉત્તમોત્તમ સુખ–સદ્‌ગતિ પ્રાપ્ત થશે ૫

સ્પષ્ટાર્થ:—સ્વદારા સતોષ અને પરદારા પરિત્યાગ એ સુજનના ગૃહસ્થપણાનુ પરમ ભૂષણ છે અને નવવિધ શીળની વાડી સેવી સર્વથા કામવાસનાનો ત્યાગ કરવો એ ત્યાગીઓનો તાજ છે! જૈનાગમો, પુરાણો અને અન્ય ધર્મગ્રન્થો બ્રહ્મચર્ય માટે ઉચો મત

ધરાવે છે, તેમજ પરસ્ત્રી સમાગમનો બેહદ તિરસ્કાર કરે છે, કેમકે પોતાની વિવાહિતા ધર્મપત્નિનો સમાગમ ભયકર રોગ અગર વિશેષ આકુળવ્યાકુળતા કરનાર નથી, નિર્ભયતા યુક્ત છે, નીતિ નિયમ સમેત છે, શાતિપૂર્ણ છે, સતતિસુખદાયક છે, ગૃહભૂષણ છે, અને ધર્મકર્મ વગેરે સત્કર્મ અદર સહાયકારી છે પરતુ પરસ્ત્રીનો સમાગમ પરમ ભયકારી, જીવલેણ ક્ષય ઉપદશાદિ રોગોત્પાદક, પૈસા ક્ષય કરનાર, ઉજાગરા પાડનાર, નિદ્રાભગથી મગજ યાદશક્તિ વગેરેને હાનિ પહોચાડનાર, સન્મતિ-સદ્દગતિને ભ્રષ્ટ કરનાર, વૈર ઝેરને જન્મ આપનાર, શત્રુઓ પેદા કરાવનાર, દડ-કેદ-માર-મરણ-હાનિ-હાસીને હાજર રાખનાર, અજપો-દુર્વ્યસનો-કટાળો અને કુસગ હાસિલ કરાવનાર, લોકનિંદાનો અને રાજ્યદડનો ડર કાયમ રાખનાર તથા ચિતાનો ખજાનો છે

પરસ્ત્રી સમાગમને લીધે દારૂ-માસ-ચોરી-જૂઠ-હિસા વગેરેના દ્વાર ખુલ્લા થાય છે કામવિહ્વલતા વૃદ્ધિ પામતા મન ભટકતુ રહે છે, ધરની સ્ત્રી કરતા રખાતનુ વિશેષ રીતે મન સાચવવુ પડે છે, પરસ્ત્રી સમાગમ અદર આતુરતાથી મિલાપ થતા વીર્યનો વિશેષ નાશ થાય છે જેથી તેની ઓછાશ થતા રસ-લોહી-માસ-ચરબી-હાડ-પેશી અને વીર્ય એ સાતે ધાતુઓને ધોખો પહોચે છે રખાતના પતિ, જ્ઞાતિજનો અને સભ્યજનો તરફનો સકોચ કદી દૂર થતોજ નથી પરસ્ત્રીની લગનીમા લીન થતા સત્કર્મ ધર્મમા કે રત્નત્રયિ આરાધન અદર (શ્રી દેવ ગુરૂ ધર્મની ઉપાસનામા) મનની દૃઢતા રહેતીજ નથી જીવ કામના વસ્ય થતા વ્યાપાર અદર પૂરતો લક્ષ ન રહેવાથી લાભ મેળવાતો નથી. પોતાની વિવાહિતા-ધર્મપત્નિનો પ્યાર ઓછો થાય છે, અગર વ્હેચાઈ જાય છે, કિવા તે

કારણને અગે અણુબનાવ રહેતા ફજેતી થવાના કારણો ખડા રહે છે મદિરા માસાદિ અકૃત્યોમા પણ રાગ વધે છે બ ધેજની દવાઓનો અનુભવ મેળવવાની ફરજ પડતા સિલક ખાલી થવાને લીધે ખોખા રૂપ શરીર બની બેસે છે ઇજ્જત-પ્રતીતમા હલકાઇ નિવાસ કરે છે પાપસ્થાનકો સેવવાની વારવાર ફરજ પડે છે ક્ષય આદિક પ્રાણનાશક રોગોના હુમલા સહન કરવાજ પડે છે કજિયા-ચિંતા -કટાળવાનો મસુદ્ર છોળાયાજ કરે છે અને પાયમાલીના રસ્તાએ પરવરતા આખર જીવનબાજી હારી અવતાર અલેખે કરે છે કે જેથી ઉભય ભવ ભ્રષ્ટ થાય છે, માટે પરસ્ત્રીગમનને જલાજલી આપી સ્વદારા સતોષ રૂપ બ્રહ્મચર્ય પાલન કરવુ, અગર તો સર્વથા-પણે સ્ત્રી યા પુરૂષ સમાગમથી નિવૃત્ત થવુ કે સુખપૂર્વક ઉત્કૃષ્ટ સ્વર્ગાપ-વર્ગનો અનુભવ પ્રાપ્ત થાય.

(પરદારામા પરાઇ સ્ત્રી-પશુ જાતિની સ્ત્રી-તથા વિવાહિતા વિનાની અન્ય સ્ત્રી-વેશ્યા વગેરેનો સમાવેશ થાય છે)

બ્રહ્મચર્યના બે ભેદ છે એટલે કે દેશથી અને સર્વથી, તે પૈકી બાધારૂપ પર્વણીઓએ શીળ પાળવુ-નિયમમા રહેવુ-પોતાની સ્ત્રીનો પણ પુત્રોત્પત્તિની વાસના હિતાર્થે સમાગમ સેવવો તે દેશથી બ્રહ્મ-ચર્ય કહેવાય છે તેમજ જે મન વચન અને કાયાની વિશુદ્ધિ સાથ પૂર્ણપણે અખડ અતિચાર રહિત શીલ પાળવુ એ સર્વથી બ્રહ્મચર્ય પાલન કહેવાય છે

સ્ત્રી સાથે સરાગથી સભાષણ કરવુ, આલિંગન ચુબન નખક્ષત કરવુ, સ્ત્રીના આસને બેઠક લેવી, તેણીના અગોપાગ નિરખવા, ગુણકિર્ત્તન કરવા, સકેત કરવો, દષ્ટિયે દૃષ્ટિ મેળવવી, એકાત સેવવુ અને રાગ વધારવો તે અયોગ્ય છે. માટે નવ વાડો શીળના

સંરક્ષણાર્થે સાચવી ગાખવી એટલે કે સ્ત્રીની વસ્તિ જ્યા વિશેષ હોય ત્યા શીળવતે ન વસવુ ૧ સ્ત્રી સાથે સન્મુખ દૃષ્ટિ સાથે વાતો ન કરવી ૨, જ્યા સ્ત્રી બેઠેલી હોય ત્યા કાચી બેઘડી લગી ન બેસવુ ૩, સ્ત્રીના ગુહ્યસ્થાન ન અવલોકવા ૪, સ્ત્રી સમીપ ભીતને અતરે ન રહેવુ ૫, સસારીપણામા કરેલી કામક્રીડા સ્મૃતિ (યાદી) મા ન લાવવી ૬, દૂધ–ઘી–મલાઈ વગેરે કામોદ્દીપન તથા પુષ્ટિકારક પદાર્થ ન સેવવા ૭, ઘણુ પેટ તડાતુબ કરીને ન જમવુ ૮ અને શરીરની વિભૂષા ન કરવી ૯, કેમકે એ બધી બાબતો મનોવૃત્તિને ખલેલ પહોચાડનાર છે પશુ પખીનો સમાગમ જોવા વડે તથા કામીવચનોનો વ્યવહાર સાભળવા વડે પણ મનના વિચારો વિકારને વશ્ય થાય છે, માટે શીળ રૂપી બાગ સરક્ષણ કરનારી નવ વાડયો સભાળી રાખવી કે જેના પ્રતાપે મનોનિગ્રહાદિ જેવો ને તેવો જળવાઇ શકાય

વાત્સાયન ઋષિકૃત કામશાસ્ત્ર (કોકશાસ્ત્ર) કે જેમા કામકલ્લોલ સબધી જેમ યોગના ૮૪ આસનો આત્મકલ્યાણાર્થના છે તેમ એમા ૮૪ કામાસનો કથેલા છે કે જેના જોવાથી મતિ વિષયવિકારનો સગ સેવતી થાય છે તેવા પુસ્તકો વાચવા–સાભળવા–ચિતવવા અગર તેવા આસનો વગેરે ધ્યાનમા લેવા એ મનને કામવાસનામય કરી મૂકે છે, માટે કામશાતિના ઉપકરણ સેવી બ્રહ્મચર્ય પાલન કરવુ કે જેથી જીવને પરમ સુખ પ્રાપ્ત થાય છે. શીળ સેવન વડે શરીરશક્તિ–યાદશક્તિ–બુદ્ધિ- ઉત્તમ તેજ અને ચિત્ત ખિલેલ રહે છે કે જેના પ્રતાપે શક્તિ માત્ર જળવાવાથી હરકોઇ કાર્યસિદ્ધિ હાજર રહે છે, શીળ સેવનવડે સ્ત્રીઓની વિવિધ ખુશામદો જાળવવી બધ પડી સ્વાત્ર્યતતા સ્વહસ્તક રહે છે, સ્ત્રીનુ મહાન્ પગબધન દૂર થઈ

જાય છે, અને દુર્ગતિ–દુર્વાસના–દુર્વ્યસનાદિનુ મળ કામવૃત્તિ–વ્યભિચારીવૃત્તિ બધ પડતા (એ સર્વ બધ પડી જવાને લીધે) આનન્દની લ્હેરનો અનુભવ કરવા ભાગ્યશાલિ થવાય છે

પરસ્ત્રીની અભિલાષા–કામવાસનાની હાયવૉય માત્રથીજ રાવણ, કૌરવ (કૈચા કીચકાદિ) મડળ, ગર્દભિલ્લાદિ અસખ્ય સામર્થ્ય પુરૂષો પણ ઉભય જીવન ભ્રષ્ટ કરી દુર્ગતિયે પહોચ્યા છે, તો પરસ્ત્રીના પૂજારી બનવાથી શી બુરી દશા થાય તે વાતજ કહેવી શી ? પરસ્ત્રીત્યાગ–સ્વદારાસતોષ તથા સર્વથા વિષયવાસનાને આપવામા આવતી જલાજલિ એજ આત્મકલ્યાણકારી છે, તો હે પુન્યાત્મા ! બ્રહ્મચર્યવ્રતનુ ઉડુ રહસ્ય સમજી તેના અનત લાભ ધ્યાનમા લઇ કામ–વિષયવાસનાનો ત્યાગ કરવા તત્પર થા કે જેના પ્રભાવવડે પરમોત્તમ સ્વર્ગ મોક્ષના અચળ સુખ સપાદન થતા ભવભ્રમણાનો અત આવે

સસાર અદર સકળ ખટપટની ખાણ–દુ ખનો ભડાર–રળવા ખપવાની વિવિધ પ્રપચ વ્યથાઓ અને અધોગતિ વગેરે તમામ સ્ત્રીની હયાતી અને તેની આશામા લીનતા રહેવાથીજ હાજર રહે છે

સ્ત્રી એ કપટની કોથળી, પાપનો પ્રાસાદ, ઉપાધિનો સમુદ્ર, વૈર ઝેરનુ મળ, દુર્ગતિનુ દ્વાર, ગધાતિ ગટરરૂપ, જીવલેણ ભયકર રોગ સમાન, કાતિલ વિષવત્, જુલ્મી શત્રુ સરખી, ધર્મકર્મ સાધનોને ધૂળ મેળવનારી, સુગતિ મદિરના સોપાનથી પાછી પાડનારી, અને સકળ અનર્થનુ મૂળ છે એ શીળ સેવનવડે તેણીનો પરિત્યાગ થવાથી બધી બલા નિર્મળ થાય છે, તો ભવભીરૂ વિશુદ્ધ આત્માએ જેમ બને તેમ ત્વરા સાથ બ્રહ્મચર્યનાજ ભક્ત થવુ એજ પરમ હિતકર છે

સ્વધર્મરૂપ દધિમથનવડે માખણરૂપ શીળવ્રત છે અને અષ્ટવિધ મૈથુન હાવભાવ આદિક તે માખણની આડે આવનારા વિષય છે એથીજ એઓનો ત્યાગ અને શીળરૂપ પરમ રાગ રાખવો એજ પરમ સુખનું મૂળ છે ! ૫

यदा मूर्च्छां विहायोच्चै र्धन धान्यादि वस्तुषु ॥
परिग्रह ग्रहान्मुक्त स्तदा ते परमं सुखम् ॥ ६ ॥

શબ્દાર્થ—હે શ્રેયસાધક જીવાત્મા જ્યારે તું ઉંચી જાતિની ધન ધાન્ય વગેરે વસ્તુઓ ઉપરથી મૂર્ચ્છા–મમતા મોહ ત્યજી દઇશ એટલે કે પરિગ્રહરૂપ ગ્રાહ–મગરના ફંદમાથી મુક્ત થઇશ ત્યારે તને પરમ સુખ થશે ૬

સ્પષ્ટાર્થ—પરિગ્રહના મુખ્ય નવ ભેદ છે અને ગૌણ (પેટાભાગ રૂપે) અનંત ભેદ છે તે સકલ જીવને બંધન–બલારૂપ છે એટલે કે ધન, ધાન્ય, ક્ષેત્ર, વસ્તુ, ચાંદી, સોનું, કુપ્પ, દ્વિપદ અને ચતુષ્પદ એ નવ બાબતોની અંદર સકળ પરિગ્રહ (ઘર, વરવાખરો અને ધનદૌલત આદિ) નો સમાવેશ થાય છે

ધન એટલે રોકડ નાણું મ્હોર ગીની નોટ રૂપિયા ઝવેરાત સહિત તથા ૨૭ પ્રકારના અનાજ, તેમજ ક્ષેત્ર—બાગ-બગીચા, વાસ્તુ દુકાન વ્યવસાય વગેરે, રૂપું એટલે ચાંદી કે ચાંદીના દાગીના વાસણ વસ્તુ વગેરે, સોનુ–દાગીના આદિક, તેમજ દ્વિપદ દાસ–દાસી–મહેતા–મુત્સદ્દી–ગુમાસ્તા વગેરે બે પગવાળા–માનવો, અને ચતુષ્પદ એટલે કે ગાય–ભેંશ–બળદ–બકરી–ઘેટી–ઘોડા–હાથી–ઉંટ–ગધેડા–ખચ્ચર–પોઠિયા ઇત્યાદિ તેમજ જહાજ, મોટર–ગાડી–પાલખી–મ્યાના–પિંજરા–રથ–બોટ–મનવારો વગેરે છે તથા તમામ પ્રકારના

ખેતીવાડી વ્યાપાર કળા વિદ્યા વગેરેના ઓજારો-રાચ રચીલા પેટી પટારા ત્રિજોરી સાધનોનો સગ્રહ નવવિધ મનાય છે આ તમામ વસ્તુઓની અદર જેમ જેમ વધારો થતો જાય તેમ તેમ લાલસા પણ અધિકની અધિક–દેવતામા ઘી હોમાતા વધતી જ્વાળાની પેઠે વધતીજ રહે છે ઇચ્છા અને આશા એ મહાન્ દુ ખનુ મળ છે ગરીબોના ગૃહસ્થાશ્રમ અદર નહી જેવા સામાનવડે વ્યવહાર ખુશીથી ચાલતો જોવાય છે અને ધનાઢ્યને ત્યા અપાર સાધનો હાજર છતા એક ને એક માટે વિશેષ વિશેષ લાલસા વધતી જ જાય છે લાખો નિરાશાના કિરણોની વચમા એક આશાનુ કિરણ ઝળકતુ દષ્ટિગોચર થતુ હોવાથી આશાના પાસમાથી કદી છૂટવા પમાતુ નથી આશા તૃષ્ણા જગત્ જીવોને ઝૂલવાનુ ઝૂલણુ છે આશા લોભની કબર છે અને આશા અનત દુ ખનો ખજાનો છે '**મન મરે માયા મરે, મર મર ગયે શરીર; આશા તૃષ્ણા ના મરી, કહગએ દાસ કબીર**

મહાન્ વૈરાગ્યવત રાજર્ષિ ભર્તૃહરિજીએ પણ કહ્યુ છે કે – ભોગ તો ભોગવ્યા નહિ, પણ અમે જ ભોગને યોગ થઇ ભોગવાણા ' દાન તો દીધુ નહિ, પણ અમો પોતેજ દેવાઈ ગયા ! કાળ તો ગયો નહી, પણ અમો જ જતા રહ્યા ! અને તૃષ્ણા તો જીર્ણ ન થઈ, પણ અમો જ જીર્ણ થઇ ગયા !' મતલબ કે માનવજીદગી જીર્ણ થતા મરણને શરણ થાય છે પરતુ આશા તૃષ્ણા કદી જીર્ણ થતી જ નથી '**आशाहि परम दु खम्**–આશા એજ મોટામા મોટુ દુ ખ છે !' પણ આશાનો અત લાવ્યા વિના નિર્ધન હજારને, હજારવાળો લાખને, લખપતિ ક્રોડને અને ક્રોડીશ્વર અબ્જને હમેશા સ્વભાવથી જ ઇચ્છ્યા કરે છે કોઈ દિવસ લોભનો થોભ આવતો જ નથી '**लोभ पापका मूल**–લોભ એ પાપનુ જ મૂળ છે!'

ધનવાન્ દરેક જનને થવુ હોય છે, પણ થવાતુ નથી. પ્રથમ તો ધન મેળવવુ—મળવુજ બહુ મુશ્કેલ છે, તેમ છતા જો મળી ગયુ તો તેની કષ્ટ રહિત રક્ષા—સભાળ કરવી પડે છે અને જો એ મેળવેલા ધનનો નાશ થાય છે તો મરણ થવા જેવુ થાય છે, એટલે કે ધન પેદા કરવામા, ધનને સભાળવામા અને ધનના નાશમા જૂઠ પ્રપચ, દુ ખ અપમાન આદિ અનેક સેવવાની જરૂર પડે છે

જે ધન પેદા કરવામા દુ ખ દે છે, વિપત્તિ વખતે પરિતાપ આપે છે અને સપત્તિની સમય મોહ—ખુમારી—ગુમાન લવરાવે છે તેવુ ધન સુખ આપનારૂ શી રીતે માની શકાય ?। ધન વગેરે મેળવવાની આશાએ અનેક દુ ખ શોક કુવચનો માર કેદ મરણ આદિક સહવા પડે છે ધનાદિ વૈભવ વ્યવસાયની છત થયા પછી અર્થી સ્વાર્થી જનોના કટાળા વેઠવા પડે છે સ્ત્રી પુત્ર પરિવાર ન હોય તોપણ અત્યત માનસિક વ્યથા સહવી પડે છે અને હોય છે તોપણ કટાળો મળતા જીવને મૂકયે માર્ગ મળતો નથી સ્ત્રી સદ્‌ગુણી, પુત્ર કહ્યાગરા તથા ગણવાન અને પરિવાર અનુકૂળ વૃત્તિ સાથ ચાલનાર હોયતો જ આનદ મળે છે શરીર રોગી હોય, ધનની અછત હોય, સ્ત્રી કજીયાખોર અને અનાચારી હોય, પુત્રકપૂત નામબોળુ હોય, તો સસાર હાળાહળ ઝેર સમાન જ છે ! સસારમા જો સ્વર્ગના સુખ હાજર હોય તો તેજ છે કે, શરીરની નીરોગતા, સર્વ વાત (ઋદ્ધિ સિદ્ધિ સ્ત્રી પુત્રાદિ)ની અનુકૂળતા, સદ્ધર્મપર પ્રીતિ, દેવ ગુરુ ધર્મ આરાધનનો સપૂર્ણ સયોગ અને કોઇ વાતનો કલેશ—કંટાળો ન હોય તો પૂર્ણ સર્ગસુખ જ છે ! કા તો કેવળ ત્યાગ ભાવ હોય તો પરમાનદ છે અને કા તો નિયમસર સંપત્તિ આદિ હાજર હોય તો મોજ મળ્યા કરે છે

સસાર અદર પ્રત્યેક વસ્તુ માટે સતોષ સેવ્યો હોય તો તેના કરતા કોઇ વિશેષ સુખ નથી કહ્યુ છે કે –

'આરોગ્યતા સમાન કોઇ રોગી કે ત્યાગીને, ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ સાધન માટે અન્ય વિશેષ સત્ય સાધન નથી, સત્યતા સમાન કોઇ વિશેષ મહાન્ ધર્મ નથી, વિદ્યા સમાન કોઇ મનને સ્થિરતા દેનાર કે સદ્ગતિ દેનાર કોઈ ઉત્તમ ઉપાય નથી અને સતોષ સમાન કોઇ પરમ પ્રશસનીય સુખ નથી' માટે દરેક વસ્તુ માટે જેટલી જરૂરત હોય તેટલી જ દરકાર રાખી બાકીની મમતાને ત્યજી દેવી અથવા તો તેને માટે અમુક હદ સુધીનો નિયમ જ કરી દેવો કે જેથી મન મર્યાદામા રહી શકે છે જગતમા લોભ અપાર છે, માટે પરિગ્રહ માત્રનુ પરિમાણ કિંવા સર્વથા ત્યાગ કરી હે જીવાત્મા ! જ્યારે તુ સતોષને સર્વાગપણે સેવીશ ત્યારે જ તને પરમ સુખરૂપ સદ્ગતિ પ્રાપ્ત થશે કેમકે પરિગ્રહ, લોભની પુષ્ટિ કરનાર, માયાજાળને વિશેષ ફેલાવનાર, હાયવોય વધારનાર, તૃષ્ણાને તેજ રાખનાર અને નકામો મોહ વધારનાર હોવાને લીધે દુર્ગતિના દ્વાર ખૂલ્લા રાખનાર છે, માટે પરિગ્રહરૂપ ગ્રાહ–ઝડ (જળમા વસનાર મગર જેવા જતુની જાતના જનાવર) ના ફદમાથી માનવ શી રીતે મુક્ત થઇ શકે ' જ્ઞાન દષ્ટિમા રમણુ કરવાથી મમતારૂપ જળ શોષાઇ જતા તે પરિગ્રહરૂપ ગ્રાહનુ જોર આપોઆપ ભાગી પડે છે માટે અવશ્ય તેનો નિયમ વા ત્યાગ કરવાથીજ પરમાનદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થવાય છે એમા જરા સદેહ નથી

મનનો એવો ધર્મજ છે કે, જેટલુ તેને મોકલુ–છૂટુ જેમ જેમ મકીએ તેમ તેમ તે સ્વચ્છદતા સેવતુ થવાથી પછી તે વારવાર

મર્કટની પેઠે જ્યા ત્યા કૂદતુ ભટકતુ ફરે છે જો કે મન નપુંસક વાચક શબ્દ છે છતા ભલભલા મર્દને પણ પાછા પાડી દેવા પૂર્ણ શક્તિમાન છે દુખે કરીને આરાધવા યોગ્ય છે, અત્યત ચપળ છે, વિકારી છે, પેશાબ અને ગગાજળ એ બન્નેથી પલળવાવાળા માટીના ઢેફા જેવુ છે માટે તેને મહાન્ કટ્ટા શત્રુરૂપ માની તેને તાબે કરવા ઉચી જ્ઞાનદષ્ટિ-યોગબળ મનોનિગ્રહ એવી આત્મકલ્યાણ કરવા કટિબુદ્ધ રહેવુ એજ પરમહિત કર છે ૬

स्वरे श्रव्ये च विणादौ स्वरोष्ट्राणां यदुश्रवे ॥
यदा समं मनोवृत्ति स्तदा ते परमं सुखम् ॥ ७ ॥

શબ્દાર્થ—હે પાવનાત્મા ! જ્યારે તુ સાભળવા લાયક કાનને મીઠા લાગે તેવા વીણા વગેરેના નાદ (મધુર શબ્દ) અને કર્ણકટુ ગધેડા ને ઉટના ખરાબ સ્વર સાંભળતા તે બેઉ સ્વર તરફ સરખી મનોવૃત્તિ રાખીશ ત્યારે તને ખરા સુખનો અનુભવ થશે ૭

સ્પષ્ટાર્થ—જ્યા લગી માનવના કાનને (મનને) સાગ સારા વાજીત્રો, ગીતોનો નાદ સાભળી પ્રસન્નતા થાય છે અને ગધેડુ ભૂકવાનો કે ઉટ આરડવાનો નાદ સાભળી કટાળો આવે છે ત્યા લગી રાગ દ્વેષની પ્રબળતા મનાય છે અને રાગ દ્વેષની વિશેષતા છે એ જીવને અધોગતિ સમર્પનાર છે

કાનનો વિષય સારો નરસો શબ્દ એ બે છે કાન એ શ્રોતેન્દ્રિય છે અને તેના વિષય સાથ તેણી ઇન્દ્રિયને જીતવામા ન આવી

હોય તો તે મનુષ્યને જીતી પોતાના બળવડે દુર્ગતિ અદર લઇ જાય છે, માટે ઇંદ્રિયો કાબુમા લઇ શકાય તેજ સુખદાયક માર્ગ છે

સારા અને નઠારા શબ્દ સાભળવા છતા જરા પણ તે તરફ ખુસાલી કે અણગમાના અ કુર પેદા ન થાય તેવો સમદર્શિ—સમભા- વવત થાય તો જ જીવનો ઉદ્ધાર થાય છે.

સમાનવૃત્તિ એનુ જ નામ છે કે પ્રિય અપ્રિય વસ્તુ કે સારા નરસા કારણુ ભણી વધારે ઓછી વિચારણા ન રાખવી વીણા હારમોનિયમ, સિતાર, વાસળી, તાઉસ વગેરેના તથા આરોહાવરોહ સાથે ખર્જ પલટા વગેરે જાળવી તાલ સુરના આન દ પૂર્વક ગીતોના રૂચિકર નાદ સાભળતા મન તેના ભણીજ તુરત આકર્ષાય છે અને જે કામ કરતા હોઇયે તે કામમા ભલેવાર આવતો નથી કેમકે નાદ એવી મનહર વસ્તુ છે કે સુખિયા જનોને સુખના ખજાનારૂપ, દુખિયા જનને વિનોદ તથા દુ ખના વિસારારૂપ, કાન—હૃદય—મનને હરણુ કરવા સત્ય વશિકરણરૂપ, કામદેવની ભેટ જણાવનાર દૂતરૂપ, ચતુરનુ મનરજન કરવામા કુશળ અને કામિનિયોને અત્યત વલ્લભ હોય છે

પશુ, પખી, બાળક, જળ અને જડ માનવ તેમજ પદાર્થોને પ્રિય છે તે નાદ તરફથી મનને ખીચી લેવુ એ મહાન્ મુશ્કેલી ભર્યું કામ છે, છતા તેની પ્રીતિ ત્યાગી સરસ નરસ નાદને સમાન માનનાર વૃત્તિવાળો થાય તો જ આત્મશ્રેય કરનારમા ગણના ગણાય છે, માટે હે જીવાત્મા ! જ્યારે તે સારા નરસા નાદનો રાગ દ્વેષ ત્યાગી સમાન ચિત્તવત થઇશ ત્યારે પરમસુખ પામીશ, કેમકે શ્રોતેદ્રિય ઉપર વિજય મેળવીશ, તોજ મન પરમ શાતિનુ પાત્ર થશે. ૭

इष्टेनिष्टेयदादृष्टे वस्तूनि त्यस्त सत्र धीः ॥
वीत्यमीति विमुक्तोसि तदा ते परमंसुखम् ॥ ८ ॥

શબ્દાર્થઃ—હે શ્રેયસાધક જિજ્ઞાસુ ! જ્યારે તું વ્હાલી અને અળખામણી વસ્તુઓ આંખોવડે જોવા છતાં તેઓની તરફ વખાણવા લાયક બુદ્ધિવાળો થઈશ એટલે કે ભેદબુદ્ધિ છોડીને રાગદ્વેષ રહિત થઈશ ત્યારે તને પરમાનંદ—અખંડાનંદ થશે ૮

સ્પષ્ટાર્થ —ચક્ષુરેંદ્રિય (નેત્ર) ના વિષયોપર વિજય મેળવવો એ પણ અત્યંત દુષ્કર છે, અને તેના પાંચ વિષય છે, કાળો, લીલો, પીળો, લાલ, અને સફેદ એ પાંચ રંગાત્મક પ્રત્યેક વસ્તુઓ હોય છે અને દરેક પ્રાણિને પ્રકૃતિ અનુસાર વિવિધરંગની પસંદગી હોય છે તેમાં પણ કોઇને કોઇ અને કોઇને કોઇ વસ્તુ અને રંગ અતિપ્રિય હોય છે તે પૈકી પ્રિય વસ્તુ ઉપર સ્નેહ—રાગ અને અપ્રિય વસ્તુ તરફ ક્રોધ દ્વેષ કટાળો આવે છે જ્યારે જ્યાં રાગ અને દ્વેષ વિના વ્યવહાર જ નથી ત્યાં આત્માના હિતની વાર્તા હોય જ ક્યાંથી ? ! જ્યાં વિષય અને વિકાર, પ્રીતિ અને ધિક્કાર યાની વિષય કષાય પોત પોતાનો પૂરો પ્રભાવ પસારી રહેલ છે ત્યાં આત્મોન્નતિની શી આશા ! આંખ્યો એ રાગને જન્મ દેનાર તથા રાગને પોષનાર અને દ્વેષને ટકાવી રાખનાર છે જો આંખ્યો ન હોય (આંધળો હોય) તો વસ્તુના યથાસ્થિત વાસ્તવિક સ્વરૂપને નિહાળી શકાતું નથી અને જ્યારે વસ્તુનું સ્વરૂપ નથી જોયું ત્યારે તેની તરફ લાગણી—મોહ પેદા થઇ શકે જ નહી, અને જો મોહની છત ન હોય તો રાગની પણ અછત

જ હોય છે એ દૈખિતો જ વિષય છે જોવા જેવી વસ્તુ ઉપર તો પ્યાર થવા એ નેત્રને જ આધિન છે તેમા પણ ધન અને સુન્દરી એઓની પર મમતા વધવી એ તો આખ્યોની જ કૃતિ છે કહેલી વાત સાભળી રાગની કે દૂષની ભાવના પરગમવી એ સબળ તિવ્રતામય હોતી નથી કેમકે તેનુ પૂર્ણ સ્વરૂપ જોયા વગર અનુભવમા આવતુ નથી અને જે વસ્તુ જોઇયે છિયે તેની ઉપર તિવ્રરાગ વધે છે અનુભવ મળે છે અને સુખકારક નીવડતા મન તે તરફ વિશેષ લલચાઇ રહેલ છે તો તે વસ્તુ ઉપરથી રાગ કમી થતો નથી માટે રાગદ્વેષને વધારનાર ઇન્દ્રિયમા જોતા વાળી વસ્તુઓ માટે વિશેષ ભાગ ભજવનારી આખ્યો જ છે એ નિર્વિવાદની વાર્ત્તા છે, માટે જ જો નિજકાયાનુ શ્રેય કરવાની ખાસ વિચારણા હોય તો ઇષ્ટ વસ્તુ પરનો રાગ અને અનિષ્ટ વસ્તુ પરનો દ્વેષ ત્યજી દઇ સમદૃષ્ટિવત થઇ પ્રશસવા યોગ્ય બુદ્ધિવાળો બનીશ એટલે ઇષ્ટ (વ્હાલી) અનિષ્ટ (અળખામણી) વસ્તુમા ભેદ બુદ્ધિ છોડી સમાન દષ્ટિવત થઈશ એટલે તને ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થશે, એ નિશ્ચય વાર્ત્તા છે ૮

घ्राणदेशे मनुप्राप्ते यदा गंधे शुभाशुभे ॥
रागद्वेषो नचेत्तत्रं तदा ते परमं सुखम् ॥ ९ ॥

શબ્દાર્થ — શ્રેયષ્કર જીવાત્મા ! હે ભવભીરૂ નર નારી ! જ્યારે તને તારા નાકના અગ્રભાગ ઉપર પ્રાપ્ત થયેલા સારા નરસા જે ગધ તેની ઉપર રાગ દ્વેષ નહી થાય ત્યારે પરમાનદની પ્રાપ્તિ થવાથી પરમ સુખ થશે ૯

સ્પષ્ટાર્થ —હે પ્રાણાત્મન્ ! તારી ઘ્રાણેંદ્રિય (નાક) દ્વારા જે તને એ બાબત સમજાય છે એટલે કે સુગંધી અને દુર્ગંધી તે પૈકી ખિલેલા પુષ્પબાગ અંદરથી લપટ આવતા આનંદનો સમુદ્ર છોળાઇ જાય અને સડેલા કલેવર કે વિષ્ટાની માથુ ફાડનારી બાદબૂ આવી લાગે કે નાક બંધ કરી–માથુ ધૂણાવી–કપાળે શળ ઘાલી અપાર અણગમો જાહેર કરે એ આત્મતારકતાથી વિરૂદ્ધ બાબત છે જ્યારે ખરાબ ગંધથી નારાજ થાય અને સરસ વાસનાથી પ્રસન્નતા પામે ત્યારે રાગ દ્વેષનો પૂજારી છે એમ માન્યા વિના છૂટકો જ નથી અને રાગ દ્વેષનો નિંદક ન થતા પૂજક થયેલ છે તો તેનાથી આત્મકલ્યાણ દૂર જ રહેલુ હોય છે માટે હિતેચ્છુ આત્માએ સરસ કે નરસ ગંધને સમાન માની હર્ષ યા કંટાળો ન લાવવો એજ ઉત્તમોત્તમ શ્રેય સાધક પંથ છે? સંસારસાગર અંદર જીવને બૂડાડનાર જે રાગદ્વેષ છે તેજ જીવના કટ્ટા શત્રુ છે ! જીવને ઉન્નતિક્રમ તેમજ અવનતિક્રમ અનુભવાવવો એ પણ રાગદ્વેષને જ હસ્તક છે ! પરંતુ જો તેમનો ત્યાગ થયો તો બેશક જીવની ભવભ્રમણાનો અંત આવી પરમાનંદથી લ્હેર લેવાનો સમય સ્વાધિન થાય છે માટે જ હે જ્ઞાનવાન્ ! અજ્ઞાનતાપૂર્ણ રાગદ્વેષનો સગી ન થતા સારી નઠારી વાસને સમાન માનનાર થા કે જેથી નાકના વિષયની બલા જવાને લીધે નાક રહેવા સમાન પરમ પ્રાપ્તિનુ કાર્ય સિદ્ધ થાય

સુગંધિના રજકણો (ઇથર) રૂપ હોવાથી તુરત માનવ મનહરણ નિમિત્ત પોતાની સૂક્ષ્મતામય સુગંધ માળીના અને વાસના લોલુપી જનના મગજ અંદર સુગંધનુ સામ્રાજ્ય ફેલાવી તેના મન પર વિચિત્ર જ અસર કરી મૂકે છે, તો તેવી મનમોહક, મગજ તર કરનાર, સુંદર, સુગંધવંત અને આનંદ અર્પક વસ્તુને મનથી દૂર કરી દેવી એ

મહાન્ મુશ્કેલ પ્રકાર છે એથી ઘ્રાણેન્દ્રિયના વિષયને જીતવા બડા દુષ્કર છે, છતા તેના પર વિજય મેળવવામા આવે તો ખચિત તે આત્મા વિરક્ત વિષયવત બની જતા પરમહંસ દશાને પામી કેવળ રાગદ્વેષ વૃત્તિ રહિત થઇ અંતે પરમપદનો ભોક્તા થાય છે. ૯

यदा मनोऽस्त्र माहारं विपरीते मतः कदा ॥
समासाद्यं तयोः साम्यं तदा ते परमं सुखम् ॥ १० ॥

શબ્દાર્થ—હે જીજ્ઞાસુ ! જ્યારે તું મનને રૂચે તેવો (સુંદર, સરસ, ષટ્રસમય) ખોરાક મેળવી તેમજ અણગમતો આહાર મેળવી (અગર એવો આહાર મળતાં) તે ઉપર સમભાવ ગખીશ ત્યારે તને આનંદમય સુખ મળશે ૧૦

સ્પષ્ટાર્થ—હે કલ્યાણ ચાહક જીવાત્મા ! જ્યારે તુ જીવ્હા-સ્વાદથી મુક્ત થઇશ ત્યારે પરમાનંદ પામીશ મતલબ કે રસગારવ ! શાતાગારવ અને ઋદ્ધિગારવ એ ત્રણેથી વિરમીશ તો જ આત્મો-દ્ધાર કરવા ભાગ્યશાળિ થઈ શકીશ

જગતની અંદર જે કઈ પાપોપદેશ, પાપસ્થાનક સેવન અને પાપાચરણ આદરવા એ બધા પેટના પ્રપંચ છે પાપી પેટ પોષવાની ખાતર અનેક દુઃખ, કંટાળા, કલંક, અનાચાર, અનીતિ, જૂઠ, હિંસા, ચોરી, ચુગલી, ખૂન, પ્રપંચબાજી, રણમેદાનમા ઝૂઝી પ્રાણા-ર્પણ કરવો, તુંકારા—તિરસ્કાર—માર—ગાળો ખાવી વગેરે વગેરે અપાર ફંદ યોજવા પડે છે '**अहाहा ! एक पेटही तिहारे काज बडे बडे मूळोंकों महाराज महाराज कहनो पर्यो**—' ખરેખર **पेटदिया पतखोवनकों—अर्थात् पेटदियो लोही पापलगायो**

પેટને પોષવા નીચની નોકરી કરવી પડે છે, નાટકમા નર થઇ ઘાઘરી પહેરવી, જોડા-બૂટ ખ ખેરી આગળ મૂકવા, કપડા પહેરાવવાં, પગ ચાપવા, માલેસ કરવો, ન્હવરાવવા, કપડા ધોવા, બિછાયત કરવી, છોકરાઓની ગુદા પ્રખ્યાલન કરવી, જાજરૂ જવાના લોટામા પાણી રેડી સાથે રહી જીજી સાથ હાજર હાજર રહેવુ અને સ્ત્રીઓની અછાજતી તમીજ ઉઠાવવી પડે છે, નરક ઉઠાવી, ભીખ માગી, કૂતરાનુ એઠુ જૂઠુ તેમજ પતરાવડા ચાટી તેમાથી હાથ લાગેલા એઠવાડ વડે જીવન ગુજારવુ પડે છે, સ્મશાન સેવવુ પડે છે દરિયામા મુશાફરી કરવી પડે છે, નીચામા નીચા કામ (કતલખાના વગેરેમા નોકરી) કરી પાપી પેટ ભરવુ પડે છે વિમાનમા ઉડવુ, જીવનને જોખમમા ઝોકાવી લેવા જેવા કુવામા ઉતરી દરિયામા ડુબકી મારી-બળતી લાયમા દાખલ થઈ-ગોળીઓનો વર્ષાદ વર્ષતો હોય ત્યા પ્રવેશવુ પડે છે, અને અનેક સ કટો સહન કરી જીવની આહુતી આપવી પડે છે એ બધુ કાળા કર્મ કરાવનાર પાપી પેટની ખાતરજ કરવાનુ હોય છે સપ્ત દુર્વ્યસન એટલે કે મદિરા પીવો, માસ ખાવુ, સિકાર કરવો, વેશ્યા સમાગમ સેવવો, જુગાર રમવો, ચોરી કરવી, અને પરસ્ત્રીપરરાગ એ સાત નઠારા વ્યસનો છે, તે પણ પેટની પ ચાતના અ ગેજ સેવવા પડે છે જીવ્હા-સ્વાદવશથી હોટલની અ દર સ્પર્શાસ્પર્શ અને વર્ણાશ્રમની બિલકુલ દરકાર નહી રાખતા શીખ ડ, બાસુદી, પુરી, ભજીયા, ખમણ ઢોખળા, અને ચાહ, લેમન, સોડા, રાસબરી, ચટણી, શરબત, મુરબ્બા વગેરે ખાવાની લહેજતથી ઉપયોગ થાય છે તેમજ તીખા તમતમા, વધાર્યા, છમકાર્યા, તળ્યા, તાવ્યા, કચોરી, દહીવડા, ઘુઠટિક્યા, આઇસ્ક્રીમ અને કુલ્ફી વગેરે વગેરે સ્વાદિષ્ટ પણ પરિણામે ચેપી

રોગો સાસર્ગિક રોગો અને ત્વચારોગોને જન્મ અપાવી જીવનભ્રષ્ટ કરે છે તથા ત્યા જવાથી લક્ષ્યાલક્ષ્ય, પેયાપેય, સારાસાર, કૃત્યાકૃત્ય અને ગમ્યાગમ્યનો પણ વિચાર રહેતો નથી ખાવાનુ–પીવાનુ ચૂસવાનુ–ચાટવાનુ ભોજન લઇ થોડો વખત જીભને રાજી રાખવા ચાહે છે, પરતુ જ્યારે એવા મનમાનતા ખાણા પીણા મળતા નથી તો મહાન્ દુ ખ લાગે છે, જીવ્હાસ્વાદથી ન્યાત જાતની પણ પરવાહ ન રાખતા મરજી મુજબ આચાર આચરાય છે જીવ્હાસ્વાદ વશથી ધર્મકર્મ વ્રત નિયમ પચ્ચખ્ખાણ પણ અગીકાર કરી શકાતા નથી, તથા જીભને રાજી રાખવા માટે જપ તપ યોગાદિ સત્કર્મ પણ સેવી સકાતા નથી રસલોલુપતાના અગે આત્મકલ્યાણ પણ આરાધી શકાતુ નથી અને જીભના સ્વાદ પ્રભાવવડે અનેક પાપાચરણને આદર આપવો પડે છે, માટે જેમ બને તેમ રસનેદ્રિયના વિષયને રોકી એટલે કે સારા નરસા સ્વાદને સમાન માની ઉદર પોષણ જેટલુજ કાર્ય રાખી જીવન ગુજારી આત્મશ્રેય કરવુ એ ઉત્તમોત્તમ માર્ગ છે સ્વાદનો ચસ્કો મટશે કે રસનેદ્રિય પર જીત મેળવી મનાશે અને ઈદ્રિયપરનો કાબુ હાથ થવાથી આત્માનો વિજય જ હાથ લાગ્યો સમજાશે કેમકે ઈદ્રિયો વશ થઇ કે તે જીતેદ્રિય મનુષ્ય ધારે તે કરી શકે છે અને યોગાદિ કર્મસેવન કરી પોતાના જીવનને સફળ કરે છે જેથી પરમસુખ એની મેળેજ હાજર રહે છે કારણ કે યોગાનદી મહાત્માઓ તો એમજ માને છે કે રસ ગધ રૂપ સ્પર્શ અને શબ્દ એ મારા વિષયો નથી તે દેહના વિષયો છે અને હુ દેહપ્રપચથી પર—ન્યારો છુ જેથી મારે તેઓની સાથે શો સબધ છે અને જ્યારે તેઓનો સબધ છૂટી ગયો છે ત્યારે તેઓનો લેપ પણ ક્યાનો હોય અને લેપ ન હોય તો પછી તે નિર્લેપ હોવાથી પૂરો યોગી છે તો તેવા

યોગીને આત્મસિદ્ધિ દુર્ગમ નથી મતલબ કે જ્યા લગી શરીરથી જે ક્રિયા કરે છે, વચનથી જે કઇ બોલે છે અને મનથી જે કઇ ચિતન કરે છે તે સઘળાની અદર હું કરૂ છુ, હુ બોલુ છુ અને હુજ ચિતન કરૂ છુ ત્યા લગી જ તે સસાર છે મન વચન ને કાયા જે કઈ પોતપોતાના વ્યાપાર ચલાવે છે તેનો ફક્ત હુ તો સાક્ષી ભૂત જ છુ, આમ નિર્બંધન રૂપ રહેવામા આવે કે નવીન કર્મ બધનમા ન બધાતા પોતાના સહજ શુદ્ધ સ્વરૂપમા રમણ કરી શકે તો તેથી ક્રમે કરી મોક્ષજ નજદીક માલમ પડે છે અર્થાત્ મન, વચન ને કાયા તથા તેમની મદદથી બનતા સકળ કામો એ હુ નથી અને તે કર્મો મારા નથી હુ તો શુદ્ધ નિષ્કળ, ચિદાનદમય આત્મસ્વરૂપ છુ પરતુ તેમા નિયમ એ રાખવો યોગ્ય છે કે મન વચન કાયા અશુભ ક્રિયાની અદર પ્રવર્ત્તતા હોય તેમને શુભ ક્રિયા અદર પ્રવર્ત્તાવવા અને જ્યારે મન વચન કાયા શુભક્રિયા અદર રસબસ રહેવા લાગ્યા તેમજ અશુભ ક્રિયા ભણી વૃત્તિ પણ થતી નથી ત્યારે તે મન વચન કાયાને ધીરે ધીરે મનોવર્ગણાની મદદવડે શુદ્ધ નિજસ્વરૂપનુ ચિતન ચિતવરાવવામા દોરવા અને તેમા દોરાતા દોરાતા પ્રથમ મન થોડીવાર સ્થિરતા ધારણ કરવા લાગશે અને જ્યારે મન કઇ સ્થિરતાને સેવતુ થયુ ત્યારે આનદમય, જ્ઞાનમય પ્રકાશની ઝાખી થવા લાગશે તે પણ અનાદિ સમયથી અજ્ઞાનતાનો પરિચય ચાલુ હોવાને લીધે તે સ્થિરતા ક્ષણિક સમય પછી છિન્નભિન્ન થઇ જશે, માટે તે સ્થિર થવા સબધીનો વારવાર અભ્યાસ કરી એ જ્ઞાનસસ્કારની વૃદ્ધિ કરવી અને અતે એટલા લગી કે એ જ્ઞાનસસ્કાર જાગૃતાવસ્થામા તો શુ પણ સ્વપ્નાવસ્થામા પણ જાગ્રત જ રહ્યા કરે આવો જ્ઞાનસસ્કાર મજબૂત થવાથી ક્રમે કરી અલ્પ ભવમા મોક્ષની ઋદ્ધિનો ભોક્તા થાય જ્યારે આત્મા પરવસ્તુ

એટલે કે વિષયકષાયને પુષ્ટિ આપનારી સાસારિક બાબતોમા વિરક્ત થવાથી આત્મા પોતે જ પોતાનામા રહેલા અમૃતનો સ્વાદ ધીરે ધીરે લેવા લાગશે અને તે સ્વાદ સદા મળતો જ રહેતા અખડાનદ સુખની પ્રાપ્તિ થશે જે આત્મવિભ્રમ વડે પેદા થયેલુ દુખ તે આત્મજ્ઞાન વડે જ નાશ થાય છે, પરતુ જેને આત્મજ્ઞાનનો જ સસ્કાર ન હોય તેને તપ વગેરે સકળ ક્રિયા દુખનો નાશ કરી શકતીજ નથી માટે આત્માને ઓળખવો, જાણવો, આત્માવિષે જ ચર્ચા ચલાવવી, આત્માનીજ વાત કરવી અને તે આત્માસબધીજ વિચાર કરવો કે જેથી સઘળી ભ્રાતિ જતી રહે અને આત્મા નિજસ્વરૂપમા સ્થિતિ પામે એ નિ સદેહનો વિષય છે ૧૦

सुख दुखात्मके स्पर्शे समायाते समोयदा ॥
भविष्यसि भवाभावी तदा ते परमं सुखम् ॥ ११ ॥

શબ્દાર્થ — હે ચેતનાત્મા ! જ્યારે તને સુખકારક અને દુખકારક સ્પર્શ પ્રાપ્ત થવા છતા સમ ભાવ કાયમ રહેશે અને ભવનો અભાવ થતા આઠે કર્મથી મુક્ત થવાશે ત્યારે જ પરમ સુખ પ્રાપ્ત થશે. ૧૧

સ્પષ્ટાર્થ:—જ્યા લગી મન, વચન ને કાયા એ ત્રણેને આત્મા ઇચ્છાપૂર્વક ગ્રહણ કરે ત્યા લગી તે આત્માને જન્મમરણ–ભવભ્રમણ છે અને મન, વચન ને કાયા એક બાજુ ભણી અને બીજી બાજુ ભણી હુ શુદ્ધ ચૈતન્ય એવુ યથાર્થ ભેદ જ્ઞાન થયુ કે તે મોક્ષ છે આ શરીર તેજ આત્મા એવુ જે જ્ઞાન છે તેજ ભવોભવનુ કારણ–બીજ રૂપ છે અને પોતાનો આત્મા તેજ હું એવુ વિશેષ જ્ઞાન તે

ભવોભવથી છોડાવનાર–મુક્તિ છે આ આત્માજ પોતે પોતાના આત્માને ભવોભવમા લઇ જાય છે અને આ આત્મા જ સ્વાત્માને મોક્ષમા પણ પહોચાડે છે, માટે જ આત્મા જ આ આત્માનો ખુલ્લી રીતે દુશ્મન પણ છે તેમજ ગુરૂ–ઉપદેશ દાતા પણ છે, તથા હિતકર મિત્ર પણ છે કે જેને સર્વથી પ્રથમ ઓળખી લેવાની ખાસ જરૂર છે આત્મજ્ઞાન થયા પછી તે શરીરને આત્માથી ભિન્ન જ દેખે છે, તેમજ શરીરથી આત્મા પણ ભિન્ન જુદાજ છે, માટે જે સમય મરણુ સમીપ હોય તે સમય અગને એવી રીતે ત્યાગી દે છે કે જાણે વિષ્ટાથી લેપાયલુ વસ્ત્ર ત્યાગ કરાય છે જે દેહ અને આત્માનો ભેદ સમજે છે અને અતરમા આત્મતત્ત્વ તથા બાહર શરીરને દેખે છે એ નિપુણભેદ દૃષ્ટિવડે તે પોતાના આત્મસ્વરૂપથી કદી પછાત પડતો નથી આત્મ નિશ્ચય થાય તે પહેલા આ જગત્ દીવાના સમાન જણાય છે, પણ આત્મદર્શનની દૃઢ વાસના થવા પછી તેજ જગત્ માટીના ઢેફા સમાન જણાય છે

સ્પર્શ એ આત્મા નથી અને જ્યારે તે આત્મા નથી ત્યારે તે સ્પર્શ સારો છે કે ખોટો અગર મારો તેની સાથે અમુક સબધ છે કિવા તેનાથી શુ સુખ મળે છે કે શુ દુખ થાય છે તે માનવાને જ કારણુ મળતુ નથી એ બધા વિષયો દેહના છે દેહ આત્માથી પર છે જેથી દેહના વિષય આત્માને અડચણુકર્તા શી રીતે ગણાય ! શરીરનો સ્પર્શ ખડબચડો સુવાળો એ પૈકી સુવાળો સ્પર્શ સુખદાયક અને ખડબચડો કટાળો આપનાર કિવા રોગયુક્ત શરીરનો સ્પર્શ મહા સતાપદાયક હોય તેના મિલાપથી દુખ થવુ માને અને રાગ દ્વેષની પુષ્ટિ થવા રૂપ એ કર્ત્તવ્યનુ પોષણુ કર્યા કરે જ્યા લગી સરસા નરસા સ્પર્શથી રાજી વિરાજી થવુ બધ પડતુ નથી ત્યા લગી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, અતરાય

અને આયુ એ આઠ કર્મનો અંત લાવવા સમર્થ થઇ શકાતુ નથી અને આઠ કર્મનો નાશ થતો નથી તો ભવભ્રમણનો અંત આવી મોક્ષસિદ્ધિ સંપાદન થઈ શકતી જ નથી કેમકે આત્માને પરવસ્તુ સંસાર વૈભવાદિ સંબંધિ વિષયકષાય પ્રપંચના સબંધમાંથી કર્મ બંધન થાય છે, તેમજ આત્મા અને પરવસ્તુના ભેદ અભ્યાસથી કર્મ મોક્ષ થાય છે બંધનુ કારણ પરવસ્તુની અંદર આત્મભ્રાંતિ છે અને મોક્ષનુ કારણ સ્વવસ્તુમા સ્વપણુ અને પરવસ્તુમા પરપણુ જાણવુ, માનવુ તેમજ આચરવુ એ છે જ્ઞાનીને સંસાર સારી પેઠે ગતિ કરવાનુ રમણ સ્થળ છે અને અજ્ઞાનીને સમાગ ભવ ભ્રમણ કરવા રૂપ છે અજ્ઞાનીને સર્વ દુ ખ પૂરિત છે અને જ્ઞાનીને સર્વ આનંદમય ભાસે છે જ્ઞાનીને ભવોભવ થવા એ રમત છે અને અજ્ઞાનીને ભવાભવ થવુ એ ભટકવા-વેઠરૂપ છે, જ્ઞાની આનંદઘન સમ્રાટ આ ચૌદરાજ લોકમા ૮૪ લાખ યોનિસ્થાન અંદર ગતિ કરવી એ ચોપટની રમત સરખુ સમજે છે અને અજ્ઞાનીને તે કેદખાના સમાન જણાય છે જે જે વસ્તુની અંદર અજ્ઞાનીની પ્રીતિ થાય છે તે તે વસ્તુઓ અંદર સામુ જોતા તેને દુ ખ દેનારી જ હોય છે પરંતુ જે વાતથી તે ડરે છે તે જ વસ્તુ તેને આનંદમંદિરની ભેટ લેવરાવે છે માટે સ્પર્શાદિ પરવસ્તુના વિષયપરથી રાગ દ્વેષ ત્યાગી દે કે જેથી પરમ-પદ પ્રાપ્ત થાય છે રાગ દ્વેષ જવાથી ચિત્ત સ્ફાટિકવત્ અત્યંત સ્વચ્છ થવાને લીધે આત્મતત્ત્વનુ ભાન થાય છે કે આખર એના પરિચય પ્રસંગે પરમપદ પ્રાપ્ત થયા વગર રહે જ નહી ૧૧

मुक्त्वा क्रोधं विरोधं च सर्वं संतापकारकम् ॥

यदा सम सुधी सित्कं स्तदा ते परमं सुखम् ॥ १२ ॥

શબ્દાર્થઃ—હે જ્ઞાનકોષાત્મા ! સઘળા સંતાપના મૂળ

કારણ રૂપ ક્રોધ અને વૈરભાવને જ્યારે તુ મૂકી દઇ સમ
પરિણામ રુપ અમૃતનુ પાન કરી હૃદયને સિંચીશ ત્યારેજ
તને પરમ સુખ થશે ૧૨

સ્પષ્ટાર્થ —ક્રોધ અને વિરોધ, માન-માયા-લોભ-મોહ-રાગ-દ્વેષાદિ દરેક વિષયકષાયની જન્મભૂમિ છે, ક્રોધ અગ્નિજ્વાળાના પ્રકોપવત્ હોવાથી જે એને પાળેપોષે છે તેને પણ બાળી ભસ્મ કરે છે એવો નિમકહરામ છે, અને તે પછી આડોસી પાડોસીના મકાનોને પણ તે ક્રોધજ્વાળા ભસ્મીભૂત કરી દે છે. ક્રોધ શરીરની અંદર પેદા થતા જ લોહી વગેરેને તપાવી, પિત્ત ભડકાવી અવિવેકના કાર્યો હાથ ધરાવે છે ક્રોધવશ થતા તેને લગતા કેઇક રોગોને જન્મ મળે છે, કેઇક રોગોને વધારે છે અને શાંતિનુ સત્યાનાશ વાળે છે ક્રોધ સમજ ઉપર પાણી ફેરવે છે, પ્રીતીનો ભંગ કરે છે, ભણતર ઉપર અવળુ ચણતર ચણી દઇ કર્જેતીને ફાળકે ચઢાવે છે, મિત્રતાનો નાશ કરે છે, સંપજંપનુ નિકંદન કરે છે, વિવેકને વિસરાવે છે, અકૃત્યને આદર આપે છે, વૈરવિરોધનો વધારો કરે છે, સ્વાર્થનો ભંગ કરે છે, પરમાર્થનુ-આત્મકલ્યાણનુ અને માંગલિક કરણીનુ અહિત કરે છે, નિદ્રાનો ભંગ કરે છે, નિંદાને વધાવી લે છે, ચિકણા કર્મોને આમંત્રણ આપે છે, ધર્મની હાનિ કરે છે, તપ જપ યોગાદિનો નાશ કરે છે, અપયશને વિસ્તારે છે, હિતને હણે છે, શુભકરણીને નિષ્ફળ કરે છે, મંત્ર તંત્ર યંત્ર સાધનાદિ ક્રિયાને ભ્રષ્ટ કરે છે, વ્યવહાર વ્યાપારને ધોખો લગાડે છે, સૌજન્યતા સભ્યતાને ખલેલ પહોચાડે છે, સંતાપનો વધારો કરે છે, સુખને દેશવટો દે છે, સંતાનોની આડે આવે છે, દેવ ગુરુ ધર્મ વડીલ

આદિની મર્યાદા વિનય વગેરે જાળવવામા નડે છે, અને સારા ગુણોને બદનામી આપી દુર્ગતિના દ્વાર ખુલ્લા મુકે છે માટે ક્રોધ સર્વ રીતે અને સર્વસમયે સતાપ કરાવનાર છે તેનો સપૂર્ણ રીતે ત્યાગ કરવાની ખાસ જરૂર છે તેમ વિરોધ પણ સર્વથા ત્યજવા યોગ્યજ છે ક્રોધ વિરોધથી શત્રુઓની વૃદ્ધિ થાય છે, લોકોમા અપકીર્તિ થાય છે અને સ્વપરહિતનુ મૂળ કહાડે છે, માટે જ સમતારૂપી અમૃત સેવવાથીજ ક્રોધવિરોધાગ્નિનો દાહ શાત થાય છે. સમતાવડે સર્વ બાજી સુધરી પરમસુખ પ્રાપ્ત થાય છે અમૃત જેમ જીવન બક્ષે છે, તેમ ક્રોધની શાતિ સમતા–ક્ષમાથીજ છે સમતા એજ શાતિમદિર છે, સમતા સર્વકાર્ય સાધનારી છે, સમતા ઉભય જન્મ સાધનારી–સફળ કરનારી છે, અને સમતા એજ પરમશર્મદાયિની છે, માટે સદૈવ ક્રોધ ઉપર વિજય મેળવવા ક્ષમા–સમતા ધારણ કરી સતોષ પુરસર સતોષ સેવી આત્મકલ્યાણમા મશગુલ થવુ. ક્રોધસમાન આત્માનો કોઇ કટ્ટો દુશ્મન નથી ક્રોધ ઉચ્ચગુણોનો ઘાતક અને ભવભ્રમણને મદદ આપનાર છે માટે જેમ બને તેમ ક્ષમાનુ શરણુ ગ્રહણ કરી ક્રોધ વિરોધને જલાજલી આપવી તેથી ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે

મન, વચન, કાયાની વિશુદ્ધિથી સ્થિરતા મેળવી, મૈત્રાદિ ભાવનાઓ ભાવી શુભ ક્રિયા અદર પ્રવર્ત્તમાન કરી પરિણતિ સુધારવી જેથી ક્રોધની જગાએ ક્ષમા, માનની જગોએ નમ્રતા, માયાની જગોએ સરળતા અને લોભની જગોએ સંતોષ પ્રાપ્ત થશે અને તેના પ્રભાવવડે કર્મ કરી સમ્યક્ત–અતરાત્માપણુ આવશે. અને બહિરાત્મભાવ–મિથ્યાત્વપણુ ભાગવા માડશે. આ

અભ્યાસવડે ઉત્તરોત્તર અવ્રતિપણું બંધ પડી વ્રતિપણું સ્થિર થશે, એટલે કષાય મટી જતા આત્મકલ્યાણનું દ્વાર ઉઘડશે; માટે ક્ષમા સાધી ક્રોધ વિરોધનો વિજય કર કે પરમ સુખરૂપ મુક્તિ મેળવાય.૧૨

मृदुत्वे नैव मानाद्रिं यदा चूर्णिं करिष्यति ॥
मत्वा तृणमिवात्मानं तदा ते परमं सुखम् ॥ १३ ॥

શબ્દાર્થ—હે જીજ્ઞાસુ જીવ! જ્યારે તું નિજાત્માને તૃણ સમાન માની કોમળપણા વડે માનરૂપી પર્વતનું ચૂર્ણ કરીશ ત્યારેજ પરમ સુખ પદ પામીશ ૧૩

સ્પષ્ટાર્થ—ક્રોધ જેમ ક્ષમાથી શાંતિ પામે છે તેમ માન નમ્રતાથી શાંતિ પામે છે કોમળ વાણી–મીઠી વાણી–હિતકર વાણી વડે આત્મતત્ત્વ જ્ઞાન રૂપ કોમળ શસ્ત્રથી માનરૂપ પહાડને ખણી નાખવો માનરૂપી પહાડ ભયંકર, અભેદ્ય અને અજીત જેવો છે માટે પોતાની આત્માને તુચ્છ માની નિરાભિમાનપણે વર્ત્તી પરમાનંદ મેળવવો માન–અહંકાર–ગર્વ, એ ગુણોનું રોકાણ કરનાર છે, વિદ્યાને અવળે રસ્તે દોરનાર છે, ગુણવાનની ભક્તિ કરવામાં આડે આવનાર છે, અવિવેકતાને પોષનાર છે, સજ્જન વર્ગમાં હલકાઇ પાડનાર છે, મૈત્રિ તેમજ કરૂણાદિભાવનાને ખંડન કરનાર છે, ચતુર્વર્ગ સંગ્રહ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) નો પંથ બંધ પાડનાર છે, દાનસન્માન સુકૃત્યનું સત્યાનાશ વાળનાર, કંકાશના મૂળરૂપ, પ્રતિષ્ઠા સાથે શત્રુતા ધરાવનાર અને કાર્યસિદ્ધિનું રહસ્ય રોકનાર છે. સભ્યતાથી શત્રુતા કરાવનાર, ઉચ્ચ ભાવનાઓનો રોધ કરનાર અને એકંદરે જોતા સંયમ જપ તપ વ્રત યોગાદિનો ભંગ કરનાર હોવાથી સર્વથા માનનો ત્યાગ કરી કોમળવાણીવંત થવું કે જેના

લીધે માનપર્વતનુ ચૂર્ણ થતા પરમ સુખ સપાદન થાય મતલબ કે, મન વચન ને કાયા એ હુ નથી, અને એથી એ ત્રણેયેથી ભોગવાતા વિષયો પણ મારા નથી, પરતુ દેહના છે હુ દેહથી ન્યારો છુ પરવસ્તુમા મારે કશો સબધ નથી. આવી બુદ્ધિ થવાથી શારીરાદિક અને વિષયાદિકમાથી રાગ તેમજ દ્વેષ મુક્ત થતો જશે કારણ કે રાગ દ્વેષ એ બહિરાત્માના વિષયોમા હુ ને મારૂ એવી બુદ્ધિથી ઉત્પન્ન થાય છે અને જે જે અશે રાગદ્વેષ આત્મામાથી છૂટા થતા જશે તે તે અશે આત્મા સ્થિરતા અનુભવતો જશે અને તે એટલા લગી કે પોતે અગાઉ કદિ પણ નહિ અનુભવેલી શાતિ પામતાજ અનુભવશે એવી શાતિ અને સ્થિરતા અનુભવતો જ આત્મા અતરાત્મા લેખાય છે અને એ અતરાત્મા બહિરના વિષ-યોથી વિમુખ થઈ પરમાત્માની સન્મુખ થઇ તેમના દર્શન કરવા યોગ્ય થાય છે અર્થાત્ અનાદિ કાળથી મન વચન કાયા અને તેના વિષયો એ પરવસ્તુ છે માટે એની સાથે પ્રીતિ તોડી દઇ પરમાત્મા સાથે પ્રીતિ જોડવા જેવી લાયકાત પ્રાપ્ત થાય છે અને લાયક થતા પરમપુરૂષ પરમાત્માની સાથે સ્નેહ કરાય તો ગુણગેહરૂપ આ આત્માજ પરમાત્મ સ્વરૂપનો ભોક્તા થાય છે. માટે બહિરાત્મભાવ-મિથ્યાત્વદશા છોડી દઇ સમ્યક્ત્વદશા સેવી માનનો ત્યાગ કરો કે આનદનો પૂર્ણ અનુભવ થાય જ્યા લગી બહિરાત્મા એટલે કે મન વચન કાયા વગેરેમા જેને આત્મભ્રાતિવડે આત્મબુદ્ધિ થાય તે મોહ-નિદ્રામા ઘેરાઇ રહેલો ચેતન તે બહિરાત્મા કહેવાય છે કે જે પોતાની ખરી રીતે નથી એવી પરાઇ વસ્તુઓમા લુબ્ધ થનાર છે તે પર-માત્માને પામી શકતો જ નથી. પણ જ્યારે બહિરાત્મદશા (મિથ્યાત્વ)ને ત્યાગી જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સમ્યક્ત્વને સેવે ત્યારે અતરાત્મની લાયકાત સાથે પરમાત્મપદના ભાગી થવાય છે એટલે કે બાહેરની વસ્તુઓથી

વિરક્ત ર૪ પરમાત્મામા નિષ્ઠા જોડાય કે અતરાત્મા ભ્રાતિ અધ-કારથી દૂર રહેનાર થાય છે અને તે પછી પરમાત્મા એટલે કે કર્મ વગેરેના લેપ વગરના હોવાથી નિર્લેપ, અમગ હોવાથી નિકળ દ્રવ્ય ભાવ કર્મથી રહિત હોવાને લીધે પરમશુદ્ધ, પરમપદ પામેલ હોવાથી નિષ્પન્ન, અવ્યાબાધ હોવાથી આનદમય, વિકલ્પ રહિત હોવાથી નિર્વિકલ્પ અને અનતજ્ઞાન–અનતદર્શન અનતચારિત્ર તથા અનતવીર્યરૂપી લક્ષ્મીના ભોક્તા થવાથી સિદ્ધ થયા તે પરમાત્મા કહેવાય છે, તે પરમાત્માનુ બાહેરના વિષયોથી વિરક્ત થતા અતરા-ત્મવડે અત્યત વિશુદ્ધિયુક્ત ધ્યાન કરવુ એજ પરમ સુખદ છે ૧૩

यदा मायामिमां मुक्त्वा परवंचन तत्पराम् ॥
विधास्य स्यार्जववयं तदा ते परमं सुखम् ॥ १४ ॥

શબ્દાર્થ—હે કલ્યાણેચ્છુ આત્મન્! જ્યારે તું બીજાને છેતરવા તત્પર જે માયા–કપટ તેનો ત્યાગ કરી આર્જવતા–સરલતાને ધારણ કરીશ ત્યારેજ પરમ સુખ પ્રાપ્ત કરીશ ૧૪

સ્પષ્ટાર્થ—માયા એટલે કપટપ્રપચ જે બીજાઓને ઠગવા માટે ઉત્કૃષ્ટ સાધન છે અને તે માયાનુ સ્વરૂપ તરવારની તાતી ધાર ઉપર ચઢાવેલી ચાસણી સમાન હોવાથી મિઠાસની લાલચે ચાટવા જતા જીભનો નાશ થાય છે અને જીભના નાશથી પ્રાણ પરલોક જાય છે, માયાજાળ મહાન્ જબરદસ્ત છે કે કેટલીકવાર પ્રપંચ કુશળ જનો પોતાની વાગ્જાળ–પેચમાથી ભલભલા રાજા મહારાજા વિદ્વાન અને ચતુરશિરોમણીને પણ નિકળવા ન દે અથવા તો જાણવા

ન પામે તેવી હોય છે માયા–કપટનો ઉપયોગ કરનાર જો કે મીઠું મીઠું બોલી કાળજું કોલી ખાય છે અને મન ધન હરણ કરી પોતાનો સ્વાર્થ સાધી લે છે તથાપિ તે મીઠી વાણીની અંદર હાળાહળ ઝેર સમાન દગલબાજી રચાઈ રહેલી હોવાથી પરિણામે મહા હાનિ હાથ લાગે છે, માટે ખોટી મિઠાસરૂપ નમનતાઈ બાજુપર મ્હેલી સાચી સરલતા ઉપયોગમા લેવી યોગ્ય છે, કેમકે સરલતાથી અને નમ્રતાથી ગુણોનુ આગમન થાય છે સર્વજનોને વલ્લભ થવાય છે શત્રુ પણ શત્રુતા ત્યાગી દે છે અને સૌજન્યતાદિ ગુણો શોભા પામે છે

નમ્રતા અને સરલતા સત્યપણે સેવાય તો જ પરમ પ્રસશનીય મનાય છે, ને પ્રપચપૂર્ણ હોય તો તે વિપભરિત ઘડાને મ્હોડે અમૃત બતાવવા રૂપ છે મારવાની રચનાવત હોય છે, તે સરલતા અને નમ્રતા દગાની ગરજ સારે છે માટે કપટકળાનો અશ પણ ન હોય તેવી વિશુદ્ધ નિષ્કપટતા ધારણ કરી જગતજનોને ઠગવાનુ છોડી દઇશ તો જ હે જીવ ! આત્મકલ્યાણ થશે

કપટજાળ મનથી ગુથાય છે, વચનથી તેનો ઉપયોગ થાય છે અને કાયાવડે દાવપેચના લાભ લેવાની કોશીશ કરાય છે કપટીજન પોતાનો સ્વાર્થ પૂરો પડતા લગી સ્હામાએ કરેલુ અપમાન તિરસ્કાર–ગાલિપ્રદાન અને માર સુધાત પણ સહન કરવામા પાછો પડતો નથી, નફટતા, નિર્લજ્જતા અને નિરાભિમાનતા એ તો કપટીને ભજી લેવી જ પડે છે, કેમકે સ્વાર્થ સાધવા વાસ્તે એ બધાઓની દરકાર રાખે તો જ લાભ થાય છે, માટે તેના પૂજારી બનેલા જ રહેવુ પડે છે, એટલે અતરમા કાળા કર્મ કરવાની બાજી રમાતી જાય છે અને ઉપરથી સરલતા દર્શાવી તેને પાર પાડવા

યત્ન આદરે છે જેથી ચીકણા કર્મ બધાય છે એટલે દુર્ગતિનાં દ્વાર ખુલ્લા થવા માટેનો માર્ગ લેવાય છે એ જ માટે માયા પ્રપચનો સર્વથા ત્યાગ કરી નિ પ્રપચતા નિરતર સેવી તથા બીજાને ઠગવાની રચનાને તિલાજલી દઈ સુકૃત્ય સાધનમા લીન થવું કે જેથી અવશ્ય ઉત્કૃષ્ટ સુખ હાજર રહેશે કારણુ કે કપટ એ બાહ્યેરના પ્રપચ છે-મિથ્યાત્વના સાધનો છે-બહિરાત્મપણાથી પૂર્ણ છે અને પર વસ્તુ છે જેના લીધે પર વસ્તુમા રાચવાથી ભવની વૃદ્ધિનાજ કારણો ઉપસ્થિત થાય છે અને ભવવૃદ્ધિ વિદ્યમાન રહે તો મોક્ષ સપદાની પ્રાપ્તિ સભવે જ કયાથી ? માટે જ પરમપદરૂપ વિષયકષાય અને તેના વિષયોનો ત્યાગ કર્યા વિના આત્મ-સિદ્ધિ-સપદા પમાતી જ નથી તો તુ અવશ્ય જે જે નડનારી-આડે આવનારી બાબતો છે તે તે બાબતોને બિલકુલ છોડી દઇશ કે તુરત તને પરમ પદની ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત જ થશે એમા કિંચિત્ શસય નથી ૧૪

यदा निरीहता नावा लोभांभोधिं तरिष्यसि ॥
संतोषपोषपुष्टःसन् तदा ते परमं सुखम् ॥ १५ ॥

શબ્દાર્થ—આત્મગુણગવેષક ! જ્યારે તું સતોષ રૂપી પોષણ વડે પુષ્ટ થઇ નિષ્પ્રહ રુપ નાવ વડે લોભ રુપી મહાસાગરને તરીશ ત્યારે જ તને પરમ સુખ થશે અર્થાત્ પરમપદ-મોક્ષ મળશે ૧૫

સ્પષ્ટાર્થ—લોભ એ મહાસાગર સમાન છે કે જેને તરવો કે થાહ મેળવવો એ મહા મુશ્કેલ છે. '**लोभ मूलानि पापानि**'-લોભ એજ પાપનુ મૂળ છે પાચ મળે કે પચીશ મેળવવા મથે છે,

પચીશ મળ્યા કે પચાશ સો હજાર એમ લાખોથી બાથો ભરે છે પણ લાલસાનો પાર આવતો જ નથી લોભને વશ્ય થતા મનુષ્ય હિંસા જૂઠ ચોરી વ્યભિચાર અને દુર્વ્યસનાદિ સેવે છે અને પાપ સ્થાનકો સેવી દુર્ગતિના દુખ વેઠનાર થાય છે લોભના પ્રતાપ વડે સદ્ધર્મ સેવન, ગુરુભક્તિ, તેમ જ દેવસેવા, ધ્યાનાદિ તથા તપ, જપ, વ્રત, તિર્થયાત્રા, સ્વામિવાત્સલ્યતા, અતિથિ અભ્યાગતનો સત્કાર, પરોપકાર, દીનહીનની સારવાર અને સાર્વજનીક હિતની બાબતો વગેરે વગેરે સભાળી શકાતી જ નથી લોભના જોરથી ધર્મોપદેશ શ્રવણ થઈ શકતો નથી લોભ પાપની પ્રતિષ્ઠા અને પ્રસૂતિ રૂપ છે દ્વેષ અને ક્રોધ વગેરેને ઉત્પન્ન કરનાર છે, પાપના કારણરૂપ અને નિંદાનાપાત્ર ભૂત છે લોભથી ક્રોધ,દ્રોહ, કામ,મોહ અને નાશ હાજર રહે છે, બુદ્ધિ ચલિત થાય છે, આશા વધે છે અને તૃષ્ણાની પ્રબળતાથી દુષ્ટગતિના ભાગી થવાય છે માટે જ લોભને જીતનાર સતોષને પૂર્ણપણે સેવવા અને તે પછી નિઃસ્પૃહના-બેદરકારતા સાથ ધન વ્યય કરવા માટે ત્યાગ રૂપ નાવ હાથ કરી લેવી જેના સહારાથી લોભસમુદ્રની પાર જવાય છે **संतोषात् परमं सुखम्** સતોષ એજ પરમ સુખનુ કારણ છે તેમજ સતોષ અને નિષ્પ્રહતા એ બે લોભના પ્રતિસ્પર્દ્ધિ છે, જેથી તેમના સેવનવડે લોભ જીતાય છે માટે સતોષની પુષ્ટતાવડે નિષ્પ્રહતા રૂપ નાવને હાથ કરી સુરતા સુકાન સાથ લોભસાગર તરવા જ્યારે તત્પર થઈશ ત્યારે જ હે જીવાત્મા ! તુ પરમપદનુ સુખ મેળવીશ કેમકે સતોષરૂપ અમૃતથી તૃપ્ત થએલ અને શાત ચિત્ત વાળા પુરૂષોને જે સુખ મળે છે, તે સુખ આમ તેમ દોડનારા ધનના લોભી જનને કદી પણ મળી શકતુ જ નથી નિશ્ચિત, ઇન્દ્રિયોને દમન કરનારા, શાત, સમાન વૃત્તિવત અને સદા સતોષી એવા જનોને સર્વ દિશાઓ સુખમય હોય છે

જે કોઇની પાસે યાચના-પ્રાર્થના-અરજ-આજીજી કરતા નથી તે જનોની મોટાઇ ટકી શકે છે, સુખ પણ તેમાજ છે, યશ, ઉત્સાહ અને સૌભાગ્ય એ પણ સતોષાધિનજ છે. બીજાને સંતાપ કર્યા વગર, દુષ્ટજનો પાસે નમનતાઈ દર્શાવ્યા વગર અને સત્પુરૂષોનો માર્ગ છોડયા વગર જે કઇ યત્કિંચિત્ મળે તે પણ ઘણુ છે, એવો સંતોષ સેવવો યોગ્ય છે પ્રાણિયોને જેવી રીતે પ્રાર્થના કર્યા વિના દુખો આવે છે તેવીજ રીતે નિમંત્રણ આપ્યા વગર દુખો પણ આવે છે તેથી જે દીનતા કરવી તે અધિક દુખ—પાત્ર છે જેનુ મન સતોષી છે તેને સર્વ જગોએ સપત્તિઓ છે, કારણ કે જેના પગ જોડાઓથી ઢકાયલા છે તેને તમામ જમીન ચામડાથી મઢેલી છે જે પુરુષોએ જગતને મોહ કરનારી આશારૂપી સાપણને જીતી છે તે પુણ્યવાન છે, તેને સતકોટી ધન્યાતિ ધન્ય છે અને તેઓ આ કલેશનો સમુદ્ર તરી પાર જાય છે, માટેજ સતોપ સેવી લોભનો અત આણવો કે જેથી પરમસુખ પ્રાપ્ત થાય ૧૫

कषाय विषयाक्रान्तं भ्रमत् स्वांत मनारतम् ॥
यदात्मारामं विश्रांतं तदा ते परमं सुखम् ॥१६॥

શબ્દાર્થ—હે પરમ સુખેચ્છક જીવ! જ્યારે તું ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય અને તેના વિષયો વડે ઘેરાયલુ અને નિરતર ભટકતુ મન તેને આત્મારૂપી બગીચાની અદર વિશ્રાંતિ આપીશ ત્યારે પરમ સુખ મેળવીશ.

સ્પષ્ટાર્થ—મનને દુષ્ટ માર્ગે દોરનાર ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય સોળ ભેદ યુક્ત છે (એ ભેદ પ્રથમ શ્લોકના સ્પષ્ટાર્થ અદર નવતત્ત્વ વિવેચનમા આવી ગયેલ ત્યા જોઇ લેવા

ધ્યાન દેવું.) તે કષાય અને વિષય વિકાર એટલે કે પાંચ ઇંદ્રિયોના ત્રેવિસ વિષયો છે, તથા અનંગ રંગની લીલા વગેરેથી રંગાયલું કિંવા તેઓના ઘેરાથી સપડાયલું-કેદી બનેલું અર્થાત્ ગુસ્સા-ગર્વ-કપટ-લોભ અને કામદેવના હુમલાથી જીતાયલું અથવા તો હમેશા તેમની છાવણીના છાપાથી ક્લિસ્ત થયેલું મન આમ તેમ પ્રતિપળે ભટકતું ઝૂરણા ખાચા ખોળતું-મતલબ કે એઓ કષાયો તેમ જ વિષયોના ધસારાના ત્રાસથી ત્રસિત બનતા જ્યાં ત્યાં સંતાતું કે શરણું ખોળતું અથવા તો અવિદ્યા-મિથ્યાત્વરાજની ખંડણી કબૂલ કરવાથી ખંડિયા તરીકે તેમની જ ઉન્નતિ કરવા માટે આમ તેમ તેમના જ લાભની ખબર મેળવતું નિરંતર વિચર્યા કરતું મન તેને જ્ઞાનવાસિત આત્મારામ એટલે કે જેની અંદર આત્માને આરામ વિશ્રાંતિ મળે તેવા સાધનોના ફળવાળા બાગમાં નિજાનંદ વિષે રમતું થશે, તો જ પરમ સુખ-સદ્ગતિ સ્વર્ગ અપવર્ગ-સંપદા પ્રાપ્ત થતાં અખંડાનંદ મેળવીશ, કેમકે કષાયો પ્રજ્વલિત અગ્નિવત્ હોવાથી તથા વિષય વિકારો હાળાહળ વિષ સરખા હોવાથી તેમના પ્રભાવ વડે કદી તેમના સહવાસી કે તાબેદારને પણ શીતલતા કે શાંતિ મળવા પામતી જ નથી અનેક ઉપદ્રવ કરનારા વિષય કષાયો પારાવાર દુઃખ અને કંટાળો આપનાર કિંવા દુઃખ દુર્ભાગ્ય તેમ દુર્ગતિ-દાતાર છે, તેઓનો સંગ કરી કોણ કુશળ રહેવા પામ્યું છે? રોગની પરીક્ષા કરી, શત્રુનો વિશ્વાસ કરી, પ્રાણઘાતક ક્રૂર પ્રાણિયોથી આત્મસંરક્ષણ ઇચ્છી અને વિષય કષાયોની કૃપા છતાં આત્મકલ્યાણની આશા રાખવી એ તદન મૂર્ખતાની જ નિશાની છે! રાત દિવસ ભયંકર સર્પોનો નિવાસ હોય ત્યાં નિરંતર વસવું, તથા વાઘના મ્હોંમાં હાથ રાખવો, ભરસાગરમાં વિના વ્હાણે પાર જવું, હાઈડ્રોસ્યાનિક ઍસિડ પી જીવનબલ કાયમ કરવું અને કુપાત્ર સ્ત્રીને

છાની વાત કહી નિશ્ચિત થવુ એ કેવળ ઘેલછા જ છે, વિષય કષાયોના રંગમા રંગાએલા છતા આત્મકલ્યાણની વાછના રાખવી એ નિરર્થક જ છે, માટે તેઓને સપૂર્ણ પ્રકારે ત્યજી દઇ સમગ્ર શાતિ પૂર્વક વિષય કષાયોથી વિરક્ત થઈ આત્મારામમા વિરામવું જેથી હે ભવભીરૂ જીવ ! તુ ખસુસ પરમ સુખરૂપ સ્વર્ગ શિવ સપત્તિનો અખડાનદ પ્રાપ્ત કરીશ એમા જરા પણ શક નથી, કેમકે નિર્વિકલ્પ મન એજ આત્મતત્ત્વ છે નાના પ્રકારના વિકલ્પથી પીડાયલુ હોય તે વખતે આત્મભ્રાતિ માટે મનને નિર્વિકલ્પ કરવુ, કારણ કે તેથી જ આત્માનુ સમ્યક્ તત્ત્વ પ્રકટ થાય છે અને સમ્યક્ત્વની સપૂર્ણ સેવનાથી મન શાત થતા જ નિષ્ક્રિય આનદમય બની પરમપદ પામે છે એટલે કે અનાદિકાળથી અજ્ઞાન–અવિદ્યા મિથ્યાત્વમા મુઝાઈ ગયેલુ ચિત્ત આત્મતત્ત્વથી પાછુ પડે છે, પરતુ તે જ ચિત્ત જ્ઞાનવાસના વડે મનમદિરમા રમણ કરતા પરમાત્માને નિહાળે છે એથી તે સ્વરૂપ પ્રતાપે પોતે જ્યોતિ સ્વરૂપ થાય છે ૧૬

यदा गर्वान्विता व्यर्था विमुच्य विकथास्समाः ॥
वचो गुप्त्याथ गुप्तोसी तदा ते परमं सुखम् ॥ १७ ॥

શબ્દાર્થઃ—હે શ્રેયસ્કર જિજ્ઞાસુ આત્મન્ ! જ્યારે તુ વિકથાવાળી ગર્વપૂર્ણ નકામી વાતોને છોડી વચનગુપ્તિએ કરી ગુપ્ત થઇશ ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે ૧૭

સ્પષ્ટાર્થ—ગત ગાથાની અદર મન–ગુપ્તિ સબધી બોધ આપ્યો અને અત્ર વચન–ગુપ્તિ સબધી બોધ દર્શાવતા કથન કરે છે કે, મનને ભટકતુ કબજે કરી વચનને પણ તેજ પ્રમાણે વશિભૂત કરવુ; કેમકે માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ્યે પ્રકારનાં

પાપ હોય છે તો તે વચન સબધી પાપદ્વાર પણ બધ થવાની અત્યાવસ્યક્તા છે.

વિકથામા **રાજકથા**–રાજાઓના પ્રકરણ સબધી–ઇતિહાસ સબધી કથાઓ વાર્તાઓ તથા **દેશકથા**–દેશોદેશ સબધી રીત રિવાજની બાબતો ભરી સારી નઠારી વાતો, **ભકતકથા**–ભોજન સબધી જિવ્હાસ્વાદની વાતો અને **સ્ત્રીકથા**–એટલે કે અમુક સ્ત્રી સારી, અમુક નઠારી અને અમુકની બાબત આમ છે એવી રાગ દ્વેષ પુર્ણ વાતો કરવી તે વિકથા કહેવાય છે વિકથામા મન દેવાથી અમૂલ્ય માનવ–જીવનનો અમલ્ય ટાઇમ નકામી ગપ્પા અને ગર્વ ભરી વાતોમા ગાળી દેવો એ કેટલી બધી ગાડાઈ છે કેમકે વિના ફાયદે કાળધનની આહુતી અપાવનારી ચડસીલી–ધગધાલવાની–ભવ-ભ્રમણા વધારનારી–વૈર વિરોધ વધારનારી વાણી ઉચરી વાચિક પાપ બાધવા એ શુ ડહાપણ ભર્યો પ્રકાર છે ? સમય અનુકૂળ હોય તો દેવ ગુરૂ ધર્મ દાન પુન્ય સત્કર્મ વગેરેની વાર્ત્તાઓનો વિલાસ વિલસી આત્માને વચનગુપ્તિનો પ્રજક બનાવવો કે જેથી પરિણામે પરમાનદ પથ હાથ લાગવાનો સમય સ્વાધિન થાય મને, વચને કે શરીરે જે પાપ બાધ્યા હોય તે તેણે જ ભોગવવા પડે છે માટે જેમ બને તેમ વાણીને વસ્યમા રાખી આત્મકલ્યાણને હાથ ધરે કે બેડો પાર થાય

મનુષ્યની વાણીની અદર કોમળતા–કઠોરતા–હાસ્યવિકાર, મોહ, ક્રોધ માન, કપટ, લોભ અને ધર્મ, કિવા કર્મોપદેશ વગેરે વગેરે સબધી વાતો સમાઇ રહેલ છે વચનવિલાસમા શૃંગાર, હાસ્ય, રૌદ્ર, બિભત્સ, અદ્દ્ભુત, વૈરાગ્ય, ભય, શાત અને કરૂણા એ એ નવરસ છે તે પૈકી જે જે રસ સબધી ખુબી પૂર્ણ વાત પ્રકાશવી હોય તે તે રસના સપૂર્ણ હાવ ભાવ વગેરે જાહેરમા લાવી પ્રશ-

સનીય લીલા બતાવી શકાય છે મતલબ કે દરેક વિષય કષાય વિ-
કારોની જન્મભૂમિ વચનલીલાજ છે ! જો વાણીવિલાસ કાબુમાં રાખી
શુભ બાબતોમા દોરી ભજન કીર્ત્તન આદિક ઉચ્ચરવામા આવે
તો પુન્યપ્રકૃતિનો સચય થાય છે અને પુન્ય સંચિત થતા તેના
ફળોદય સમય સદ્દગતિનો ઉન્નતિક્રમ હાથ કરવાથી હે જીવાત્મા !
તુ અવસ્ય ઉત્કૃષ્ટ સુખને સ્વાધીન કરી શકીશ એમા જરા પણ
શક નથી

કેટલીક વાતો સાચી, કેટલીક જૂઠી અને કેટલીક સત્ય જૂઠ
મિશ્રિત હોય છે અને બડાઈ બતાવવા કે કંઇ અન્યોક્તિ પ્રકારે
મતલબ સાધવા રૂપ અને કેટલીક પ્રસગને અનુસરી વિષય કષાયથી
ભરપૂર હોય છે, જેથી જૂઠ, હિસા, ચોરી, ચુગલી, નિદા, પ્રપચ
અને અન્ય પાપસ્થાનકો સેવાવાથી દુર્ગતિદાયક કર્મ બધન થાય
છે માટે પૂર્વાપરનો સપૂર્ણ વિચાર કરી એક વાક્ય પણ નકામુ ન
ઉચરાય તેવી કાળજી રાખી વચન પર કાબુ મેળવવામા આવે તો
જરૂર પરમ સુખનો સમાગમ થયા વગર રહે જ નહી !

વચનની ગેર સમજથી આગમ-વચનોને ઉત્સૂત્રના રૂપમા
ઉચરી ઘણા નિન્નવોએ ભવવૃદ્ધિ મેળવી લીધી છે અને જે કંઇ
આ માયામયિ સસારચક્ર રચનાનુ તત્ર ચાલી રહેલ છે તે વચન
પેચના વ્યાપાર પર જ નિર્ભર છે જો વાણીને શુભ વિષયમાં
યોજતય તો સ્નેહના ડકા છે, નહિ તો અશુભ વિષય અદર વપરાવાથી
જન્મ જરા મરણની હાનિ ભરી લ્હાણી હાજર જ રહે છે, જેથી
વાણીના તબેલામા ઘોડા અને ગધેડા બન્ને તૈયાર હોવાથી જરા
વાર અદર તેના પર આરૂઢ કરી દે છે, માટે તે બાબત એક
અક્ષર પણ વ્યર્થ ઉપયોગમા ન લેવાય તો જ નિજાનદ અખડ
રહે છે. ૧૭

अंगोपांगानि संकोच्य कूर्मवद् गर्भवद्भवत् ॥
यदा त्वं कायगुप्तोसि तदा ते परमं सुखम् ॥ १८ ॥

શબ્દાર્થ—હે હળુવાકર્મી જીવ ! જ્યારે તુ કાચબાની પેઠે અથવા તો ગર્ભાશય અંદર અંગ ઉપાંગ સંકોચીને રહેલા બાળકની પેઠે શરીર ગોપવીને રહેનાર થઇશ અર્થાત પાંચે ઇંદ્રિયોને સંવરીને-વશ્ય કરીને તથા તે ઇંદ્રિયોને વિષયોના મૂળ કારણો સહિત રોકીને જ્ઞાન સાધનવડે જીતેંદ્રિય ગણાઇશ ત્યારે જ અવશ્ય પરમ સુખ પ્રાપ્ત કરીશ ૧૮.

સ્પષ્ટાર્થ—કાચબો, મામાની ગાય અને ગર્ભમાં રહેલું બાળક જેમ પોતાનું શરીર સંકોચીને રહે છે તેમ હમેશાં મુમુક્ષુ અને ભવભીરૂ જીવાત્માએ પોતાના દરેક અંગોપાંગ છુપાવી-નિયમમાં રાખી પોતાની રસેંદ્રિય, ચક્ષુરેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, શ્રોતેંદ્રિય અને સ્પર્શેંદ્રિય એ પાંચ ઇંદ્રિયોના રસ, રૂપ, ગંધ, શબ્દ અને સ્પર્શ એ વિષયોને પરિવાર સમેત જીતી લઇ આત્મકલ્યાણ સાધવું એજ હિતકર છે. જો કે પાંચ ઇંદ્રિયો પૈકી ચાર ઇંદ્રિયો તો કષ્ટે કરીને પણ જીતાય તેવી છે, પરંતુ સ્પર્શેંદ્રિ (પુરૂષ અને સ્ત્રીની ગુહ્યંદ્રિ) કે જે કામદેવના મંદિર રૂપ હોવાથી અજીત રૂપ છે, તે કામદેવના અધિકારમાં છે, જેથી તે જીતવી અતિ કઠીન છે. જ્યારે કામદેવને પંચબાણની રાજ્યધાની સહિત જીતી લેવાય તો વિષયસંભોગનો અંત આવે

શાસ્ત્રમાં તો કહેલ છે કે—કામદેવના ધક્કા-હુમલાને જીતવો એ સર્વથી અત્યંત કઠીન છે. **कामदेवको जीते सो तो दूसरो परम है !** જે કામદેવને જીતે તે બીજો પરમાત્મા જ મનાય છે,

કેમકે પરમાત્મા વગર તેના પર કોઇ વિજય મેળવી શકતા નથી. જે અનગ છતા અગવાળા ભલાભલા મર્દોના માન મર્દન કરી શકે છે. શસ્ત્રહીન છતા ભયકર શસ્ત્રધારીને પણ પાછા પાડે છે. ફક્ત અબળાની મદદ વાળો હોવા છતા સબળાઓનો પરાજય કરે છે અને ચદ્ર જેવા રોગી જડાત્મા મિત્ર હોવા છતા પણ જગત્ માત્રને ધ્રુજાવી તે વિજય મેળવી રહેલ છે. વિશ્વામિત્ર, પારાસર વગેરે મહાન્ ઋષિશ્વરો કે જે કદમળ સેવન કરી દૂધ ઘી વિના જગલ અંદર કષ્ટ સાથ જીવન ગુજારનાર છતા પણ તેવાઓને કામદેવના પ્રભાવવડે સ્ત્રીઓ જેવી અબળાઓએ પણ વિહ્વળતા પ્રાપ્ત કરાવવામા ફતેહ મેળવી તેવા દાખલાઓ પુરાણુમા મૌજૂદ છે બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવજી વગેરે પણ કામદેવના પૂજારી બની નિદાને પાત્ર થયાની કથાઓ જગ જાહેર છે અને એવી જ રીતે ઘણા ઘણા તપ જપ યોગ સાધક સત મહત પણ કામદેવનુ જોર વધતા હાસ્યને લાયક થયા છે કહેવાનો મતલબ એજ છે કે સર્વ કષાય વિષય કદાચિત્ જીતી શકાય છે, પરતુ કામદેવને જીતવો મહાદુષ્કર છે જો કામદેવને જીતી પાચે ઇદ્રિયોને વશ્ય કરી શરીરને ઉન્મત્તપણાથી દૂર રાખી શકાય તો હે જીવ ! તુ અવશ્ય ઇંદ્રિઓની જીતથી કાયગુપ્તિપાળક પણાવાને લીધે આત્મસાધક થઇશ અને આત્મસાધન સિદ્ધિ હાથ થતા જ પરમસુખનો ભોક્તા થઇશ એ નિ શસય છે।

આ શરીર જ ખરી રીતે જોતા તો આત્માથી ભિન્ન છે, તો પછી પશુ, પુત્ર, સ્ત્રી એ તો આત્માથી અત્યત ભિન્ન થયા તે છતા અનાદિકાળની અવિદ્યા (મિથ્યાત્વતા)ના તાવના જુસ્સાને જુસ્સામા નિરતર બકવાદ કર્યા જ કરે છે કે આ બધુ મારૂ છે (એ માત્ર પ્રલાપજ છે) જે જે કઇ સસારમા દેખાય છે તે તે

સર્વ ઇંદ્રિયો વગેરેને ગોચર છે અને હુ તો ઇંદ્રિઓને અગોચર છું, જ્ઞાનવત છુ જેથી ન દેખાઉં તેવો છુ, તો મારાથી જુદા એવા જડ પદાર્થો સાથે કેમ સબધ રાખુ ! એટલે કે વિષય કષાયાદિ પરવસ્તુઓની અદરથી જ્યા લગી મન, વચન, શરીરને વિષયો સહિત સવરેલ નથી ત્યા લગી ભવભ્રમણા છે, પરતુ એઓ સર્વનો ત્યાગ કરવાથી બહિરાત્મતા મટી અતરાત્મા થયા પછી પરમાત્મા સ્વરૂપ થાય છે, માટે ઇંદ્રિયવિષયજાળથી મુક્ત થઇ મુક્તિ મેળવી લે કે જેથી પરમ સુખ થાય એ નિર્વિવાદનો વિષય છે ૧૮

निर्वास्यसि तमोघोरं रागोरग महाविषम् ॥

यदा सदागमाभ्यासात् तदा ते परमं सुखम् ॥ १९ ॥

શબ્દાર્થ—હે પરમસુખ સાધક જિજ્ઞાસુ જીવ ! જ્યારે તુ નિરતર શ્રી જીનેશ્વર પ્રણિત આગમોના અભ્યાસથી રાગરૂપી સર્પના મહા વિષ સમાન અજ્ઞાન રૂપી ગાઢ અધકારનો નાશ કરીશ ત્યારે પરમ સુખ મેળવીશ ૧૯

સ્પષ્ટાર્થ—શ્રી જીનેશ્વર ભાષિત પિસ્તાલિસ આગમો છે એટલે કે અગ્યાર અગ, બાર ઉપાગ છ છેદ, દશ પયન્ના, ચાર મળ સૂત્ર અને અનુયોગદ્વાર તથા નદીસૂત્ર એ ૪૫ આગમો કહેવાય છે, તે આગમો જિનવચનામૃત પૂર્ણ છે તે આગમ વચનો મારફત પ્રાણીની શકાઓનુ સમાધાન થઈ શકે છે આગમોના સિદ્ધાત દ્વારા રાગ—સ્નેહરૂપી ભયકર મહાન્ વિષવત સર્પ અજ્ઞાનાધકારની પ્રબલતા સમય પરાભવ કરી શકે છે, તો તેના ઝેરી દશ સમય જ્યારે જ્ઞાનરૂપી જાગુલી—કુરૂકુલાદિ મહા વિદ્યા વડે નિર્વિષતારૂપ વિરાગતા સેવી તેનાં ઉત્પત્તિરૂપ કારણો વગેરેનો નાશ કરવામા આવે ત્યારે પરમ સુખનો અનુ-

ભવ લેવા જરૂર ભાગ્યશાલિ થઇ શકીશ જગતની અદર જેટલા નરનારી જન્મ્યા છે અને નામધારી ગણાય છે તેટલા સર્વ માનવ રાગરૂપી ભયકર જીવલેણ સર્પનો દશ થતા તેઓને તેનુ ઝેર ચઢતા મોહ વશ્ય ન થએલ હોય એવુ તો ભાગ્યે જ બનવા પામ્યુ હશે અને જ્યા રાગ રમી રહેલ હોય ત્યા દ્વેષની પણ જરૂર હાજરી હોય છે. તેમ જ જ્યારે રાગ દ્વેષ બેઉ પોતપોતાનો પ્રભાવ અમલમા આણે છે ત્યારે તો તેના ઉપાસકોને ઝેરને વશ્ય કરી મરણને શરણ કરી દુર્ગતિના ભાગી બનાવે છે રાગ એ મહાન્ બધન છે ભમરાનો રાગ સુગધિના લીધે કમળ સાથે બધાયેલો હોવાને લીધે સાજ સમય સૂર્યાસ્ત થતા કમળકોષ બીડાઇ જાય છે કે ભમરો પ્રેમબધન પ્રસગે કેદ થઇ રહે છે જેથી આખી રાત પ્રેમ-રાગનો પૂજારી હોવાને લીધે પ્રાણાત કષ્ટ વેઠે છે જો કે તે ભમરો લાકડાના મોટા મોભ પોતાના મુખથી કોતરી નાખે છે, છતા કમળ જેવી કોમળ પાખડીને કાપી રાગવશથી બહાર નીકળી શકતો નથી મતલબ કે રાગના બધન કરતા અન્ય કોઈ જબરદસ્ત બધન છે જ નહી!

स्नेह मूलानि दु खानि—સ્નેહ એ દુખનુ જ મૂળ છે સ્નેહી અને શત્રુ એ દુખનુ જ મૂળ છે સ્નેહી અને શત્રુ એ બન્નેની વચ્ચે ફક્ત વકાર સકાર જેટલો જ તફાવત છે એટલે કે સ્નેહીનો વિયોગ પ્રાણ જવા રૂપ છે અને દુષ્ટનો સયોગ પ્રાણ જવા રૂપ છે. સ્નેહ સાચવતા ભૂખ, તરસ, ટાઢ, તડકો, કટાળો, ઉજાગરો, વનવાસ, તન મન અને ધનની અગવડતા, પ્રેમ-પીડા, કષ્ટ, ચિતા, ભય, દડ, લોલુપતા અને એવા જ અનેક કારણો ઉપસ્થિત થાય છે, માટે જ્ઞાનના અભ્યાસવડે રાગનો અત આણી વિરાગવત વીતરાગ દેવનુ શરણ લેવુ કે જેથી અજ્ઞાનરૂપ સાતપડા વાદળ સમાન જબરા અધકારનો નાશ કરી શકીશ કે તુરત

ભવભય ભાગી જશે એટલે પરમ સુખજ નજર અગાડી નાચ્યા કરશે જે એક દિશાનાજ પખીડા કે ગગને પથેજ પરવર્યા છે તેઓને પૂછી વાકેફ થવાની ફરજ છે કે રાગમા કઈ સુખ છે તો તેના ઉત્તરમા એજ સ્પષ્ટ ઉત્તર મળશે કે, ના ! સ્નેહસબધમા સુખ કહેવા માત્ર ઉપર ઉપરથીજ ઠીક જણાય છે પરતુ ઉડા ઉતરીને તપાસતા માલમ પડે છે કે-કોઈ પણ સમય કોઇ પણ પ્રકારનુ મનમાનતુ સુખ સાચો સ્નેહ સેવનારને જડયુ જ નથી તો પછી હમેશા દુખવિયોગ ઉપાધિ આદિમા ગર્ક કરનાર રાગનો સગ છોડી નિરાગતા ભજવી જ યોગ્ય છે કે જે પરમ સુખદાતા છે ૧૯

यदा कृपाकृपाणेन द्वेषं द्वेषं विनापिह ॥
हनिष्यसि सुखान्वेषि तदा ते परमं सुखम् ॥ २० ॥

શબ્દાર્થ. હે આત્મારામ ! જ્યારે તુ દયારૂપી તરવાર વડે દ્વેષ વગર પણ દ્વેષનો નાશ કરીશ અને પરમપદના સુખનો ખોળનાર થઈશ ત્યારે પરમ સુખ પ્રાપ્ત થશે ૨૦

સ્પષ્ટાર્થ—રાગનો સગી દ્વેષ છે તેનો પણ પરાજય કરવાની ખાસ જરૂર છે તથાપિ તે દ્વેષને પણ દ્વેષથી નહી, પરતુ કૃપા–દયારૂપી તરવાર વડે નાશ કરવામા આવે તો મહતાનદ મળે છે. જેમ શત્રુને અપકાર (ખરાબ ઉપાયો આદરી તે) વડે ન મારતા ઉપકાર વડે મારવો એ પ્રશસનીય છે, તેમ દ્વેષને પણ ક્રૂરતા અને દ્વેષ વગર નાશથી ભેટાડી દેવો કે જેથી રાગ અને દ્વેષ એ બેઉ જબરદસ્ત આત્માના રિપુઓનો પરાજય થયો તો પછી બીજા

શત્રુઓનો પરાજય થતા વિશેષ મુશ્કેલીઓ નડશે નહી, કેમકે રાગ દ્વેષના પ્રતાપથીજ કર્મ ચોટે છે, અને જ્યારે રાગ દ્વેષ થતા નથી ત્યારે કર્મ પણ લેપાવા પામતા નથી રાગ દ્વેષ એજ ચિકણા કર્મોનું કારણ છે રાગ દ્વેષ નાશ પામ્યા તો પછી કર્મ પાતળા પડી વિનાશ થવા માડે, જૂના કર્મની નિર્જરા અને નવા કર્મનુ રોકાઇ જવુ થાય એજ પરમાનદનો માર્ગ છે માટેજ રાગ દ્વેષ રહિત થવાની સ્થિતિ વધારવી અર્થાત્ આ જગત્ કર્માધિન છે જેમ કટપૂતળીના ખેલમા દોરીના સચાલન વડે પૂતળીઓ વિવિધ કર્મ કરતી જણાય છે, તેમ જીવ પણ પૂર્વકર્મના સચાલન વડે વિધવિધ કર્મ કરતો જણાય છે જો કે દોરી જડ છે અને પૂતળીઓ પણ જડ છે, છતાં ચૈતન્યની પેઠે કાર્ય કરવાનો ભાસ આપવાથી ભ્રાતિને વશ થવાને લીધે ભૂલાવો ખવાય છે કે આ દોરી ચૈતન્યતાવંત છે અને એજ કામ કરે છે પણ તે દોરી પરવસ્તુ છે, તેના સહારાથી થતી ક્રિયાઓને સત્ય માને છે, પરતુ તે વાસ્તવિક રીતે સત્ય નથી. જડ વસ્તુઓ પર ક્રોધ કરવો એ કેવળ મૂર્ખતા છે રાગ દ્વેષ એ પરવસ્તુ છે અથવા તો પરવસ્તુને લીધે રાગ દ્વેષ થાય છે, માટે પરવસ્તુનો ત્યાગ કરતા જવાથી રાગ દ્વેષની ન્યૂનતા થઇ કે તુરત પરપરાએ હળવા કર્મી અને નિર્મળ થવાશે, તો આત્મકલ્યાણ હાજર જ રહેશે.

જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિ વચ્ચે એટલો જ તફાવત છે કે જ્ઞાની વસ્તુગતિએ વસ્તુને ઓળખી તેની સત્યાસત્યતાનો નિર્ણય જાહેર કરે છે અને અજ્ઞાની ભ્રમવશ જે સમજવામા આવ્યુ તે બક્યા કરે છે. કહેવાનો તાત્પર્ય એ જ કે અતર્ચક્ષુ ખોલી સત્ય વસ્તુનુ યોગ્ય જ્ઞાન મેળવી સ્વવસ્તુ ગ્રહણ કરી પરવસ્તુનો ત્યાગ કરવો એજ આત્મહિતકર્તા છે

દયારૂપી તરવારથી દ્વેષનો નાશ કરવા કહ્યું છે તેમા એ સમજવાનુ છે કે જેવી રીતે અગ્નિ પોતાના પ્રજ્વલિતપણાના બળથી સર્વ વસ્તુઓનો ભોગ લઇ લે છે, તેવી રીતે શુ હીમ-બરફ પોતાની અનાવધિ શીતળતાના બળથી માણસના પ્રાણનો નાશ નથી કરી શકતો ? અવશ્ય કરે છે। શત્રુને ઉપકારથી મારવો, પણ અપકારથી ન મારવો એ ખાનદાની છે દ્વેષનો દ્વેષથી નહી પણ દયાથી નાશ કરી દેવો એજ અતિ પ્રશસનીય પ્રયોગ છે જ્યારે રાગ અને દ્વેષ એ બેઉ જબરદસ્ત આત્માના શત્રુઓ પરાજય પામ્યા કિંવા તેમના પર જીત મેળવી તો તમામ મુસ્કેલીઓનો અત જ આવી જશે કેમકે રાગ દ્વેષના પ્રભાવથી જ ક્રોધ, માન, માયા અને લોભ વગેરે પ્રકટ થાય છે અને સેવાય છે, કારણ કે રાગ દ્વેષના તે આશ્રિતો છે જો રાગ દ્વેષ ન હોય તો શત્રુ ને મિત્ર, નિદક ને પૂજક, સોનુ ને લોઢુ, પારસ ને પત્થર એઓની ઉપર સમાન વૃત્તિજ રહી શકે। જ્યારે રાગ દ્વેષની પ્રબળતા જ ન હોય ત્યારે હિસા-અસત્ય-ચોરી વ્યભિચાર-દુરાચાર-પ્રપચ-ઉદ્ધતા-લુચ્ચાઇ-ખુનસ-હર્ષ-શોચ વગેરે વગેરેનુ શોષણ થયા કરે છે, માટે આત્મનુ અકલ્યાણકારક રાગ દ્વેષનો જેમ બને તેમ નાશ કરવા ઉદ્યુક્ત રહેવુ કે જેથી પરમસુખ થાય છે.

આ લોકની અદર જ્યારે સદાચાર સેવી સુકૃત્ય કરી પુન્ય સચી આત્મકલ્યાણના સાધનો સાધ્ય કરાય ત્યારે પરલોકની અદર સ્વેચ્છા મુજબ સુખ હાજર રહી શકે છે, કેમકે અત્ર યોગ્યમાર્ગ આદરવાથી પરત્ર અખડાનદમા મગ્ન રહેવા ભાગ્યશાળિ થવાય છે જે જીવ પ્રથમથી જ આ જન્મ અદર ઉત્તમ માર્ગ હાથ ધર્યો હોય તે જીવને પછી આગામિક જન્મ અદર નૂતન સુખ સાધનો શોધવાની જરૂર જ રહેતી નથી. અહિયા જ સત્કર્મ યોગે રાગ દ્વેષનો તેમ જ

વિષય કષાયનો સમૂળગો નાશ કરી આત્મશ્રેયના ઉપાય હાજર રાખવામાં પૂર્ણ સાવધ રહેવુ એટલે અન્ય ભવાંતરે મુઝાવાનો વખત જ ન આવે

મનુષ્યનુ મન એજ બંધ અને મોક્ષનુ કારણુ છે, એટલે વિષયાસક્ત મન બંધનુ–દુખનુ કારણુ છે અને નિર્વિષયી (વિષયોનુ ચિંતન નહી કરનાર વિષયોમા વૈરાગ્ય પામેલુ) મન મોક્ષનુ–બ્રહ્માનંદનુ જ કારણુ છે તેથી વિવેકી અને સમજુ મનુષ્યોએ મનને દુર્વિષયોનુ ધ્યાન કરતા રોકીને પરબ્રહ્મના વિચાર કરવામા પરોવવુ જેથી મુક્તિ મળે છે

જેમ નાળિયેરમાનુ મીઠુ જળ બરાસ–કપૂરના સયોગવશાત્ વિષરૂપ થઇ પ્રાણુની બાધાકર્ત્તા નીવડે છે, તેમ આત્મા રાગ દ્વેષના સયોગ વડે દુર્ગતિને ભજનાર નીવડે છે રાગ દ્વેષ રહિત થવા પછી વિરાગવત વીતરાગજ મનાવામા કઇ પણ વાધો જ રહેવા પામતો નથી

અવ્રતથી પાપનો બંધ અને વ્રતથી પુન્યનો બંધ અને એ બન્નેનો એટલે કે પુન્યપાપનો અભાવ એ મોક્ષ છે, માટે મુમુક્ષુ જીવાત્માએ એ બેઉના બંધ કારણરૂપ રાગદ્વેષનો ત્યાગ કરી આત્મ-સિદ્ધિ હાથ કરવી આત્મસિદ્ધિ મન અને કરણીને તાબે છે કઇ જ્ઞાતિ વેષ કે લિંગને તાબે (મોક્ષ) નથી, એટલે કે શ્રાવક વૈષ્ણવ ક્ષત્રી વૈશ્ય બ્રાહ્મણ આદિ જ્ઞાતિ, સાધુ સન્યાસી ફકીર વગેરે વેષ અને સ્ત્રી, પુરૂષ કે નપુસક એઓ ત્રિજાતિમા ગમે તે હોય, ચાહે શ્વેત ભગવા કે પીળા વસ્ત્રો ધારણ કરતો હોય, તો પણ મન જો સ્ફટિકવત્ નિર્મળ અથવા સસારમા રહેવા છતા જળકમળવત્ સદા નિરાળુ જ રહેતુ હોય અર્થાત્ રાગ દ્વેષ રહિત રહેતુ હોય

તો ભવભ્રમણાનો અંતજ આવી જાય છે આત્મા રાગ દ્વેષથી લેપાતાં શામ થાય છે માટે રાગ દ્વેષનો પરિત્યાગ એ સર્વોત્તમ સિદ્ધગતિ મેળવવાનો મૂળમંત્ર છે. ૨૦

यदा मोहमयीं निद्रां ध्रुवं विद्राव यिष्यसि ॥
अस्ततंद्रः सदा भद्र स्तदा ते परमं सुखम् ॥ २१ ॥

શબ્દાર્થ—હે આત્મા! જ્યારે તુ મોહરૂપી નિદ્રાનો અવશ્ય ત્યાગ કરીશ અને આળસ-પ્રમાદ રહિત બની નિરંતર ભદ્રિક થઈશ ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થશે ૨૧

સ્પષ્ટાર્થ—આ વિશ્વની અંદર દરેક પ્રાણિ મોહરૂપિ ઉંઘમા ઉંઘી રહેલા છે આઠે કર્મો પૈકી મોહની કર્મની સ્થિતિ સર્વથી વિશેષ છે જેથી તેના સહવાસમા આવતા મોહપામી સુષુપ્તિને વશ્ય થઈ જાય છે કે તેમાથી જાગ્રત થતા અત્યંત વાર લાગે છે નિદ્રામાથી ઝટ જાગ્રત થવાય છે, પણ મોહનિદ્રામાથી અનેક ઉપાય હાથ ધરવા છતા જાગ્રત થવામા હરકતો આડે આવે છે

મોહની પ્રબળતાથી સદ્જ્ઞાન પર પડદો આવી જાય છે, સત્કર્મ કરી શકાતા નથી, સત્સંગ થઈ શકતો નથી, જપ, તપ, વ્રત, સંયમ શમ, દમ, નિયમાદિ સાધી શકાતા નથી, સદ્ગતિનો માર્ગ હાથ ધરાતો નથી, દુર્ગતિના દ્વાર ખુલ્લા થવા પામે છે, સદાચારને ન સેવવા દેતા દુરાચારમા દોરાવે છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એઓની પ્રવૃત્તિ અંદર પ્રવૃત્ત થવા પમાતુ નથી, દેવ ગુરૂ ધર્મ ભણી ત્રિકરણ શુદ્ધિ સાથ સુરૂચિ થતીજ નથી અને ઉન્નતિ ક્રમની ભેટ થવા પામતીજ નથી, માટેજ એ મોહનિદ્રાને દૂર કરવા સચોટ ઉપાય હાથ ધરવા યોગ્ય છે, નહિ કે તે માટે પ્રમાદમા રહી

આળસુ બની બેસવું ! કેમકે આળસ એજ માનવ માત્રનો કટ્ટો દુશ્મન છે કે જે સુખને માર્ગે ચઢવાના ઉપાય હાથ ધરવા દેતોજ નથી આળસ એજ ઉન્નતિરૂપી ફળવૃક્ષના મૂળ ખોદવા કોવાડા સમાન છે, આળસ એજ જીવલેણ ભયકર રોગ છે આળસ એજ ભુડુ ભૂત છે આળસ એજ મેલડી વા વ્યતરનો વળગાડ છે અને આળસ એજ કાર્યસિદ્ધિને રોકનાર છે, માટે આળસ ત્યજી મોહનિદ્રામાથી જાગ્રત થઇ ભદ્રિક-ભોળા ભાવવત રહેવુ કે જેથી આત્મકલ્યાણની પ્રાપ્તિમા હરકત ન આવે હમેશા નિષ્કપટવૃત્તિથી રહેતા આત્માને આનદ મળે છે અને એ આનદ શ્રેયષ્કરમદિરનુ પ્રથમ સોપાન (પગથિયુ) છે જેની દ્વારા સુલભબોધી થતા મોક્ષ મદિરમા પહોચાય છે

મોહ એ કઇ આત્માનો ધર્મ કે વિષય નથી, તે તો દેહનો ધર્મ છે અને દેહથી અતરાત્મા તદ્દન નિરાળો છે જેના લીધે નિરાળી-પર વસ્તુ સાથે સબધ જ કેમ સભવે ? જ્યોતિર્મય આત્માને મારામા દેખતો જે હુ તે મારા રાગ દ્વેષ મોહ જો અત્રજ નાશ પામી જાય તો પછી મારો કોઇ નથી શત્રુ કે નથી કોઇ મિત્ર ! સર્વ તેજોમય સૂર્યસમાન આત્મસ્વરૂપ તો આનદઘનમય સમસ્ત ભણી સમાન-પરિપૂર્ણ પ્રેમવત જણાય છે જ્ઞાન દર્શન ચારિત્ર મય આત્માનો અનુભવ થયા બાદ સોહ તેજ હુ એવો વગર હરકતે અભ્યાસ કરતા કરતા તે શુદ્ધ ચૈતન્યમય આત્માની દૃઢ વાસના થાય છે કે જેથી તે આત્મા પરમાત્માની સ્થિતિને પામે છે. અનત ચતુષ્ટયની સહજ છાયા નિહાળતા જ આનદ થઇ રહેશે અને શુભ ધ્યાનમા તત્પર રહેવાથી ક્રમે કરીને કુછ સમયની અદર પરમપદનો ભોક્તા થવાશે ૨૧

प्रमाद परिहंत्याशु यदी सद्धर्मकर्मणिः ॥
समुद्यतोसि निःशंक स्तदा ते परमं सुखम् ॥ २२ ॥

શબ્દાર્થ.—હે જિજ્ઞાસુ જીવાત્મા ! જ્યારે તુ જલ્દીથી પ્રમાદનો પરિહાર કરી સારા ધર્મ અને સારા કર્મ વિષે શકા રહિત ઉદ્યમવત થઇશ ત્યારે જ તને પરમ સુખ પ્રાપ્ત થશે ! ૨૨

સ્પષ્ટાર્થ—અતરાય કર્મના અગે તેર કાઠિયા એટલે કે આળસ ૧ મોહ ૨, અવર્ણવાદ બોલવા ૩ અહકાર કરવો ૪ ક્રોધ કરવા ૫ પ્રમાદ કરવો ૬ કૃપણતા રાખવી ૭ શોક દર્શાવવો ૮ અજ્ઞાન વશ થવુ ૯ અસ્થિરતાપણુ ૧૦. કુતૂહલ નિરખવા ૧૧ વિષયવિલાસમા નિમગ્ન બનવુ ૧૨ અને અન્યનો ભય વડીલોનો ડર દર્શાવવો ૧૩ એ તેર કાઠિયા કે જે દરેક સારા કામોની અદર અતરાય કરવા આગળ આવી પોતાની પ્રબળતા બતાવે છે, તેઓનો તુરત ત્યાગ કરી સારા ધર્મ કર્મની અંદર શકા રહિત ઉદ્યમવાળો થઇશ અર્થાત્ ગાફલપણુ તુરજ છોડી દઇશ તો જ ઉત્કૃષ્ટ સુખ સ્વાધિન થશે ગફલતના લીધે પ્રાપ્ત થએલો અવસર ચાલ્યો જાય છે તેથી ધારેલી ધારણા નિષ્ફળ નીવડે છે ગફલતમા રહેવાથી કયો ધર્મ શ્રેયસાધક છે ? ! અને કયા કાર્યો સારા આત્મહિતકર્ત્તા છે ? ! તેનો શકા રહિત કદી નિર્ણય થતો નથી એટલે તે અગીકાર પણ થઈ શક્તા નથી જ્યારે નિ શકતા સાથ શ્રી જિણુદ પ્રણિત વચનો પર એટલે કે શ્રદ્ધાવત થઇ ઉત્તમ ધર્મ કર્મો કરવા કટિબદ્ધ રહીશ, મતલબ કે જોઇયે તેવો જીવનસાફલ્યતા મેળવવાનો સયોગ વિદ્યમાન છે માટે ગફલતમા રહી સમયને જતો કરીશ નહીં, તો જ

બેડો પાર થશે થોડી થએલી ભૂલ ઘણી મોટી નુકશાની કરે છે. ઘડાની અંદર ઝીણુ સરખુ પડેલુ કાણુ પણ ઘડામાના પાણીને ટપકાવી ઘડાને ખાલી કરી દે છે, માટે જ સાવધ રહી ૭ દર્શનની અંદર એટલે કે જૈન, મીમાશક, બૌદ્ધ, નૈયાયિક, વૈશેશિક અને સાખ્ય એ ૭ દર્શન હાલ પ્રચલિત છે અને તેઓની ભિન્ન ભિન્ન મતવ્યતા આ પ્રમાણે છે—

જૈન દર્શનનુ મતવ્ય એ છે કે—વીર્યાતરાય ૧, ભોગાંતરાય ૨, ઉપભોગાતરાય ૩, દાનાતરાય ૪, લાભાતરાય ૫, નિદ્રા ૬, ભય ૭, અજ્ઞાન ૮, દુગછા ૯, હાસ્ય ૧૦, રતિ ૧૧, અરતિ ૧૨, રાગ ૧૩, દ્વેષ ૧૪, અવિરતિ ૧૫, કામવિકાર ૧૬, શોક ૧૭ અને મિથ્યાત્વ ૧૮ આ અઢાર દૂષણ જેઓનામા નથી તેઓ શ્રી પરમાત્મદેવ, તથા તત્વજ્ઞાનોપદેશક, શુદ્ધાચારી સુગુરૂ, અને જ્ઞાન, દર્શન તેમજ ચારિત્ર એ મોક્ષના માર્ગરૂપ ધર્મ છે

તથા જેઓ સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ ઇત્યાદિક ભાગાવાળો, સ્યાદ્વાદ, તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણો યુક્ત છે, સકળ જગત્ દ્રવ્યથી નિત્ય, અને પર્યાયથી અનિત્ય છે, તથા અપેક્ષાથી સાત નય અને નવતત્ત્વોને જેઓ માને છે તેમજ અષ્ટકર્મ ક્ષય કરી જેઓ સિદ્ધશિલાના અંતે રહેલા છે અને જેનુ સસાર અંદર પુનરાગમન નથી તેઓ સિદ્ધ ભગવાન છે

તથા તેઓ ઓઘો, મુહપત્તિ ધારણ કરી ગોચરી (ભિક્ષાવૃત્તિ) કરનારા, કેશનો લોચ કરનારા, મમતામાં અનાસક્તિવત અને ક્ષમાશીલ હોય તે જૈનસાધુ મનાય છે.'

મીમાંસક દર્શનનુ એ મતવ્ય છે કે—બે મીમાસક છે અર્થાત્ કર્મ મીમાસક અને બ્રહ્મ મીમાસક, કુમારિલ ભટ્ટ અને

પ્રભાકર એ કર્મ મીમાંસક હોવાથી કર્મને માને છે અને વેદાન્તીઓ બ્રહ્મમીમાંસક હોવાથી બ્રહ્મને માને છે

ભટ્ટના મત મુજબ પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન અર્થાપત્તિ અને અનુપલબ્ધિ આ ૭ પ્રમાણો છે અને પ્રભાકરના મત મુજબ અનુપલબ્ધિ શિવાયના પાંચ પ્રમાણો કબૂલ છે

અદ્વૈતવાદી વેદાન્તીના મત મુજબ આ સકળ જગત્ બ્રહ્મમય છે અને પોતાના સ્વરૂપ અંદર લય થવું તે મુક્તિ છે. તેમ જ પાપકર્મ ત્યજનાર, ભણવું, ભણાવવું વગેરે ૭ ક્રિયાઓને યથાવિધિ કરનાર, શૂદ્રનું અન્ન ન લેનાર, જનોઇ ધારણ કરનાર અને સુકૃત્યમાં મગ્ન રહેનાર બ્રાહ્મણ કહેવાય છે

વેદાંતમતના સંન્યાસીઓ "ભગવન્" એવા નામથી ઓળખાય છે તે જનોઈ ધારણ કરતા નથી, બ્રાહ્મણને ત્યાં જમે છે અને એક બ્રહ્મનેજ સદ્‌વસ્તુ માને છે સંન્યાસીઓ કુટીચર, બહૂદક, હંસ અને પરમહંસ એમ ચાર પ્રકારના છે અને તે એક એકથી શ્રેષ્ઠ મનાય છે.

બૌદ્ધ દર્શનનું મંતવ્ય છે કે—બૌદ્ધો બુદ્ધદેવને માને છે, જગતને ક્ષણભંગુર અને આર્યસત્તા નામથી પ્રસિદ્ધ ચાર તત્ત્વ માને છે એટલે કે દુઃખ, આયતન, સમુદાય તથા માર્ગ આ ચારને માને છે, તે પૈકી સંસારી જીવના સ્કંધ તે દુઃખ કહેવાય છે, તે સ્કંધ પાંચ છે—વિજ્ઞાન—વેદના—સંજ્ઞા—સંસ્કાર અને રૂપસ્કંધ એ પાંચ સ્કંધ છે તથા પાંચ ઇંદ્રિયો, શબ્દાદિ પાંચ વિષયો, મન અને ધર્મ એ ૧૨ આયતન કહેવાય છે. તેમજ આત્માત્મીય સ્વભાવ નામથી પ્રસિદ્ધ રાગ દ્વેષ વગેરે વિકાર માનવના મનમાં એકઠા થાય છે તે સમુદાય કહેવાય છે અને સર્વ સંસ્કાર ક્ષણિક છે એથી

જે દઢ વાસના તેજ માર્ગ અને તેજ મોક્ષ કહેવાય છે. બૌદ્ધો પ્રત્યક્ષ અને અનુમાન આ બે પ્રમાણો માને છે વૈભાષિક, સૌતાન્ત્રિક, યોગાચાર તને માધ્યમિક એમ ચાર પ્રકાર બૌદ્ધના છે વૈભાષિકો જ્ઞાન વિષય વસ્તુમાત્રને કબૂલ રાખે છે, સૌતાન્ત્રિકો કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી લેવાય એવી બાહ્યવસ્તુને માનતા નથી. યોગાચાર ને આચાર સહ બુદ્ધિ સમત છે, અને માધ્યમિક પોતાને વિષેજ જ્ઞાન છે એમ માને છે રાગાદિકના જ્ઞાનની મતાનની વાસનાનો સમસ્ત ઉચ્છેદ થવાથી મુક્તિ થાય છે એ ચારે મતવાળાને કબૂલ હોય છે

ચામડુ, કમડલુ, મુડન, ચીર, બપોરે જમવુ, મત્ર અને લાલવસ્રો એટલી વસ્તુઓ બૌદ્ધ યતિયોને માન્ય છે.

સાંખ્ય દર્શનનુ મતવ્ય છે કે–કેટલાએક સાખ્ય શિવને અને કેટલાએક વિષ્ણુને દેવ માને છે, બાકી તત્ત્વની ગણત્રી વગેરે બધાને મતે સમાન જ છે તેમજ સત્વ રજ તમ એ ત્રણ ગુણ અને તેઓની સ્થિતિ સરખા પ્રમાણમા હોય તો પ્રકૃતિ કહેવાય છે. પ્રકૃતિથી મહતત્ત્વ, મહતત્ત્વથી અહકાર, અહકારથી પાચ જ્ઞાનેદ્રિયો, પાચ કર્મેદ્રિયો, શબ્દ, રૂપ, રસ, ગધ, સ્પર્શ એ પાચ તન્માત્રા તથા મન થાય છે પાચ તન્માત્રાથી ક્રમે કરીને પૃથ્વી, જલ, તેજ વાયુ અને આકાશ એ પાચ મહાભૂતો થાય છે એ સર્વ ૨૪ તત્ત્વરૂપ પ્રકૃતિનો વિસ્તાર છે એ પ્રકૃતિથી પર રહેલ પુરૂષ તે પચીશમો છે. એ સર્વ મળી પચીશ તત્ત્વોથી થએલુ જગત્ સાખ્યને મતે છે, તથા પ્રત્યક્ષ. અનુમાન, ઉપમાન એ ત્રણ પ્રમાણ મજૂર છે તેમજ પ્રકૃતિ ને પુરૂષ જુદા પડે કે મોક્ષ થાય છે અને તે મોક્ષ ખ્યાતિના નામથી ઓળખાય છે.

સાખ્ય મતના સન્યાસિયો શિખા (ચોટલી) ધારણ કરે છે, અગર રૂડમુડ પણ હોય છે, તથા ભગવા વગેરે વસ્ત્રો પહેરે છે તેમને વેષની દરકાર નથી, પણ તત્ત્વની બાબતમા ઘણોજ આગ્રહ છે.

શૈવમતનુ એવુ મતવ્ય છે કે ન્યાય અને વૈશેષિક આમ બે તર્કમત છે ન્યાય મતમા ૧૬ અને વૈશેષિક મતમા ૬ તત્ત્વો હોય છે બેઉ જણ શિવને માને છે તે નિત્ય તથા સૃષ્ટિ, સ્થિતિ અને સહારકર્ત્તા છે

તેમજ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એ ચાર પ્રમાણો તેમને ન્યાયમતે મજુર છે તથા પ્રમાણ, પ્રમેય, સશય, પ્રયોજન, દૃષ્ટાત, સિદ્ધાત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન આ ૧૭ પદાર્થ ન્યાયમતે સમત છે

વૈશેષિક મતે પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એ ત્રણ પ્રમાણજ મજુર છે, તેમજ દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ ૬ પદાર્થ મજુર છે. તથા પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન એ ૯ દ્રવ્ય સમત છે પૃથ્વી, જળ, તેજ અને વાયુ તે ચાર દ્રવ્ય કારણ રૂપથી નિત્ય અને કાર્યરૂપથી અનિત્ય છે તેમજ આકાશ, દિશા, કાળ, આત્મા અને મન એ પાચ દ્રવ્ય કેવળ નિત્યજ છે સ્પર્શ, રૂપ, રસ, ગધ, સખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સૌખ્ય, દુખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સસ્કાર, ગુરૂત્વ, દ્રવ્યત્વ, સ્નેહ અને શબ્દ આ ૨૪ ગુણ વૈશેષિક મતથી મજુર છે.

તથા ઉત્ક્ષેપણ (ઉચે ફેકવુ), અપક્ષેપણ, (નીચે ફેકવુ) આકુચન (ખીચી લેવુ) પ્રસારણ (પહોળુ કરવુ) અને ગમન (જવુ) એ પાચ પ્રકારના કર્મ વૈશેષિક મતને મતવ્ય છે

પર તથા અપર એ બે પ્રકાર સામાન્યના છે નિત્ય દ્રવ્ય ઉપર રહેનાર વિશેષ પરમાણુને વિષે રહે છે અવયવ અને અવયવી, ગુણ અને ગુણી ઈત્યાદિ અયુતસિદ્ધ વસ્તુને માહોમાહે રહેલો જે અધારાધેય ભાવરૂપ સબધ તે વૈશેષિક અને સમવાય કહેવાય છે સમવાયથી સમવેત વસ્તુનુ જ્ઞાન થાય છે શબ્દ, સ્પર્શ વગેરે વિષય, ઇદ્રિય, બુદ્ધિ, શરીર, સુખ અને દુ ખ એટલી વસ્તુનો અત્યત અભાવ થવા બાદ તે એક આત્માનુ રહેવુ તેને નૈયાયિકો મુક્તિ કહેછે.

ચોવીસ ગુણ પૈકીના બુદ્ધિ, સુખ, દુ ખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સસ્કાર એ નવ ગુણોનો સમૂળગો નાશ થવો તેને વૈશેષિકો મુક્તિ માને છે

આધાર (પાત્ર), ભસ્મ, કૌપીન (લગોટી), જટા અને યજ્ઞોપવિત (જનોઇ) એટલા વાના ધારણ કરે તે તાપસમત્રધારક આ ચારભેદથી ચાર પ્રકારના હોય છે એટલે કે–શૈવ, પાશુપત, મહાવ્રતધર અને કાલમુખ એ પ્રકારના તાપસો છે

નાસ્તિક દર્શનનુ મતવ્ય છે કે –સકળ પદાર્થ પચભૂતથી બનેલ છે અને તેમને એક પ્રત્યક્ષ પ્રમાણ મજૂર છે બાકી આત્મા, પરલોક, પુન્ય તથા પાપ નથી પુનર્જન્મ નથી અને ઇશ્વર પણ નથી

પ્રત્યક્ષ પ્રમાણ તે છે કે ખોટુ ન પડે તેવુ દર્શનીક પ્રમાણ, જેમકે ઇદ્રિયોને જે પોતે પોતાના વિષયોનુ જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષ અગર ધૂમાડા ઉપરથી અગ્નિની કલ્પના કરાય છે, તેમ કોઇ હેતુ ઉપરથી કલ્પના કરવી તે અનુમાન પ્રમાણ, અનુમાન પ્રમાણ ૩ જાતિના છે એટલે કે પૂર્વ અનુમાન (વર્ષાદ અનુકૂળ વર્ષે ત્યારે ભાવિકાળે પાક સારો થશે એવી કલ્પના કરવી તે અગાઉથી કરાતુ અનુમાન), શેષ અનુમાન એટલે નદીનું પૂર જોઇ તે પરથી વર્ષાદ થયાની કલ્પના કરવી તે)

અને સામાન્ય અનુમાન (સૂર્ય અસ્ત થનો જોઇ સૂર્યની ગતિની કલ્પના કરવી તે) સાધ્ય વસ્તુ સિદ્ધ કરવી તે ઉપમિતિ, જેમ કે, બળદ ને રોઝ બન્નેના કોઇ કોઇ અવયવ સરખા હોવાથી બળદ સરખુ રોઝ કહેવાય છે તે. આપ્ત-રાગદ્વેષ રહિત પુરૂષનુ જે વચન તે આગમ-શબ્દ પ્રમાણુ, આપ્ત પુરૂષો તે તે મતવાદીના જુદા જુદા છે શબ્દાર્થનુ જ્ઞાન ન થતુ હોય તો તે બરોબર થવા માટે જે પ્રમાણુ લેવુ તે અર્થાપત્તિ કહેવાય છે. જેમ ભણુનાર બાળક દિવસે ભોજન કરતો નથી તો પણુ પુષ્ટ છે એ વાક્યનો બરાબર અર્થ થવા માટે જ છે કે રાત્રીએ ભોજન કરે છે એવી કલ્પના કરાય છે તે અર્થાપત્તિ, આ પાચ પ્રમાણોથી જે વસ્તુ સિદ્ધ ન થતી હોય તે અભાવ-અનુપલબ્ધી પ્રમાણુ વડે સિદ્ધ કરાય છે, જેમકે ઓરડામા ઘડો નથી, કારણુ કે જણાતો નથી એ અભાવ પ્રમાણુ છે વાદી જનોએ પોતપોતાના મતવ્ય મુજબ આ પ્રમાણો ઉપયોગમા આણેલા છે પરમાર્થથી સત્ય તે તત્ત્વ અને તત્ત્વનુ જે સાધક તે પ્રમાણુ મનાય છે આ ષડ્દર્શન વિશ્વ અદર છે તેના ધર્મ પ્રવર્ત્તકોએ સિદ્ધાત તેમજ આત્મશ્રેયકારી માર્ગો દર્શાવેલા છે છતા દશ લક્ષણુ એટલે કે ધૃતિ-સંતોષ સેવવો ૧ ક્ષમા-બીજાનું મન વચન અને કર્મવડે શુભ કરવુ અને અપકારને બદલે ઉપકાર કરવો ૨, દમ-વિષયવૃત્તિને રોકવી અસ્તેય-કોઇ પણુ ચીજ તેના માલિકની પરવાનગી વગર લેવી નહીં, તેમ અન્યાયથી પણુ કોઇની કઇ વસ્તુ લેવી નહીં, શૌચ-મન, વચન અને કાયાની પવિત્રતા એટલે મનમા શુભ વિચાર, વચનવડે શુભ ઉચ્ચાર, અને કાયાવડે શુભ કર્મસચાર કરાય તેમ કરવુ. ૫, ઇન્દ્રિયનિગ્રહ-ઇન્દ્રિયોને અધર્મમા જતી રોકીને તે વડે ધર્મયુક્ત કામો કરવા ૬ બુદ્ધિ-લૌકિક વિદ્યા ભણુવી અને બુદ્ધિ કેળવવી. ૭,

પરમાત્મ સબધી જ્ઞાન મેળવવુ ૯, સત્ય–મનમાં હોય તેવુ બોલી પાળવુ મન વાણી કાયાની ઐક્યતા ૯, અને ક્રોધ, લોભ, મોહ વગેરે દુષ્ટ ગુણોનો ત્યાગ, મનની શાંતિ આ ધર્મના, દશ લક્ષણો છે આનુ સેવન કરવાથીજ કલ્યાણ થાય છે તેમજ તે લક્ષણયુક્ત ધર્મ દ્વારા જપ જપ સયમાદિ સન્માર્ગ સેવન કરી ગફલત રહિત નિ શકતાએ સાથ આત્મહિતમા તત્પર રહેવુ જેથી પરમાનદ પદની પ્રાપ્તિ થયા વિના રહેશેજ નહીં પરતુ જે ધર્મ પથ કહેવાતા છતા તેમા માસ મદિરા મૈથુન હિંસા અને દુરાચાર સેવવા છૂટ આપેલ હોય અને તે ધર્મદ્વારા સ્વર્ગાપવર્ગ પ્રાપ્ત થવા વિશ્વાસ આપેલ હોય તો દેખીતી રીતે તે બાબતોજ નરકદાતા છે તેને સ્વર્ગદાતા શી રીતે માની શકાય ? છિદ્રવાળી હોડી નદીના પૂરમાથી પાર જવાનો વિશ્વાસ દર્શાવે એ તો અધવચ ડુબાવવાનોજ પ્રકાર છે ભવસાગરમા ડુબતા પ્રાણીને તારનાર હોય તેજ ધર્મ કહેવાય છે મનુષ્યને જે સુખ મળે છે તેનુ મળ કારણ ધર્મજ છે અને દુખનુ કારણ અધર્મ છે તેમજ ઉત્તમગતિ મળવાનુ સાધન પણ ધર્મજ છે અને દુર્ગતિનું સાધન અધર્મજ છે આ બધાઓનો પોતાના મનથી વિચાર કરીને હમેશા ધર્મને માર્ગે ચાલવુ અને મન વાણી શરીરવડે સદા શુભ કર્મ કરવા જે કાર્યક્રમ કરવાથી જીવનો ઉદ્ધાર થાય તેજ ઉત્તમ કરણી છે જે ધર્મના લક્ષણો પરમાનંદ સતોષ શ્રેયકારક માર્ગ ખુલ્લી રીતે દર્શાવી રહેલ છે અને મનને પ્રતીતિ પણ પૂર્ણપણે આપી રહેલ છે તે સદ્ધર્મ ભવભયહારક હોય છે જે ધર્મમા અષ્ટાદશ દોષ રહિત–મતિ–શ્રુતિ–અવધિ–મન પર્યવ અને કેવળ એ પાચ જ્ઞાન યુક્ત–ચોસઠ ઇદ્રરચિત કનક કમળ પર પગલા ઠવનાર–ત્રિગઢા મધ્ય સુવર્ણ રત્ન જડિત્ર સિહાસન અદર બિરાજમાન થનાર–પાત્રિસ વાણી ગુણ અને ચોત્રીસ અતિશયવત વીતરાગ ભગવાન્ છે તેમજ

પચમહાવ્રતધારક, સત્તર ભેદે સયમ સેવનાર, અષ્ટ પ્રવચન માતાન આરાધક, શુદ્ધ જિનપ્રણિત વાણિ પ્રરૂપક, શમદમાદિ ધર્મધારક, બેતાલિસ દોષરહિત આહાર અંગિકાર કરનાર, અઢાર હજાર શિલાગથના ધોરી, સત્તાવિશ ગુણ સયુકત સમતાવત નિર્દોષ કરણીકાર સમવૃત્તિ, વૈરાગ્ય પૂર્ણ, જિનાજ્ઞાનુસાર ધર્મકર્મ સાધનાર, વિષય કષાય-લેસ્યા-ગારવ વગેરેમા ઉપયોગ દઇ ચાલનાર જપ તપ ન યોગ ધ્યાનાદિના ઉપાસક, કચન-લોહ-શત્રુ, મિત્ર-નિદક-પૂજક-રત ને પાષણ એઓને સમાન માની આત્મારામમા રમણ કરનાર અ સદ્‌ગતિનોજ રાહ એક દઢનિષ્ઠા સાથ સેવનાર પરમત્યાગવત ગુ અને દયામય ધર્મ તથા ભવતારક કર્મ તેજ શુદ્ધ ધર્મમા વિદ્યમા હોય છે અને તેઓનાજ સેવન વડે પરમસુખદાયક ગતિ સ્વાધિન થ શકે છે તેવા સર્વોત્કૃષ્ટ ધર્મ અને પરમ શર્મદ કર્મને શકારહિ સેવવામા તત્પર રહેવુ જેથી પરમપદનુ ઉત્તમોત્તમ સુખ હાજરા રહેશે એમા કિચિત્ પણ સદેહ નથી !

કોઈ પણ કામ અદર શકા રહેવાથી ચિત્ત અડોલ થ શકતુજ નથી શકા-વ્હેમ એજ મિથ્યાત્વનુ મળ કારણ છે અ શકા એજ નાસ્તિકતાનો મુખ્ય ધર્મ છે, માટે યતિકચિત્ ધર કર્મ જે કઇ કરવામા આવે તે નિશકતા સાથ અચળ વૃત્તિથ કરવા કે તે પરમ શાતિદાતા નીવડે છે, અને એ વાસ્તેજ ગ્રથકા શકા રહિત-પ્રમાદ વગર બની સદ્ધર્મ સેવી પરમપદનુ સુખ પ્રા કરવુ એથી ભવભ્રમણનો અવશ્ય અત આવી જાય એમ કથ્યુ છે ર

यदा कामं सकामं तु निराकृत्यं विवेकतः ॥
शुद्ध ध्यान धनोसि त्वं तदा ते परमं सुखम् ॥ २३ ॥

શબ્દાર્થ—હે પરમાર્થચાહક જીવાત્મા ! જ્યારે તું વિવેકથી અત્યન્ત દૂર રહેનારા કામદેવથી દૂર થઇ વિવેક સાથ શુદ્ધ (શુકલ ધર્મ) ધ્યાનરૂપ ધનવાળો થઇશ ત્યારે તને પરમોત્કૃષ્ટ સુખ સંપાદન થશે ૨૩

સ્પષ્ટાર્થ—કામદેવની મત્રણી કરણી કેવળ વિવેકથી દૂર રહેનારી જ છે એટલે કે જ્યા કામદેવની ઉન્મત્તતા વિદ્યમાન હોય ત્યા લજ્જા–મર્યાદા વિષેનો વિચાર રહેવા પામતોજ નથી, અને જ્યા વિવેક વિલસતો હોય ત્યા કામનો નિવાસ સભવતોજ નથી એટલે કે એ બેઉનુ એક સ્થાનકે રહેવુ અસભવિત છે કામદેવના પ્રભાવથી આર્ત્ત અને રૌદ્ર ધ્યાનની પ્રબળતા થાય છે એટલે કે મનની અવ્યવસ્થિત સ્થિતિ થઇ જાય છે તેને આર્ત્તધ્યાન અને જેનાથી ક્રુર તેમજ કઠોર પરિણામ ઉત્પન્ન થાય તેને રૌદ્રધ્યાન કહે છે. આર્ત્ત અને રૌદ્ર ધ્યાનના ચાર ચાર ભેદ છે એટલે કે ઇષ્ટવિયોગ, અનિષ્ટ વિયોગ, રોગચિતા, અગ્રશોચ એ ચાર પ્રકાર આર્ત્ત ધ્યાનના છે તથા હિસાનુબધી, મૃષાનુબધી, ચોરાનુબધી અને પરિગ્રહરક્ષણાનુબધી એ ચાર પ્રકાર રૌદ્ર ધ્યાનના છે

ઇષ્ટવિયોગ આર્ત્તધ્યાન તેને કહે છે કે જે પદાર્થ આપણને પ્રિય હોય તેનો વિયોગ થાય જેથી મનમા દુ ખ થાય તે જેમકે માત પિતા સ્ત્રી પુત્ર ધનાદિ વગેરેનો નાશ થાય કે વિલાપ કરવો તથા **અનિષ્ટ સયોગ** તેને કહે છે કે, જે પદાર્થ આપણને અપ્રિય હોય તેનો સયોગ થઇ જાય તે જેમકે દારિદ્રયતા, દુશ્મન યા કુભાર્યા કે કુપુત્ર મળે તેથી મનમા જે દુ ખ થાય તે તેમજ **રોગચિતા** તેને કહે છે કે, શરીર અંદર રોગ પેદા થવાથી મનમા જે કઇ ચિંતા થાય તે અને **અગ્રશોચ** તેને કહે છે કે, કોઈ પણ

વસ્તુની પ્રાપ્તિ માટે અગાઉથી–ચિંતા–શોચ કરવો, જેમ પુત્ર ન હોય તેની ચિંતા કરવી, તથા ખાસ નવીન વર્ષઅંદર વ્યાપાર ધંધાની ચિંતા ચિંતવવી, તેમજ અમુક તપથી અમુક ફળ મળે એવી ઇચ્છા કરવી વગેરેની અગાઉથી ચિંતા કરવી તે આર્ત્ત ધ્યાન કહેવાય છે આ ચારે પ્રકારના આર્ત્તધ્યાન છે સુખ દુઃખ આવવુ તે કર્મોદયાધિન છે, છતા અજ્ઞાની જીવો આર્ત્તધ્યાન કર્ર વગર કારણે કર્મબંધન કરે છે અને તેના પ્રતાપથી તિર્યંચગતિને બંધ થાય છે તથા પાચમા કે છઠ્ઠા ગુણસ્થાનકલગી આ ધ્યાનના પરિણામ હોય છે.

તેમજ **રૌદ્રધ્યાન** ક્રોધી મનુષ્યને નિરંતર રહ્યા જ કરતુ હોય છે તેથી કઠિન કર્મ બંધન થાય છે તેના ચાર ભેદ પૈકી **હિંસાનુબંધી** રૌદ્ર ધ્યાન તેને કહે છે કે–જીવહિંસા કરીને અત્યંત રાજી થાય, કિવા હિંસા થતી જોઇ અનુમોદના–પ્રશંસા કરે, કિંવા લડાઇના મેદાન અંદર બેસુમાર લડવૈયાઓનો સંહાર થતો નિહાળી પ્રસન્ન થાય તથા **મૃષાનુબંધી** તે જૂઠ મતાડવાને કપટ કરી જો તેમા ફતેહ મળે તો ખુશ થવુ અને જૂઠાને ઉત્તેજન આપવુ તે, તેમજ **ચોરાનુબંધી** એટલે ચોરી ઠગાઇ કરીને મનમા હર્ષિત થવુ, ચોરીનુ ચિંતન રાખવુ અને ચોરને ઉત્તેજન આપવુ તે, તથા **પરિગ્રહરક્ષણાનુબંધી** તે ધન ધાન્યાદિ નવ વિધ પરિગ્રહ વધારવા માટે અનેક જાતના પાપારંભનુ ચિંતન કરવુ અને ધન તથા કુટુંબ માટે ક્રૂર પરિણામી થઇ ગમે તેવા પાપના કામ કરી અહંકાર ધરે તે છે. આ રૌદ્ર ધ્યાન વડે જીવને નરક ગતિનો બંધ બંધાય છે જેથી ઘણા જ કર્મ–વિપાકનુ કારણ થાય છે અને પાંચ છ ગુણ સ્થાનક લગી તેનુ જોર રહે છે. માટે જ આર્ત્ત અને રૌદ્ર

ધ્યાનનો સર્વથા ત્યાગ કરી ધર્મ ધ્યાન તેમજ શુક્લ ધ્યાન સર્વદા સેવન કરવા જેથી સદ્ગતિ સ્વાધિન થાય છે.

ધર્મધ્યાન—એને કહેવાય છે કે—શુભ પરિણામથી જે વ્યવહારરૂપ ક્રિયા કરવામા આવે તે ધર્મ, શ્રુતજ્ઞાન અને ચારિત્ર એ ઉપાદાનપણે સાધન ધર્મ છે ઉત્સર્ગાનુયાયી તે અપવાદ ધર્મ અને અભેદ રત્નમયી તે સાધન, શુદ્ધ નિશ્ચય નયે ઉત્સર્ગ ધર્મ કહેવાય છે "**धम्मो वत्थु सहावो**-વસ્તુનો સત્તાગત, સ્વગુણ આશ્રિત ઉત્સર્ગ ઉપદાન રૂપ સ્વભાવને શુદ્ધ ધર્મ કહેવાય છે અને તે ધર્મનુ એકાગ્રપણે ચિંતન, તન્મયતાનો ઉપયોગ તે ધ્યાનને ધર્મધ્યાન કહે છે, તેના ચાર ભેદ છે એટલે કે આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, અને સસ્થાનવિચય એ ચાર પ્રકાર છે

- એ ચાર પ્રકાર પૈકી પહેલો પ્રકાર એ છે કે—સર્વજ્ઞ વીતરાગ દેવની જે આજ્ઞા હોય તે મુજબ પ્રવર્તે, તેઓશ્રીના કથન ઉપર શ્રદ્ધા રાખે, છ દ્રવ્યનુ નય નિક્ષેપા સહિત જે સ્વરૂપ શ્રી વીતરાગદેવે ફરમાવ્યુ છે તેજ મુજબ સદ્દહે—મજૂર કરે અને નિશ્ચય વ્યવહાર પૂર્વક વર્ત્તન કરી તે આજ્ઞા મુજબ પ્રવર્ત્તે તથા તેથી જે યથાર્થ ઉપયોગનો ભાસ થાય અને તેના વડે તે ઉપયોગમા જે એકતા, અનુભવતા અને રમણતા થાય તે **આજ્ઞાવિચય** કહેવાય છે

તથા અશુદ્ધ કર્મના સયોગથી સસારી જીવમા અનેક દોષ રહેલા છે, તે રાગ, દ્વેષ, કષાય, અજ્ઞાન, આશ્રય, વગેરે દોષોને પોતાના માનવા નહી અને હમેશા તેથી અલગ રહેવા પ્રયત્ન કરવો તથા એમ માનવુ કે હુ કોઇનો નથી, અને મારૂ કોઇ નથી, અનત જ્ઞાન દર્શન ચારિત્ર મળી શુદ્ધ બુદ્ધ અવિનાશિ એવો હુ છુ મારૂ રૂપ તે

અચળ, અકળ, અગમ્ય, અરૂપી, અક્ષય એવુ શુદ્ધ ચિદાનદ રૂપ છે એમ એકાગ્રપણે ધ્યાન કરવુ તે **અપાયવિચય** કહેવાય છે

તેમજ **વિપાકવિચય** એ છે કે, જ્યારે જીવ એવા પ્રકારના વિચાર કરે કે મારી અનત શક્તિ છે, પણ કર્મના વશથી હુ દુખી છુ કર્મવિપાક બહુ ખરાબ છે મારા જીવનો જે અનત જ્ઞાનનો ગુણ તે જ્ઞાનાવણીય કર્મવડે દબાયલો છે એવી રીતે આઠે કર્મના વિપાકથી મારા જીવના મૂળ આઠ ગુણ દબાઇ ગએલા છે, તેથી કરીને તાદૃશ મળ સ્વરૂપ પ્રકટ થતુ નથી અને તે કર્મને લીધે જ આ સસારમા સુખ દુખનો અનુભવ કરતા કરતા અનતા કાળથી હુ ભ્રમણ કર્યા કરૂ છુ, પરતુ હવે કર્મની પ્રકૃતિનો વિચાર કરીને મારે સુખ આવે તો બહુ રાજી થવુ નહિ અને દુખ આવે તો દિલગીર થવુ નહિ આ મુજબ જ્યારે આત્માને વિચાર આવે ત્યારે તે વિપાકવિચય ધર્મધ્યાન મનાય છે હમેશા કર્મ સ્વરૂપની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશનો બધ ઉદય ઉદીરણા, સત્તા વગેરેનુ ચિતન કરવુ તે

તથા **સસ્થાનવિચય** ધર્મધ્યાન તે છે કે, જે ચૌદરાજ લોકના આકારનો વિચાર કરવો, કેમકે આ લોક ચૌદરાજ પ્રમાણ ઉચો છે, તેમા સાત રાજ અધોલોક છે અઢારસો યોજન મનુષ્ય ક્ષેત્ર તિર્થ્છા લોક છે તેની ઉપર કઇક ઓછો સાતરાજ પ્રમાણ ઉર્દ્ધ લોક છે જ્યા સર્વ વૈમાનિક દેવતાઓ વસે છે અને તેની ઉપર સિદ્ધશિલા પિસ્તાલિસ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રમા છે તેને વચલે વિભાગે સિદ્ધના જીવો રહે છે. આ ચૌદરાજ લોકમા મારો જીવ અનત ભવથી ભ્રમણ કર્યા કરે છે. જન્મ જરા મરણ કરી દરેક ગતિમા ઉત્પન્ન થયો છે એવી કોઇજગા બાકી નથી કે જ્યા મારૂ જીવ

ઉપજવુ ન થયુ હોય એવો ચૌદરાજ લોકના સ્વરૂપનો તથા લોકની અ દર રહેલા પ ચાસ્તિકાયના અવસ્થાન તથા પરિણમનનો તેમજ દ્રવ્યના ગુણપર્યાયનો એકાગ્રતાએ વિચાર કરવો. આ ધ્યાન ચોથા ગુણ સ્થાનકથી માડી સાતમા ગુણસ્થાનક લગી રહે છે

શુકલધ્યાનનુ સ્વરૂપ એ છે કે—કઈ પણ આલબન વગર કેવળ આત્મસ્વરૂપથી તન્મયપણે જે ધ્યાન કરવુ તે ઉજ્વળ ધ્યાન કહેવાય છે તેના પણ ૪ ભેદ છે એટલે કે—**પૃથકત્વ સવિતર્ક સવિચાર** પદાર્થના જુદા જુદા ભેદ કરીને એક પછી એક અનેક કલ્પનાનો વિચાર કરવો તે, જેમકે જીવને અજીવથી જુદા કરવા. સ્વભાવને અભાવથી જુદા કરવા, દ્રવ્ય તથા તેના ગુણ પર્યાયનો ભેદ કરવો, સ્વધર્મ અને પરધર્મનુ પૃથક્‌પણુ કરવુ તે પૃથકત્વ અને તેનો વિતર્ક એટલે કે શ્રુતજ્ઞાનવડે ઉપયોગ પૂર્વક વિચાર કરવો તે પછી સવિચાર એટલે અનેક કલ્પના કરવી, પોતાની સત્તાનુ ધ્યાન કરવુ તે આઠમા ગુણસ્થાનકથી અગ્યારમા લગી રહી શકે છે.

તથા **એકત્વ અવિતર્ક અવિચાર**—કઇ પણ વિકલ્પ અને વિચાર વગર આત્માના ગુણની એકતાનુ ધ્યાન કરવુ તે, જેમકે આત્મા પોતાના ગુણ પર્યાયની એકતા કરે અને પોતાને સિદ્ધ સ્વરૂપે ઓળખે. હુ એક જ છુ મારામા બધુ સમાઇ જાય છે, એવુ ધ્યાન કરવુ તથા તન્મયપણે અનતા આત્મધર્મનુ એકત્વપણુ કરે, વીર્ય ઉપયોગની એકાગ્રતાથી વિકલ્પ રહિતપણે સ્વસ્વરૂપનુ સમયે સમયે ધ્યાન કરવુ તેમ જ તેમા કોઇપણ જાતનો અ તર ન હોય તે એકત્વ કહેવાય છે. આ બેઉ પ્રકારમા શ્રુતજ્ઞાનનુ અવલ બન છે, પણ અવધિ અને નિર્મળ કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે

તેમજ **સૂક્ષ્મક્રિયા અપ્રતિપાત**—એટલે કે, મન વાણી

કાયાના સૂક્ષ્મયોગનુ રૂંધન કરવુ તથા શૈલેશીકરણ કરીને અયોગી થવુ તે વખતનુ નિર્મળ અચળતારૂપ પરિણામ તે શુકલ ધ્યાનનો ભેદ છે આ ધ્યાન ૧૩ મા ગુણ સ્થાનકે હોય છે સત્તાથી કર્મની ૮૫ પ્રકૃતિ બાકી રહી હતી તેમાથી આ ધ્યાનથી ૭૨ પ્રકૃતિ ખપી જાય છે અને ફક્ત ૧૩ પ્રકૃતિયોજ બાકી રહે છે ?

અને ચોથો પ્રકાર **ઉચ્છિન્ન ક્રિયા અપ્રતિપાત** તે મન વાણી શરીરના યોગનુ રૂધન કર્યા પછી બાકી રહેલી કર્મની ૧૩ પ્રકૃતિ જે ધ્યાનથી ખપી જાય છે અને સર્વ કર્મ ક્રિયાથી રહિત જીવ થાય તે શુકલધ્યાનથી ખપી જાય છે અને સર્વ કર્મ ક્રિયાથી રહિત જીવ થાય તે શુકલધ્યાન ધ્યાતા કર્મના બાકી રહેલા સર્વ દળ ખપી જાય છે, એથી તમામ ક્રિયાનો ઉચ્છેદ થાય છે શરીરના પ્રમાણમાથી ત્રીજા ભાગરૂપ અવગાહના લઇને શરીરનો ત્યાગ કરી જીવ મનુષ્ય ભવથી સાતગાજ ઉચે જ્યા લોકાનો અત છે ત્યા સિદ્ધ થાય અને સાદિ અનતપણે મોક્ષના અનતા સુખનો અનુભવ કરે જેથી જરૂરી છે કે પરમસુખ પામવા આ શુકલધ્યાનનુ જ શરણુ લેવુ એજ હિતાવહ છે

આ સિવાય પિડ પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા જ ચાર ધ્યાન છે તે પૈકી વિદ્યામા, મત્રમા, ગુરૂ તથા દેવની સ્તુતિમા અને બીજી પણ પવિત્ર વસ્તુની સ્થિતિમા મગ્ન થવુ સ્વાધ્યાય કરવો તથા ચિત્તમા તેનુ ધ્યાન કરવુ તે **પદસ્થ** ધ્યાન, તથા સ્થભન (અટકાવ) કરવો હોય તો સુવર્ણ સમાન પીલા, વશીકરણ કરવું હોય તો લાલ, કોઇને ક્ષોભ પમાડવા હોય તો પરવાળા સરખા ગુલાબી રગના, મારણ કરવુ હોય તો કાળા, દ્વેષ ઉપજાવવો હોય તો ધુમાડા જેવા રગના, શાતિ કરવી હોય તો ચદ્રમા સરખા સફેદ,

આકર્ષણ કરવુ હોય તો ગતા મત્રાક્ષર ચિતવવા (તેવુજ આસન તેવા જ વસ્ત્ર, તેવી જ માળા વગેરે ધારણ કરવા)

તથા તન્મયભાવથી શુદ્ધ એવુ જે કઇ શરીરની અંદર દેવતાદિકનુ ધ્યાન કરવુ તે "પિડસ્થ" ધ્યાન કહેવાય છે

તેમજ પરમાત્મ સ્વરૂપ સમાન સ્વરૂપનુ આલબન લઇને જે પરમાત્માનુ હર્ષથી ધ્યાન ધરવુ તે "રૂપસ્થ" કહેવાય છે.

સાધક પ્રથમ ધ્યેય વસ્તુનુ સ્વરૂપ નિરખી પછી પદવડે ધ્યેય વસ્તુની સ્તવના કરે છે તે પછી પિડને વિષે તન્મય થાય તે બાદ ક્રમે કરી "રૂપાતીત" ધ્યાન મનાય છે વા કર્મલેપ વિના નિરાકારને ચિદાનદમય પ્રભુનુ ધ્યાન કરવુ તે રૂપાતીત કહેવાય છે

ડાબી બાજુથી પ્રાણવાયુને શરીર અદર ભરી તેજ બાજુથી પાછો વાયુને બહાર કહાડવો અને એમ કરી મનને બ્રહ્મપદે લઈ જઇ સ્થિર કરવુ મતીની સ્થિરતા હોય તો રેચકાદિકના અભ્યાસ વિના એટલે કે, પૂરક કુભક રેચક, કર્યા વિના જ વાયુ (પ્રાણવાયુ) સ્થિર રહે (પ્રાણાયામ કરાય) માટે તે ક્રમ લોમ વિલોમ રોજ સવારે ૪૯ વખત કરવાથી મહાન્ લાભ પ્રાપ્ત થાય છે ચચળ સ્વભાવનુ મન કે જે અડધી નિમેષમા ત્રણે લોક અદર ગતિ કરી આવે છે, તોપણ તેવા અનહદ ચચળ મનને યોગીજનો યોગક્રિયા વડે સ્થિર કરી પરમપદને સેવનાર થાય છે એ ખચિત આશ્ચર્ય થવા જેવુ છે કર્મથી લેપાયલા જીવને સસારી જીવ અને કર્મથી મુક્ત થયેલા જીવને મોક્ષવાસિ કહેવાય છે

પ્રથમ કહેવામા આવ્યુ છે કે જે નર નારી કામદેવની લીલાને વસ્ય થાય છે તે ધર્મ અને શુકલધ્યાનનો ધ્યાતા થઇ જ શકતા નથી જ્યા સેતાનનો નિવાસ થાય ત્યા ઉત્તમ વાસનાનો નિવાસ

થવાજ ન પામે વિવેક વિના શુભવૃત્તિની સ્થિતિ થવા સભવ જ નથી ઇદ્રિયોના વિષયમા આસક્તિ રહેવાથી માનવના હાથે એક અથવા બીજુ કોઇ પણ પાપનુ કામ થઇ જાય છે એમા તલપૂર સદેહ નથી તેટલા માટે માનવે નિરતર ઇન્દ્રિઓને ખૂબ વશ્ય રાખવી તેમ કરવા વડે આત્માને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે સઘળા કામો વિવેક પૂર્ણ કરવામા આવે તો બેશક સફળ થાય છે આ માયામયી સસારરૂપ નાટકના તખતા પર એવા પણ સમર્થશેખર વીર જોવામા આવ્યા છે કે મહાસાગર રૂપ સૈન્યનો પરાજય કરી વિજય મેળવી શકયા છે કેટલાક ભુજાબળી પોતાની ભુજાવડે સાગરજળ (ચેનલ) તરી પાર પહોચી શકયા છે કેટલાક કૂર સિહનો પણ નિર્ભયતા સાથ વધ કરી શકયા છે અને ન થવાના કામો પણ કેટલાક જનો કરી પાર પામી શકય છે, પરતુ એવા માનવો ભાગ્યે જ જોવામા આવ્યા છે કે કામદેવના ગર્વને જીતી નિષ્કામી—ઇ-દ્રિયજીત બની પરમ યોગી પદ પામી આત્મોદ્ધાર કરી શકયા હોય ? મતલબ કે કામદેવના નિર્વિવેકી પૂર્ણ તોફાનોના સપાટામા ન આવતા આખી અણીએ નિષ્કલક રહી જીવનફળ મેળવી શકયા હોય, માટેજ કહેવામા આવ્યુ છે કે સર્વને જીતવામા સહેલાઇ છે, પણ મનને મથન કરનારા મન્મથને જીતવો તે ઘણુ જ મુસ્કેલ છે આથી સમજવાની આવશ્યકતા છે કે વિવેકને વિસરાવનારા કામદેવને ઇંદ્રિય-દમન વડે જીતી લઈ વિવેક સાથ યોગધારી મનોનિગ્રહ કરી શુક્લ-ધ્યાનરૂપ ધન સપાદન કરવુ કે જેથી મોક્ષલક્ષ્મીના ભોક્તા થવામા કશો પણ વિલબ રહી શકશે નહીં ૨૩

यदामित्रेथवामित्रे स्तुतिर्निंदां विधातरि ॥
समानं मानसं तेस्या तदा ते परमं सुखम् ॥ २४ ॥

શબ્દાર્થ—હે પુણ્યાત્મન્ ! જ્યારે તું સ્તુતિ કરનાર મિત્ર અને નિંદા કરનારા શત્રુ એ બેઉ ઊપર સમાન મનવાળો થઈશ ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે ! ૨૪

સ્પષ્ટાર્થ—શત્રુનો મુખ્ય ધર્મ જ છે કે, કારણ વિના હાનિ પહોંચાડવા એટલે કે, ધનને, વ્યાપારને, ઇજ્જતને કે ધર્મકરણી વગેરે વગેરેને નુકસાની પહોંચાડવાના હેતુગર્ભિત નાપાયાદાર વાતો કે જે નિંદામય હોય તેવી જગો જગોએ ચર્ચાવી પ્રસન્ન રહે છે, કેમકે શત્રુનું કર્તવ્ય જ છે કે, પોતે તન, મન, ધન સમયની હાનિ વેઠીને પણ નાક કાપી અપશુકન કરવા રૂપ અવનતિ કરવા જે તે બકવા કરી ખરેખરી વાત ઢમાવવાની ખુબી દર્શાવવી, પરહિતની હાનિ કરી આનંદિત થવું, સરસવના દાણા સમાન પરાયા છિદ્રોને જોનાર છતા પોતાના બીલ્વા જેવડા છિદ્રોને ન જોઇ શકનાર, બીજાને દુ:ખ દઈ રાજી થનાર, અવિદ્યામા નિપુણતા ધરાવનાર અને જ્યારે ત્યારે પણ નઠારા, મન, નઠારી વાણિ તથા નઠારા પરિણામ વડે દુષ્ટ હેતુ પાર પાડવાની યોજના યોજનાર હોય છે, તે નિંદક નિંદા વિના અન્ય શું કરી શકે ? તેની નિંદા શ્રવણ કરી, તેમ જ સુજનની સ્તુતિ શ્રવણ કરી એટલે કે પાપના પંથથી દૂર નિવારનાર, હિતકારી યોજના યોજનાર, છાની વાત સાભળનાર તેમ જ કહેનાર, આપદાની વખતે તેને દૂર થવાના ઊપાય આદરી સાથે રહેનાર અને સદૈવ સદ્‌ગુણો પ્રકટ કરી સ્તુતિ કરનાર મિત્ર. એ બેઉ ઊપર હર્ષ કે દ્વેષ ન લાવતા સમાન ચિત્તવૃત્તિ રાખવામા આવે તો અવશ્ય પરમ સુખ પ્રાપ્ત થવામા કશી અડચણ રહેતી જ નથી, કેમકે જ્યા મનની ગતિ જ પ્રસન્નતા, અપ્રસન્નતાને સરખી માનવા રૂપ રાગ દ્વેષ રહિત થતા દૃષ્ટિ ચિત્ત વિમળ બની રહેલ હોય

त्या मलिनताने स्पर्श ज थवा शी रीते पामे ? जेनु मन राग द्वेषनु पूजारी होय अने समदर्शिपणाथी दूर होय किवा भवभीरुता विनानु होय तेवा मनवाळाने स्तुति के निंदानी असर जरा थवाथी पण राग द्वेष पोषाय छे, परतु ज्या निर्लेपतामय मन छे, त्या राग द्वेषनी छाया पण नथी तो पछी अविकारी मनमा स्तुति किवा निंदानी रेषा ज क्याथी थवा पामे ! अने ज्यारे राग द्वेष रहित मन–समदर्शि छे त्यारे परम सुख हाजरज रहे तेमा आ-श्चर्य ज शु कहेवाय !

स्तुति के निंदा करनार ते मारी निंदा के स्तुति करता ज नथी, केमके ते स्तुति निंदा देहनी करणीनी करे छे अने हु तो देहथी अन्तरात्मा जुदो ज छु, तो पछी मारे ने तेने शु वळगे ! अने ज्यारे कशु लागे वळगे नहीं त्यारे तेनी करणी साथे मारे राग के द्वेष शा सारु करवा जोइये ? **मूलोनास्ति कुतोशाखा**–ज्या मूळ ज नथी त्या शाखानी संभावना ज क्याथी होय ! माटेज ते वात ध्यानमा राखी समभाव सेववो के जेथी परमगतिनी प्राप्ति थाय २४

यदा हर्षं विषादंच करिष्यसि कदापिन ॥

सुखे दुःखे समायाते तदा ते परमं सुखम् ॥ २५ ॥

शब्दार्थ—हे जीज्ञासु ! ज्यारे तुं सुखथी हर्ष अने दुःखथी शोक–विषाद कदी पण नहि करीश अने सुख दुःखने समान गणी आनंदमा रहीश त्यारे तने खचित परमानंदनी प्राप्ति थशे २५

સ્પષ્ટાર્થ—આ જગતની અંદર દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવ્યા જ કરે છે, તેની પેઠે સુખ પછી દુ ખ અને દુ ખ પછી સુખ એમ વાગ ફરતી રેટની ઘટમાળની પેઠે ચાલુ જ રહે છે, **ઐસી કોનસી પત્તી હૈ કિ જિસકું હવા ન લગી હો !'** કોઈપણ માનવ કે પ્રાણીને નિરંતર અખંડ સુખ સ્થિરતર થયા સિવાય રહી શકતુ જ નથી તેમ કોઇને દુ ખ પણ સદા કાયમ રહેતુ નથી એ તો દુ ખ ને સુખની જોડી છે. પૂર્વકૃત પુન્ય પાપના પ્રબળ ઉદય થવાથી પોતપોતાનો તેઓ અમલ બજાવે છે જોકે સુખ પ્રાપ્તિ માટે તો સર્વ કોઈ ઉદ્યમ આદરે છે, પરંતુ દુ ખાગમન માટે કોઇ ઉપાય આદરતા નથી તેમ દુ ખને કોઈ આમંત્રણ સાથ તેડુ પણ મોકલાવતા નથી કિંવા દુ ખની કોઇ ચાહના પણ કરતા નથી છતા પણ અણધાર્યું-અણતેડયુ અને અણગમતુ એકાએક દુ ખ આવીને નડે છે કે તોબાહ પોકારી જવાય છે સુખ દુ ખનો અનુભવ થોડો વા ઘણો પરંતુ કોઇ પણ પ્રાણીને થયા વિના નહીજ રહ્યો હોય ! પૂર્વકર્મ સંયોગથી જે આજે પરમ સુખમય વૈભવશાલિ હોય તે કાલે રંકશિરોમણિ બની જાય છે જે આજે ધન ધાન્ય પુત્ર પરિવાર વ્યાપાર વ્યવહારના આનંદથી મોજ માણતો હોય તે કાલે એઓ સર્વ બિના મહાન્ શોકસાગરમા ગોથા ખાતો જણાય છે ! જે આજે બહારવંત બગીચાની અંદર પુષ્પો ખીલેલાં હોય છે તે કાલે કરમાઇ ધૂળમા રગદોળાઈ ગયેલા નજરે પડે છે ! જે આજ કે હમણા ઉદયવંત હોય તે કાલે કે થોડી વાર પછી અસ્તદશા સેવતા માલુમ પડે છે જે આજે સંપૂર્ણ રીતે નીરોગી હ્રષ્ટપુષ્ટ હોય તે કાલે ભયંકર રોગગ્રસ્ત બની હાયવોય કરતા દેખાય છે ! જે આજે મકાનો-મંદિરો-મસ્જિદો કે મિનારા વગેરે પરમ

શોભા સયુક્ત ભાસતા હોય તે કઇક સમય વ્યતિત થતા જમીન દોસ્ત થએલ કે અસ્તવ્યસ્ત સ્થિતિને ભેટેલા માલમ પડે છે । જે આજે જન્મેલ છે તે કાલે કાળની ઝપટ આવી લાગતા મરણને શરણ થએલુ દેખાય છે । અને જ્યા આજે ધવલ મગળ તેમ જ આનદના વાજા વાગતા તેઓના મનહર નાદ શ્રવણ થતા હોય ત્યા કાલે કે પળવાર પછી પરજિયા સાથ છાજિયા લેવાતા સાભળવામા આવે છે—મતલબ કે જ્યા દુ ખનો મુકાબલો છે ત્યા સુખનુ પણ ભાન થાય છે દુ ખ ન હોય તો સુખ સમજવામા શી રીતે આવે માટે સુખદુ ખ જગતની સપાટીપર હમેશાથી જ પ્રવર્તિ રહેલ છે, છતા સુખ મળવાથી હર્ષ પામવો અને દુ ખ ભેટવાથી વિષાદવત થવુ એ જ્ઞાનદષ્ટિનુ લક્ષણ નથી જ્ઞાનદષ્ટિનું રહસ્ય એજ છે કે સુખ હો કે દુ ખ હો, પરતુ તે બેઉ વખતે જેમ સૂર્ય ઉદય અને અસ્ત સમય સમાન રક્તતાવત રહે છે તેમ રહેવામા આવે તો જ પરમાનદ હાજર રહી શકશે સુખ દુ ખ કોઇ દેતુ નથી પણ તે તો પૂર્વકર્મરૂપ પવનની લ્હેર વડે જેમ ફરકતી ધ્વજા દડને લપેટાઇ જાય છે તેમ જીવને ચોટી પડે છે જ્યારે ચિત્ત દુ ખ સુખના સવેદ નથી તદન નિરાળુ રહ્યા કરતુ હોય ત્યારેજ રાગદ્વેષ પૂર્ણ હર્ષ વિ-પાદથી વિમુક્ત ગણાય છે, પરતુ જ્યા છાયો તડકો સુખકર અને દુ ખકર જણાતો હોય ત્યા આનદ અને શોક છાઇ રહે છે માટે સદ્જ્ઞાનદ્વારા મનને સુખ દુ ખમા ભિન્નતા ન દર્શાવતા સમાન વિ-ચારણા રાખે તેવુ નિજાનદમય બનાવી હર્ષ શોચથી કેવળ દૂર રાખવુ એટલે પરમપદ પ્રાપ્તિ માટે કશી વાર જ નથી રાગદ્વેષ, સારૂ નરસુ, હર્ષ શોચ અને લાભાલાભાદિ સબધી જરા પણ ભિન્નતા ન માને તેવુ અભિન્ન મન થતા પરમાત્મપદ મળવુ એમા નવાઇ જેવુ જ શુ છે । ૨૫

लाभालाभे सुखे दुःखे जीविते मरणे तथा ॥
औदासित्यं यदा ते स्यात् तदा ते परमं सुखम् ॥२६॥

શબ્દાર્થ—હે પરમ સુખચાહક પ્રાણાત્મા ! જ્યારે તું લાભ અને અલાભ, સુખ તથા દુખ અને જીવિત તથા મરણ એઓની અદર ઉદાસિન વૃત્તિવત થઈશ ત્યારે પરમાનદ પામીશ ૨૬

સ્પષ્ટાર્થ—ફાયદો અને નુકસાન, સુખ અને દુખ તથા જીવન તથા મરણ સમય દરકાર વગરનો સમાન વર્ત્તી એટલે કે લાભ થાય તોય શુ અને નુકસાન થાય તોય શુ ? સુખ હોય તોય શુ અને દુખ હોય તોય શુ !! તેમ જીવાય તોય શુ અને હમણાજ મરી જવાય શુ ? ભલે, ગમે તે હો, તોપણ તેમા રાજી વિરાજી થયુ એ નિરૂપયોગીજ છે, મતલબ કે એ બધીએ બાબતો આત્મા સાથે સબધ ધરાવનારી નથી, પણ દેહ સાથે સબધ ધરાવનારી છે અને દેહ તથા હુ બેઉ એક નથી, પરતુ જુદા જુદા છિયે, તો પછી તેની બલાઓ મારે શા માટે વ્હોરી લેવી જોઈએ ! કેમકે દેહ જડ છે, અને હુ આત્મા ચૈતન્ય છુ દેહ ક્ષણભગુર—નાશવત છે અને હુ આત્મા અજર અમર છુ દેહ રાગ દ્વેષ મોહ વિષય કપાયાદિકથી સબધ રાખનાર છે અને હુ આત્મા એ સમસ્ત પરવસ્તુઓથી અલગ છુ દેહ રોગ શોક—સકલ્પ—વિકલ્પ સમુદાયનુ સ્થાન છે અને હું આત્મા તો તે સર્વથી નિરાળો છુ. દેહ સાકારી—દષ્ટિગોચર થનાર છે અને હુ આત્મા તો નિરાકાર, અગોચર છુ દેહ સિદ્ધપદનો ભોક્તા નથી અને હું આત્મા તો અતે ભવસ્થિતિ પરિપક્વ થતા સિદ્ધપદનો ભોક્તા છુ.

મતલબ કે દેહ અને જીવાત્મા વચ્ચે આ પ્રમાણે આસ્માન અને જમીન જેટલો તફાવત છે, તેમજ એક બીજાના ગુણ ધર્મ પણ જુદા જુદા છે, તો પછી દેહના સબંધી લાભ હાનિ, સુખ દુખ અને જીવન મરણ કિંવા બાલ યૌવન વૃદ્ધાવસ્થાદિ છે તેઓનો આત્મા સાથે સબંધ થવો શી રીતે સભવે ? જેનુ દેનુ લ્હેણુ હોય તેનો જ એ જવાબદાર જોખદાર હોય છે. પરંતુ જ્યારે એક બીજાને કંઇ કંઇ લાગે વળગે નહી ત્યારે તેને સ્નાન સૂતક પણ થવાનુ કેમ સભવી શકે ! અને જ્યારે એમ છે ત્યારે દેહની બલાઓ આત્માને નડાવ કરી શકે તે શી રીતે માની જ શકાય ! માટે આત્માએ માનવુ જ જોઇએ કે લાભ થાય તોય શુ અને હાનિ હાથ લાગે તોય શુ ! સુખ હોય તોય શુ અને દુખ હોય તોય શુ ! તેમજ લાબી જીદગી ભોગવાય તોય શુ અને હમણા જ મરણ હાજરી આપે તોય શુ ! ભલે, ગમે એ હો, લાભ, સુખ કે જીવન જોઈ ગજી થવુ કિંવા હાનિ, દુખ, મરણ જોઇ ઉદાસ થવુ કેવળ નિરૂપયોગી છે આત્માને તેની સાથે કશો સબધ નથી તો પછી તે માટે હર્ષ શોક નકામો જ છે ! જ્યા લગી પરવસ્તુ રૂપ સારો લાભ, સુખ અને દિર્ઘ નીરોગી જીવનથી હર્ષિત થઇ રાગને આધિન થવુ અને રોગફાયદો, દુખ તથા મરણથી શોક પામી દ્વેષાધિન થવુ એ જ્ઞાનવાન આત્માના લક્ષણ નથી જ્ઞાનીનુ હૃદય તો પ્રતિપળ પ્રતિકાર્યક્રમ અદર આનદ પૂર્ણ (મસ્ત ચિત્ત) રસબસ જ રહે છે, કેમકે ઉદાસી તો જ્યા રાગ દ્વેષ ત્યાં જ આવવા અને પોતપોતાનો પ્રભાવ પમાડવા ફાવી શકે છે, પણ જ્ઞાની જનનુ અતરગ તો વિરાગવત-નિજાનદમય, સમતાવત અને મુક્તિ માર્ગમા મ્હાલનાર હોવાથી શોક મોહાદિ વિકારોથી વિરક્ત છે જેના લીધે તે તે વિકારભાવો કિંચિત્ પણ સ્પર્શ કરવા પામતા જ

નથી જેમ જે સ્થળે મયૂરનો વિહાર અને શબ્દસચાર હોય તે સ્થળે સાપ પોતાનો પ્રચાર કે વિષનો કશો ઉપયોગ કરી શકતો જ નથી, તેમ જ્ઞાનીના હૃદયક્ષેત્રની ઉપર તત્ત્વજ્ઞાનસૂર્યની પૂર્ણ પ્રભા પસરેલી હોય છે તેવા સ્વચ્છ હૃદયમા અજ્ઞાનાધકાર શુ પરાભવ કરી શકે !! અથવા જ્યા જાગુલિ કુરૂકુલ્લાદિ વિદ્યાઓ વિદ્યમાન હોય ત્યા ભુજગવિષની ભય કરતાનો જરા પણ ભય રહેવા પામતો જ નથી સૂર્યપ્રકાશ અને અધકારનો નિવાસ બેઉ એકજગોએ કદિ પણ એટલે કે એ બેઉ એકઠા રહેલા હોય એવો બનાવ હોઈ જ ન શકે જ્યા સપૂર્ણ સહસ્રકિરણ યુક્ત વિકસ્વરતાવત જ્ઞાનપ્રભાકર મધ્યાહ્નનો દષ્ટિગોચર હોય ત્યા કોઈ જગોએ અજ્ઞાનરૂપ અધારૂ છુપાઈ રહેલુ હોય જ નહિ જ્યા ચિતામણી રત્ન કામકુભ ચિત્રાવેલી કલ્પતરૂ અને કામધેનુ વિદ્યમાન હોય ત્યા દારિદ્રયતાનો પ્રચાર શી રીતે આવવા પામે ? । તત્ત્વજ્ઞાન વડે રસબસ થએલા હૃદયક્ષેત્રની અદર સારાનરસા ભાવો નિહાળી ઉદાસિનતાના અકુરો કયાથી સ્ફુરાયમાન થવા પામે ? જ્યા તેવા ભાવો સ્ફુરાયમાન નથી ત્યા પરમસુખની પ્રાપ્તિમાટે શ્યાનો વિલબ હોય । માટે તેવા જ્ઞાનાનદની લહરી મેળવી સિદ્ધિપદના ભોક્તા થવુ એ જ પરમાનદનો વિષય છે

यदा यास्यसि निःकर्म साधुधर्मधुरीणताम् ॥
निर्वाण पद संलीन स्तदा ते परमं सुखम् ॥ ૨૭ ॥

શબ્દાર્થ—હે હળુવા કર્મી જીવ ! જ્યારે તુ પાપક્રિયા રહિત સાધુ ધર્મની ધુસરી ધારણ કરનાર (એટલે કે અઢાર સહસ શિલાગરથના ધોરી–ડાભિયાળ ધુસરી

વહેનાર) થઈ નિર્વાણ પદમા લીન થઈશ ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે. ૨૭

સ્પષ્ટાર્થ–હે શ્રેયસાધક આત્મન્! જ્યારે તારી દશા પદર કર્માદાન એટલે કે ઇગાલિ કર્માદિક પદર પ્રકાર કર્મ–કુકર્મ–પાપ બધનાજ સ્થાન છે તે કર્માચારનો ધધો તદ્દન રીતે ત્યાગી દઈશ ત્યારેજ તને સયમ દશા પ્રાપ્ત થતા શમ, દમ, શાતિ, વિષયકષાયની નિવૃત્તિ, વ્રત, પચ્ચખ્ખાણ, જપ, તપ, ધ્યાનાદિ સમાધિ સાથે સેવવાનો સમય પ્રાપ્ત થશે અને તે પ્રાપ્ત થયે શિલાગરથના ધોરીની યોગ્યતા પ્રાપ્ત થશે એટલે પછી મુક્તિ કે જે પરમસુખનુ સ્થાન ભવના આવાગમન રહિત છે તે પ્રાપ્ત થવામા જરાપણ દખલ રહેશેજ નહી એ નિર્વિવાદ છે!

ઉપર પદર કર્મબધના સ્થાનરૂપ કર્માદાન કહ્યા તે કયા કયા છે તેનુ યત્કિંચિત્ વિવેચન કરીશ કે, તે પદરમા પહેલુ **ઇગાળી** કર્મ છે ઇગાળી કર્મ તેને કહે છે કે, કોયલા પડાવવાનો વ્યાપાર, ચૂનાની ભઠ્ઠી પકવવાનો ધધો, ઇટ નળિયા માટલી વગેરેના નિભાડા પકવરાવવાનો રોજગાર, કુભાર સોની લવાર સોનુ શોધનાર વગેરે વગેરે કોયલા–કોલસા મારફત ધધો ચલાવનાર જે કઇ વ્યાપાર છે તે બધાઓનો સમાવેશ આ પ્રથમ કર્માદાનમાજ થાય છે. અને આ બધા કામોની અદર બેસુમાર જીવોનો (૭ કાય જીવોનો) ભોગ અપાય છે તેથી તે પાપરૂપજ છે, માટે તેના સેવવાથી (કરવા કરાવવા ને અનુમોદવાવડે) પાપથી પિડ ભરાય છે જેના લીધે દુર્ગતિના દ્વાર ખુલ્લા થાય છે

બીજુ કર્માદાન **વનકર્મ** એટલે કે જગલના ઝાડ કાપવા

કપાવવાનો કંટ્રાકટ રાખી વૃક્ષ છટાવી કપાવી, પત્ર-પુષ્પ-ફળ-કંદ-મૂળ છાલ-ઘાસ-લાકડા-સોટિયો-કાબડીઓ-વાસડા-વગેરે કપાવી વેચવાનો વ્યાપાર તથા બાગ બગીચા ખેતરમા વાવેતર વગેરે કરાવવાનો ધંધો કે જેની અંદર પણ વનસ્પતિ ચુટવી છેદવી બાળવી આદિ પાપનું જ કારણ છે જેથી તે પણ પાપવ્યાપાર જ છે।

ત્રીજુ કર્માદાન સાડી કર્મ, એટલે કે, ગાડા ઘડવરાવવા, ઉખ્ખો-પિંજણીઓ પૈડા અને તેવાજ સાધનો, યંત્રો તૈયાર કરાવી વેચવા તે પણ પાપવ્યાપાર છે કે જેના અનંત પ્રસંગે જીવોનો ભોગ અપાય છે

ચોથુ ભાડી કર્મ એટલે કે, ભાડુ પેદા કરવાની લાલચે ગાડી, ગાડા, લારી, મોટર, વ્હાણ, એક્કા, તાગા, ઘોડા, ગધેડા, ઉંટ, ખચ્ચર, ખટારા, બળદ આદિ રાખી ભાડા ખાવા આપવા કિંવા ભાડા મેળવવા તેવા જીવોનો ત્રાસ લેવો એ પાપ રૂપજ છે।

પાચમુ ફોડી કર્મ એટલે કે-જવ, ઘઉં, ચણા, મકાઇ, ડાંગર વગેરે ધાન્યોને સેકવા સેકાવવા, ભરડવા ભરડાવવા, સાથવો બનાવવો બનવરાવવો, તેઓને ખાડવા ખડાવવા, છડાવવા, માટી, પત્થર, શંખજીરૂ, ફટકડી, સિંધાલૂણ વગેરેની ખાણયો ખોદાવવી, તળાવ કુવા સરોવર કુંડ વાવડી, આદિક ખોદાવવા બંધાવવા, ખેતર ખેડાવવા, પત્થર ઘડાવવા અને એવાજ કામો આદરી પાપવડે પોષણ મેળવી પૈસાદાર થવુ તે સર્વ નિંદ્ય વ્યાપાર છે.

છઠ્ઠુ દંતવાણિજ્ય કર્મ એટલે કે, હાથીના દાંત વ્હેરાવવા હાથીઓને દુઃખ-પ્રાણસંકટ આપવુ, ઘુવડની નળીઓ નખ કપાવાના કર્મ કરવા, વાઘના નખ, હંસાદિના પીછા, મૃગછાલા-ચિત્રાછાલા-

વાઘબર, ચમરી ગાયના પૂછ, શખ કોડીઓ કોડા શીગડા છીપ કસ્તૂરી કચકડા વગેરે ત્રસજીવો (હાલતા ચાલતા પ્રાણિઓ) નો નાશ ને દંત સેવી રોજગારને ઉત્તેજન મેળવવુ તે નરકદાયક વ્યાપાર છે

સાતમુ લાખવાણિજ્ય એટલે કે-બોરડી પીપળા બાવળ વગેરેની લાખ મેળવી તથા ધાવડી, ગળી મણશીલ, હરતાલ, વજ્રલેપ તુબડા, પડવાસ, ટકણખાર, સાજી, સાબુ અને બીજા ખાર વગેરેનો વ્યાપાર તે પણ જીવહિસારૂપ જ છે

આઠમુ રસવાણિજ્ય એટલે કે-મધ, દારૂ, માસ, ચરબી, ઘી માખણ, દૂધ, દહી, તેલ વગેરે કે જેના વ્યાપારમા અનત જીવાની હિસા થાય છે માટે તે વ્યાપાર અપાર નિંદ્યરૂપ છે

નવમુ કેશવાણિજ્ય એટલે કે, દાસ દાસીને વેચવા સાટવા ગાય ભેશ બકરી બળદ ઘેટા પોપટ મેના ઘોડા ઉટ વગેરે જનાવર વેચવા સાટવા તે પણ જુઠ અને બુરી વાસનામય ધધો હોવાથી નિદ્ય છે।

દશમુ વિષવાણિજ્ય એટલે કે, અફીણ, વછનાગ, સોમલ, જગાલ, ઝેરકોચલા, ધતુરાના બીજ, હરતાલ, મણશિલ, હાઇડ્રોસ્યાનિક ઍસિડ, હાઇડ્રોક્લોરલ, ક્લોરોફોર્મ, ટાર્ટર ઇમેટીક વગેરે વગેરે પ્રાણઘાતક વિષ-ઝેર, શસ્ત્ર, અસ્ત્ર, કોષ, કોદાળી, તીકમ, પાવડા, હળ વગેરે જીવનાશક સાધન છે તે સર્વ પાપમય જ છે જેથી તે ત્યાગવારૂપ છે

ઇગ્યારમુ યત્રપીલણ કર્મ એટલે કે ઘટી, નિસા, નિસાતરા, ખાયણીઆ, સાબેલા, ખાડણીપરા (ઇમામદસ્તા), ઘાણી, અરટ,

કાસકી, ચરખી, જીન અને મીલના યંત્રો કે જેઓની મારફત બેસુમાર સૂક્ષ્મ બાદર જીવોનો નાશ થાય છે તે પણ પાપરૂપ છે

બારમુ **નિલાંછન કર્મ** એટલે કે–ગાય વાછરડાના કાન છેદાવવા, શિ ગડાઓની ટોપીઓ–ખોળ ઉતરાવવી, ટેસ્ટીકલ છેદાવી આખલાના બળદ બનવરાવવા, ઘોડાઓને ખાસી કરાવવા, નાક કાન છેદાવવા, ઘુઢણા છેદવરાવવા, આખલા પાડા આકવા, દાઢ વગેરે કપાવવી ડાભ દેવગવવા અને કસાઈના જેવી વૃત્તિ રાખવી તે પણ નિંદ્ય વ્યાપાર હોવાથી નરકદાયક છે

તેરમુ **દવદાનકર્મ** એટલે કે વનમા ચોરો તથા ધાતકી જીવો સતાઈ ન રહેવા પામે, તેમજ માનવને હરવા ફરવામા નડતર ન થાય, જુનુ ઘાસ બાળી નવુ ઘાસ વિશેષ થવા તેની રાખ માટી સાથે મેળવી દેવરાવવી કે ચારો પુષ્કળ પેદા થતા ઢોર વગેરેનુ પોપણ ખૂબ થવામા પુન્ય માની વનમા–પર્વતમા–ખેત્રમા આગ લગાડવી છોકરાની માનતા માટે ડુગગ ન્હવરાવવા, (મેવાડ અંદર છોકરાની માદગી મટશે તો હુ ડુગર ન્હવરાવીશ એવી બાધા રાખે છે અને બચ્ચુ થાય કે ડુગરમા લાહ્ય લગાડી ઓડો રોડો કરવો તેને ન્હવરાવ્યો માને છે) રમ્મત ગમ્મત ખાતર જગલમા લાહ્ય લગાડવી, ઘાસની ગજીઓ સળગાવી, અને ખેતરમા દેવતા લગાડી ચૂક કરાવવુ. એ સર્વ કામોમા અનતા જીવોનો નાશ થાય છે જેથી તે ત્યજવા યોગ્ય છે

ચૌદમુ **સરહદ શોષણિયા કર્મ** એટલે કે તલાવ કુડ વગેરેમાથી પાણી શોષાવી–પાળ તોડાવી ફોડી ખાલી કરી દેવરાવવા આમ કરવાથી અનેક જળચારી જીવો (માછલા કાચબા મધર વગેરે) નો સહાર થતા તથા પશુ પખી માનવોને પાણીનો ત્રાસ પડતા ભારે હાય લાગે છે માટે તે પાપાચારનો અવશ્ય ત્યાગ કરવો

પદરમુ **અસતિપોષણિયા** કર્મ એટલે કે—નઠારી ચાલચલગત વાળી વ્યભિચારિણી સ્ત્રીઓ વેશ્યાઓનુ પોષણ કરી તેમના કુકર્મ દ્વારા પૈસા મેળવી પૈસાપાત્ર થવુ, તેમજ હીજડાઓને પોષી સૃષ્ટિ વિરુદ્ધ કર્મમા મદદ અપાવવી પોપટ, કૂકડા, કુતરા, બિલાડી, મૈના, મોર, માકડા, ભુડ, સૂઅર વગેરે વાતકી—હિસક જીવોનુ પોષણ કરી તેનાથી પૈસા મેળવવા તે તમામ પાપાચાર છે માટે ત્યજવા લાયક જ છે

આ પદર કર્માદાન અદર પગલે પગલે અનેક જીવોની હાનિ થાય છે માટે પાપમય વ્યાપારને અને અઢાર પાપસ્થાનકો એટલે કે પ્રાણાતિપાત (હિસા) ૧, મૃષાવાદ (જૂઠ) ૨, અદત્તા દાન (ચોરી) ૩, મૈથુન (સ્ત્રી પુરૂષ સમાગમ) ૪, પરિગ્રહ (ધનદૌલત રાજ રજીલા વર ખટલો વગેરે) ૫, ક્રોધ (ગુસ્સો) ૬, માન (અહકાર) ૭, માયા (કપટજાળ) ૮, લોભ (હદ ઉપરાત લાલચ) ૯, રાગ (સ્નેહ) ૧૦, દ્વેષ (ઇર્ષ્યા—તિરસ્કાર) ૧૧, કલહ (કલેશ) ૧૨, અભ્યાખ્યાન (આળ ચઢાવવુ) ૧૩, પરપરિવાદ (નિંદા) ૧૪, રતિ (સુખાનદ) ૧૫, અરતિ (દુ ખ કટાળો) ૧૬, માયામૃષાવાદ (કપટ સાથે જૂઠ) ૧૭ અને મિથ્યાત્વશલ્ય (દેવગુરૂ ધર્મની અશ્રદ્ધા) ૧૮ આ અઢાર દોષ પાપબધનના જ સ્થાન છે માટે એ સર્વને ત્યાગી તથા પચમહાવ્રત આદરી અઢાર હજાર જેની સખ્યા અગાડી સ્પષ્ટ રીતે કહેવામા આવેલ છે તે શિલાગરથના ધોરી થઇ ધૂસરી ધારણ કરી મુક્તિમાર્ગ અદર વિચરીશ તોજ પરમ સુખ પામીશ, કારણ કે તે વિના વિષય કષાય વિકાર વગેરે વગેરેની મુક્તિ—છૂટકારો થયા વગર ઉત્કૃષ્ટ સુખ શી રીતે હાજર રહે ? ! માટે જ સર્વની મુક્તિ કરી અર્થાત્ અભક્ષ્ય પદાર્થો એટલે કે આદુ, મૂળા, ગાજર, સૂરણ,

ગતાળુ, પિંડાળુ, બટાટા, શકરિયા, કચૂરો, ખિલોડા, મોગડ, ખેલરા કુણી આબલી, વાઘરડા, ગરમર, નીલી ગળો, વાલોળ, વાસી ખોરાક દહીમા-છાશમા ભેળવેળ કઠોળના પદાર્થ, મધ, મહુડા, ઝેર, બરફ કરા, ઘોળવડા, અજાણ્યા ફળ, ટીંબરૂ, ગુદા, બોળ અથાણુ કાચુ મીઠુ, મદિરા, માસ, લીલી હળદર, આદુ, કોઇપણ કદ, અનત કાય-બહુબીજ, વત્યાદ-વગણુ, ખસખસ, કોકબડા, આરિયુ, ઉંબર, તલ, પીપરની પીપીઓ, વડના ટેટા, આબા હળદર, બિલાડીના ટોપ -ભુઇફોડા, કાચુ દહી, ચલિતરસવાળા પદાર્થ એટલે કે જેનો રસ ગધ સ્વાદ સ્પર્શ વગેરે ફરી ગયા હોય તેવી ચીજ, પીતુ, પીનુ માટી, મહોર, સુગરબીટ, નાલકોલ, લોઢા, મોથ, અને જમીનમા થતા તમામ કદ તેમજ મળ ઇત્યાદિ ઇત્યાદિ જે જે પદાર્થ શ્રી જિનરાજદેવે નિન્દવા ત્યજવા યોગ્ય માનેલ છે તે તે વસ્તુઓથી નિવૃત્ત થઇ નિષ્પાપ વૃત્તિ સાથ મુક્તિના ઉપાસક થવુ કે આપણા હિ હમેશા કાયમજ રહે ૨૭

निर्ममो निरहंकारो निराकार यदा स्वयम् ॥
आत्मानं ध्याससि ध्येयं तदा ते परमं सुखम् ॥२८॥

શબ્દાર્થ—હે જીવાત્મા ! જ્યારે તુ પોતાના પવિત્ર આત્માનુ મમતા રહિત તેમજ અહકાર રહિત અને આકાર રહિત છતા ધ્યાન કરવા યોગ્ય તેનુ ચિતન ધ્યેય સિદ્ધિ સાથ કરીશ ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે ૨૮

સ્પષ્ટાર્થ—વિશ્વમા દેહને ઉપયોગી જણાતા દશ્ય પદાર્થ માત્ર તરફ મમતા-લગની લાગી રહેલીજ હોય છે, જો કે તે તમામ પદાર્થો આપણને મળી શકે તેવા ન હોય, તેમજ તેઓને પ્રાપ્ત કરવાની

સત્તા પણ ધરાવી શકતા ન હોઇયે છતા પણ તેઓ અપ્રાપ્ય અને સત્તાથી દૂર હોય તેના પરથી પણ મન વચન કાયાને પાછા ખીચી લેવામા આવતા નથી એટલે લાલસા ઓછી થતી નથી, કેમકે **आशाहि परमं दु खम्** આશાનુ લાગી રહેવુ એજ મોટામા મોટુ દુ ખ છે? જેણે આશા તૃષ્ણાને જીતી તેણે સકળ પ્રકારથી જીત મેળવી કહિયે તો પણ અતિશયોક્તિ ગણાશે નહિ નિરાશા પરમ સુખકારિણી છે પરંતુ તે પ્રારબ્ધ સયોગે પુન્યોદય થયા વિના સેવાતી નથી એટલે દુ ખનો આરોજ આવતો નથી જે આશાના દાસ છે તે સર્વ લોકના દાસ છે અને જેઓની આશા દાસી છે તેમના સકળ જનો દાસ છે અગ ગળી ગયુ, માથે પળિયા આવી ગયા, મ્હોમાથી દાત પડી ગયા, અને દેહ જર્જર-વૃદ્ધ થતા હાથમા લાકડી ગખી ચાલવા લાગ્યો, તો પણ આશાપિડને છોડતો નથી આશાના અવલબનથી વૃદ્ધિ પામેલી તૃષ્ણા રૂપી લતા કોને અનર્થ ફળ નથી આપતી? । સર્વને આપેજ છે? આશા એ મોટી નદી છે, તેમા મનોરથ રૂપી પાણી છે, તૃષ્ણા રૂપ આકુળ વ્યાકુળ લ્હેર-તરગ છે, રાગ રૂપ ગ્રાહ જતુ છે, વિતર્કરૂપ પક્ષિયો છે ધીરજરૂપ વૃક્ષો છે, તેનો નાશ કરનારી મોહના આવર્તવડે દુસ્તર અને ગહન મોટા તટવાળી એવી નદીને પાર પ્હોચેલા અર્થાત્ આશા તૃષ્ણા નદીની પાર ગયેલા શુદ્ધ મનવાળા યોગીશ્વરો આનદ વિલસે છે માટે હે આત્મન્। તુ પણ તેવી આનદદશાનો ભોક્તા થા મમતા રહિત થવા પછી અહકાર વગરનો થા કે જેથી નમ્ર થતા સરલ સ્વભાવી થવાય, ગર્વિષ્ટ રહેતા જો કે પોતાનુ ચિતવ્યુ કશુ થતુ નથી, છતા હુપદનો ડૉળ મૂકી શકાતો નથી અહકાર એજ ઉન્નતિને આડે આવનાર મહાન્ દુર્ગુણ છે અહતા મમતાની વૃદ્ધિને લીધે નમ્રતા મૃદુતા પ્રાપ્ત થતી નથી જેથી કોઇ નવીન ગુણની વૃદ્ધિ તો થતી

નથી, કેમકે પાણી ભરવા લાયક ઘડો કુવામા ફાસ્યો હોય છતા જો કુવામા વાકો વળી નમે નહી તો તેમા શીતળ જળ શી રીતે આવવા પામે ? નમે તોજ પાણી પણ આવવા પામે માટે વિશ્વમા આત્મોન્નતિ ચાહનારને નિરઅહકાર થવાની ખાસ અગત્યતા છે અહકારના દુર્ગુણથી સર્વ સદ્‌ગુણો ઢકાઈ જાય છે, અને નમ્રતાથી સકળ ગુણો દીપી નીકળે છે રાવણ જેવો સમર્થશેખર પણ અહકારનો ઉપાસક થવાથી જ દુર્ગતિનો વાસિ થયો અને જે મસ્તકો શિવજીના બાણુ ઉપર કમળ સમાન ગાજતા હતા તે જ મસ્તકો અહકાર પ્રતાપથી ન્યાયિ રામચદ્રજીનો વિરોધી થતા ગરધેલોની ઠોકરો ખાતા આમતેમ રખડયા હતા અહકારના પૂજક થવાથી કૌરવરાય દુર્યોધન, અતિમ હિદરાજપતિ પૃથિરાજ ચાહમાન, ભોળો ભીમ, અને જયચદ રાઠોડ આદિ અનત શક્તિપાત્ર છતા ધૂળમા મળી ગયા માટે જેમ બને તેમ અહકારનો ત્યાગ કરવો અને નિરાભિમાનતા સાથ પરમાત્માના પરમ પદમા લીન થવુ કે જેથી સર્વોત્તમ સુખ મળે છે.

જ્યારે આકાર રહિત સૂક્ષ્માત્મા કે જેનુ ધ્યાન અધ્યાત્મ જ્ઞાનપૂર્ણ બની કરવુ યોગ્ય છે એવાની વસ્તુ સ્થિતિ ચિતવીશ એટલે કે નિરાકાર આત્મ કેવો છે ? તેની શુ સત્તા છે ? શુ કરવાથી તે ચિતન કરવા યોગ્ય થાય છે અને તે કેવી રીતે નિરજન નિરાકાર અખડાનદમય સિદ્ધપદાધિકારી થવા શક્તિમાન થઇ શકે છે ? એટલે કે આત્મા મોહ મમતાદિ વિકારથી મલીન થયો દેખાય છે અને જુદી જુદી ગતિવાળો સમજાય છે, પરતુ તે તો શુદ્ધ નિલેપ દ્વદ્વ રહિત છે લક્ષ્મી અને શરીર તે બહિરાત્મા, અને શરીરનો અધિષ્ઠાયક જીવ તે અતરાત્મા કે જે કર્મવડે બધાયલો છે તથા ભય, આકાક્ષા, વિકલ્પ, અને કર્મનો લેપ એ જેનામાથી જતા રહ્યા હોય

અને અનતગુણુ જેનામા છે તથા જેનો નાશ કે ક્ષય કદાપિ ન થાય તે જીવાત્મા પરમાત્મા કહેવાય છે જેમ વનસ્પતિ (બુટ્ટી) ના સયોગથી લોખડનુ સુવર્ણ બને છે, તેમ જીવ પરમાત્માના ધ્યાનથી પરમાત્મસ્વરૂપ થઇ જ્યોતિમા જ્યોતિ સાથ બિરાજે છે આત્મ વિચાર વગર કેવળ શાસ્ત્રમા કહેલા ધ્યાનથી કદાપણ સિદ્ધિ થતી નથી કારણ કે પાણિમા પ્રતિબિબિત થએલા-પડછાયારૂપ પડેલા ફળોથી કોઇ કાળે ભૂખની તૃપ્તિ થતી નથી જે અજ્ઞ જીવ આત્મારૂપ દ્રવ્ય સમીપ છતા બીજા ધન તરફ ભ્રાતિ વડે જુવે છે તેના કરતા બીજો કોણુ મહા મૂર્ખ કહેવાય ? માટે જ કર્મથી વિટાયલા જીવનેજ સમારી અને કર્મથી મુક્ત થયલા જીવને જ મુક્તિવત કહે છે ને મોક્ષનુ પરમ સુખ આ પ્રમાણે વર્ત્તન રાખવાથી પ્રાપ્ત થાય છે ૨૮

निःशेष दोष मोक्षाय यतिष्यसि यदा सदा ॥
परमात्म गुणान् याता तदा ते परमं सुखम् ॥ २९ ॥

શબ્દાર્થ—હે જિજ્ઞાસુ જીવ ! જ્યારે તું સમસ્ત દોષથી મુક્ત થવાને માટે હમેશા યત્ન કરીશ અને પરમાત્માના ગુણને પ્રાપ્ત કરવા ભાગ્યભાજન થઇશ ત્યારે તુ પરમ સુખનો ભોક્તા થઇશ ૨૯

સ્પષ્ટાર્થ—હે શ્રેયસાધક આત્મા ! જે સમય તુ મોહ મદ ક્રોધાદિ સમસ્ત દોષથી નિર્લેપ-મુક્ત થવાને માટે શમ દમ સયમાદિ યોગમાર્ગમા સપૂર્ણ નિપુણ થઇ સમાધિસ્થ દશાનો ઉપાસી બનવા જતા સર્વ વિષય કષાય વિકાર વગેરેથી અલગ થઇશ કે જેથી પરમાત્માની અઢાર દૂષણ રહિત મૂર્તિ કૃતિ વગેરેને ધ્યાનમા

લઇ તે તે ગુણોની લાયકાત મેળવવા લાયક સમય હાથ કરીશ કે તે સમય સિદ્ધપદનો ભોક્તા થતા પરમાનંદ સુખમય થઇશ

મનુષ્ય જેવા ગુણો ભર્યાં વિચારોનુ ચિતન મનન નિદિધ્યાસન કરે છે તેવા જ ગુણો ભર્યાં રજકણોમય થવાય છે શુદ્ધ વિચારોનુ વાતાવરણ સઘન થતા દિનપ્રતિદિન એવુ તો તે સબળ થાય છે કે ધારેલી ધારણા સહજમા પાર પાડવા શક્તિમાન થાય છે

ગર્ભ રહેવાના સમય, ગર્ભ પોષવાને ટાણે, ધાવ્યાવસ્થા વખતે, રમાડવાના સમય, ભણવાના સમય અને તેના તરફ ઉચામા ઉચી ભાવનાની વૃષ્ટિ પુષ્ટિ દર્શાવવામા જો આવ્યા કરે તો જે જે ગુણોની પુષ્ટિ કરવા માગીએ તે તે ગુણો અવશ્ય ઉદ્‌ભવી કાયમ થયા વિના રહે જ નહી તેવી જ રીતે દુર્ગુણોનુ પણ આરોપણ કરાઈ શકાય છે કથનનો હેતુ એજ કે મનુષ્ય મન વાણી શરીરની વિશુદ્ધિ પૂર્ણ દરેક ગુણો સબળ મનોબળ સકલ્પદ્વારા મેળવી ફતેહ મેળવી શકે છે એમા જરા પણ સદેહ નથી માટે જ પરમાત્માના ઉત્તમોત્તમ ગુણોનુ સ્મરણ કરવા વડે છેવટ સિદ્ધિપદ મેળવવાની સ્થિતિ સુધી પહોચવા શકિતવત થતા પરમ સુખમય જીવાત્મા પરમાત્મારૂપ થાય છે તેથી તેમા તત્પર રહેવુ આત્માની અદર છુપી રીતે અનેક શક્તિયો રહેલી છે તેને પ્રકટ કરવા ધારિયે તો જ તે મહાન્ પ્ર-ભાવવત શક્તિયો જાગ્રત થઇ પોતાનો ભાવ પાર પાડે છે, પરતુ જ્યા લગી તેને જાગ્રત કરવાની વિચારણાને બળવાન બનાવવા ન ચાહિયે ત્યા લગી શરીર અદર વિદ્યમાન છતા પ્રકાશમા લાવી શકાતી નથી મકાનમા સુદરતા લાવવામા કડિયા સુથાર મહાન્ હુશિયાર હોય છતા મકાનમાલિક પ્લાન-નકસો ન ચિત્રી-આંકી બતાવે તો તેમની હુશિયારી કામમા આવી શકતી નથી પણ જો

મકાનમાલિક નકસો બતાવી દે તો તુરત મનરંજન મકાનની રચના પાર પાડવામા જરા પણ વાધો રહે જ નહી એજ પ્રકાર મનના સાધનથી ગુપ્ત શક્તિયો પ્રકાશમા આવી ઇચ્છિત સિદ્ધિ આપી શકે છે માટે જ આત્મા જો પરમાત્માના ગુણનુ દૃઢ અને બળ સંકલ્પ સાથ ચિંતન કરે તો બેશક પરમાત્મપદનો ભોક્તા થતા તેને પરમાનંદ પ્રાપ્ત થાય છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ વીતરાગ સ્તોત્ર અંદર સ્પષ્ટ પણે જણાવ્યુ છે કે આપણો જે આત્મા છે તેજ પરમાત્મા છે પરમ જ્યોતિ સ્વરૂપ છે અજ્ઞાનને દૂર કરનાર છે, સર્વ કર્મ ક્લેશનો ખપાવનાર છે એવા આત્માનુ ધ્યાન કરવુ તેજ પરમ શ્રેયસ્કર છે માટે આત્માનુ પૂર્ણપણે સ્વરૂપ જાણી તેનો વિચાર કરવો અને જેટી પોતાનાથી નિર્વાહ થાય તે પ્રમાણે ત્યાગ વૈરાગ્ય અંદર પ્રવૃત્તિ રાખવી, એટલે કે ધનને પરવસ્તુ જાણી તેનો સાતે શુભ ક્ષેત્રમા ઉપયોગ કરવો સુપાત્રે દાન દેવુ પરોપકાર કરવો ઇંદ્રિયોના વિકારોને કર્મબંધનનુ કારણ માની તેને ત્યજી દેવા બ્રહ્મચર્ય પાલન કરવુ ઇંદ્રિયોને સંયમમા રાખી દમન કરવી જેથી અનર્થનુ કારણજ કાયમ રહે નહી આહાર શરીરની પુષ્ટિ માટે લેવો પડે છે, પણ શરીરની વિશેષ પુષ્ટિ થવાથી વિષય વિકાર ભરી વૃત્તિઓ જાગ્રત થાય છે માટે તે પર વસ્તુનો ત્યાગ કરી તપ આદરવો તેમજ ઉપકારી પરમાત્માશ્રીના આગમ વચન વડે આપણને જ્ઞાન સંપાદન થાય છે જેથી જ્ઞાનની ભક્તિ કરવી, તથા દાન, શીળ, તપ, ભાવ ઇત્યાદિને સત્યપણે પોતાના પ્રાણધન સમજી સેવવા—જેથી આત્મા વિશુદ્ધ થતા સર્વ દોષ રહિત થઇશ અને દોષરહિત થયો કે નિર્દોષિતને સુગતિ મુક્તિ હાજર જ રહેશે, માટે સકલ પાપ તાપ શમાવી જ્ઞાનાનંદમા મસ્ત થવુ

નિર્મળ થઇ પરમાત્માના સ્વરૂપને ઓળખવુ જીવાત્મા અને પરમાત્મા બેઉ પૂર્વે તો સમાન જ જીવરૂપ હતા, પરતુ જેમ જેમ પરમાત્મદશાને પામનારા માર્ગ સેવવા લાગતા આત્મદશા ઉચ્ચદશાને ભેટવા લાગી તેમ તેમ જીવાત્મા પરમાત્મા પદને અનુભવી થતો ચાલ્યો આથી એક બીજા વચ્ચે બહુ જ તફાવત પડી ગયો, એટલે કે જીવાત્મા રાગ દ્વેષ દોષ સહિત હોય છે પરમાત્મદશાનો રાગી હોય તેથી વિરક્ત બનવા પામે છે જીવાત્મા જગતજ જાળથી લપટાયેલ અને પરમાત્મદશાવત તેથી પર હોય છે જીવાત્મા વિષય કષાયાદિથી સયુક્ત અને પરમાત્મા તે સર્વથી મુક્ત હોય છે જીવાત્મા જન્મ જરા મરણને ભજનાર અને પરમાત્મા અજર અમર અજ દશાવત હોય છે જીવાત્મા પરમાત્મા સ્વરૂપને ભજનારો અને પરમાત્મા સિદ્ધસ્વરૂપને ભજનાર હોય છે જીવાત્મા અનેક ઉપાધિનો અનુભવી અને પરમાત્મા સર્વ આધિ વ્યાધિ ઉપાધિથી રહિત હોય છે જીવાત્મા પાપારભ મિથ્યાત્વમા રસ બમ હોય છે અને પરમાત્મા સહજ અખડાનદમા મશગુલ હોય છે જીવાત્મામા દરેક દુર્ગુણોની છત હોય છે અને પરમાત્મામા સર્વ સદ્ગુણોજ છાઇ રહ્યા હોય છે, તથા જીવાત્મા કર્મમળથી લિપ્ત છે, અને પરમાત્મા સર્વ દોષથી અલિપ્ત હોવાથી વિમળ છે જીવ માયા વશ થતા ભવભ્રમણાવત છે અને પરમાત્મા માયા કલેશથી પર હોવાથી અજરામર સિદ્ધ છે પરમ આત્મામા સારામા સારા લક્ષણો ગુણો અને શક્તિઓ વિદ્યમાન હોવાથી તેમા કનિષ્ટ બાબતોની ભાવનાજ કયાથી સભવી શકે? સૂર્યમા અધકાર, દૂધમા મલીનતા અને સાકરમા કટુતાની છાયા કોટિ અશે પણ હોય નહી! પારસના સયોગવડે આયસ–લોખડ પણ સુવર્ણ શુ નથી બની

શકતુ ? વસ્તુઓના મળતા સયોગોથી ઉચ્ચતા સુમાનતા મેળવી શકાય છે જેમકે ગ્રહ, ઔષધ, જળ, પવન, અને વસ્ત્ર એઓ સ્થાન અને વસ્તુઓના સયોગથી ઊચ નીચ દશાવત થઈ રહે છે જેમકે કુલ્લઇથી સોનાની દશા નીચી થઈ રહે છે અને ત્રાબાની સગતિથી ઠીક રહે છે મરીની સગતિથી બરાસની સ્થિરતા કાયમ રહે છે અને પવન કે તડકાના સયોગથી તેની સ્થિતિ નાશ પામી જાય છે કોહળાની ગધના સયોગથી ઘઉની કણકનો વાક જતો રહે છે. બરાસ અને નાળિયરના જળના મિલાપથી તે જળ ઝેરની ગતિ ધારણ કરતુ મનાય છે રૂદ્રવતીના રસ સયોગથી ત્રાબુ વેધક થઈ સુવર્ણ સ્વરૂપ થાય છે ભમરીના ચટકા સયોગથી ઇયળ ભમરી સ્વરૂપ મેળવી જગત નિહાળવા શક્તિમાન થાય છે તેમજ અમુક ગ્રહ અમુક અશનો અમુક સ્થાનમા સપૂર્ણ ચતુષ્પાદ દૃષ્ટિ-યુક્ત સ્વગૃહી થઇ શુભગ્રહો યુક્ત હોવાથી ઉચ્ચ મનાય છે, અને ખરાબ સ્થાનમા અમુક અશથી નીચનો થઇ પાપગ્રહો યુક્ત કે શત્રુગ્રહો યુક્ત હોવાથી નીચનો મનાય છે મારી ઔષધી સ્મશાનમા ઉગવાથી ખાવામા નિરૂપયોગી મનાય છે, પણ જો સ્વચ્છ જગોએ ઉગી હોય તો અચિંત્ય ગુણવત નીવડે છે તેમજ પાણી ગગામા ભળવાથી મહાન્ પવિત્ર તીર્થજળ મનાય છે, પણ તે જળ ગદી ગટરના સયોગથી અસ્પર્શ યોગ્ય થઈ રહે છે તથા પુષ્પખીલેલી વાડી અદરથી જો પવન આવ્યો હોય તો મનને આનદ આપતો સુખકારી મનાય છે, પરતુ તેજ પવન સડેલા કલેવરને સ્પર્શી આવ્યો હોય તો કોઇને ગમતો નથી અને વસ્ત્ર જો ઠાકોરજીને વૈષ્ણવોએ ધરાવ્યુ હોય કે તિર્થનુ, પૂજન અદરનુ ઉત્તમ હોય તો પગલા પાડેલા માની પૂજ્ય મનાય છે અને તેનુજ વસ્ત્ર મડદાને સ્પર્શેલુ હોય તો

તેને કોઇ અડવા પણ ઇચ્છા રાખે નહી, મતલબ કે સ્થાન અને સમય વસ્તુના સચોગથી ઉચ્ચ હોય તો નીચ દશાવત બને છે માટે પોતાના આત્માને પણ સદ્‌ગુણોના સમૂહથી પરમાત્માના રૂપ ગુણમા જોડી પરમાત્મારૂપ જ્યોતિ સ્વરૂપમા મેળવીશ કે પરમસુખ પ્રાપ્ત થશે એજ કથનમાત્રનો હેતુ છે, કેમકે જ્યા લગી તેમા સદ્‌ગુણોના સમહનો સેવક ન બનાય ત્યા લગી મુક્તિ—પથનો પ્રવાસી ન જ થવાય સદ્‌ગુણોનુ સેવન એજ ઉચ્ચતા મળવાનુ ઉત્તમોત્તમ સાધન છે માટે તે સદ્‌ગુણ સમુદાય સાથ પરમાત્મપદનો ઉપાસક થઇ તે પદનો વિલાસી થઇશ એટલે અખડાનદનો અધિકારી બનીશ ૨૯

यदात्म ज्ञानसंपन्नः परमानंद नंदितः ॥
पुण्य पाप विनिर्मुक्त स्तदा ते परमं सुखम् ॥३०॥

શબ્દાર્થ—હે પાવનાત્મા ! જ્યારે તુ આત્મજ્ઞાન યુક્ત થઇશ તથા પરમાનદ વડે આનદવત બનીશ અને પુન્ય પાપથી મુક્ત થઇશ ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે ૩૦

સ્પષ્ટાર્થ—આત્મજ્ઞાન એટલે અધ્યાત્મજ્ઞાન (આત્માનો ઉદ્ધાર કરનાર તત્ત્વજ્ઞાન તે જ્ઞાન)ના ખજાનારૂપ આત્મસ્વરૂપ સબધી જ્ઞાન એટલે કે આત્મા એ શુ છે ? તેની શી સત્તા છે ? તેનામા શુ શુ ગુપ્ત શક્તિયો સમાયલી છે અને તે પરમાત્મ સ્વરૂપ કેવા પ્રકારથી મેળવી સર્વ દુખથી મુક્ત થઇ મુક્તિ મેળવે છે, વગેરે વગેરેનુ સપૂર્ણ વિમળ જ્ઞાન મેળવી જીવાત્માની થતી ઉન્નતિ હાથ કરવામા આવે તોજ પરમાનદ મળે છે

જે જીજ્ઞાસુને પોતાના આત્મસ્વરૂપનુ ઓળખાણ નથી, તેમજ

આત્મજ્ઞાન સબધી તત્ત્વમા નિપુણતા મેળવી નથી તે જિજ્ઞાસુ સત્ય સમ્યકૃત્વ, ષટદ્રવ્ય, સપ્ત નયાદિ પૂર્ણ પામી શકતો નથી અને જ્યા લગી ૬૭ ભેદ સહિત સમકિત મેળવી આત્માને વિમળ કર્યો નથી ત્યા લગી આત્મકલ્યાણ થતુજ નથી આત્મતત્ત્વ જાણનાર આત્મોન્નતિ કરી શકે છે, પણ તેથી અજ્ઞ હોય તેની આત્મામા સ્થિતિ થતી નથી તેથી દેહ બહાર અને દેહ અદર (રોમરોમે વ્યાપી રહેલા) આત્માને જુદો સમજવાને લીધે પોતાના અતરમા તે મુઝાયા કરે છે. જ્યા લગી દેહ અને આત્મા જુદા છે એવુ ભેદજ્ઞાન થતુ નથી કે થયુ નથી ત્યા લગી આત્મસ્વરૂપનુ જ્ઞાન થતુ નથી કે થયુ નથી ત્યા લગી પરમાત્માના જ્ઞાનની સ્વપ્નમા પણ પ્રાપ્તિ કરી શકાતી નથી માટેજ મોક્ષેચ્છુએ શરૂઆતથીજ સારી પેઠે આત્માનો નિશ્ચય કરી લેવો તે સમ્યક્ આત્મા જ્ઞાન દર્શન અને ચારિત્રના પાત્રરૂપ આત્મા એવો છે કે જેની અદર માનવ, તિર્યચ નારકી ને દેવતાદિ ભ્રાતિથી જાગતા સર્વ પર પર્યાયની કાયમતા નથી

જ્યારે બહિરાત્મા, અતરાત્મા અને પરમાત્માના જ્ઞાનની નિ શકપણે પિછાન પડી અને તેનુ યોગ્ય જ્ઞાન થયુ કે જીવન શ્રદ્ધા કે અચળ-અટળ રૂપ શકા રહિત હોય તેવા વિશ્વાસ સાથ સમકિતને ઓળખવુ તથા તે પછી તેને અગીકાર કરવુ અને તેના વડે જ્ઞાન દર્શન ચારિત્રનો સપૂર્ણ ગુણજ્ઞાતા થઇ જન્મ મરણ રહિત થવુ કે જેથી પરમાનદ પ્રાપ્તિમા મગ્ન થવાય છે

સમકિત એટલે કે **तत्त्वार्थ श्रद्धान सम्यक दर्शनम्**–શ્રી જિનેશ્વર દેવ ભાષિત જીવાજીવાદિક નવ તત્ત્વ અદર જે અચળ વિશ્વાસ તત્ત્વરૂચિ હોય તે જ સમ્યકૃત્વ કહેવાય છે તે સમ્યકૃત્વ ૧, ૨, ૩, ૪, ૫, ૧૦ અને ૬૭ ભેદથી અલકૃત છે એક પ્રકાર એટલે

સમકિત એક જ પ્રકારથી છે, તથા બે પ્રકાર એટલે કે કેટલાક જીવને મિથ્યાત્વની મંદતાએ જાતિ સ્મરણાદિવડે સ્વ અંતર અંદર ઉહાપોહ (પસ્તાવો) કરતા કરતા સહેજ પોતાની મેળે જ તત્ત્વ ઉપર શ્રદ્ધાન થાય તે નૈસર્ગિક સમકિત, તથા કેટલાએકને સદ્-ગુરૂના ઉપદેશ બળથી તત્ત્વરૂચિ થાય તે અધિગમ સમકિત કહેવાય છે આની અંદર દ્રવ્ય, ભાવ, નિશ્ચય અને વ્યવહાર સમકિત એવા ભેદ પણ સમાયલા છે એટલે કે વીતરાગ દેવના વચન સત્ય છે એમ માનવુ તે દ્રવ્ય સમકિત, જીવાજીવાદિતત્ત્વને સર્વ નય ગમ ભંગ પ્રમાણ નિક્ષેપ પ્રમુખ સ્યાદ્વાદ શૈલિ પૂર્વક જાણે, સદ્દહે તે ભાવ-ગત સમકિત, તથા જ્ઞાન દર્શન ચારિત્રરૂપ શુદ્ધ શ્રદ્ધા ભાસની રમણતા પૂર્વક રત્નત્રયિ રૂપ આત્માના જે શુભ પરિણામ તે નિશ્ચય સમકિત, તેમ જ આત્મા તે નિશ્ચય સમકિત છે, કારણ કે આત્માના ગુણ આત્માથી જુદા નથી, તથા દેવગુરૂમા શ્રદ્ધા રાખવી અને શ્રીસંઘની અતિ માનપૂર્વક ભક્તિ કરવી તે વ્યવહાર સમકિત છે.

ત્રણ પ્રકારથી સમકિત એ છે કે કારક, રોચક અને દીપક અથવા તો ક્ષાયોપશમિક, ઉપશમિક અને ક્ષાયિક સમકિત કહેવાય છે એ ત્રણ પૈકી ભગવતની આજ્ઞા મુજબ દાન પૂજન વ્રત વગેરે કરવા તે કારક સમકિત, તથા જૈનધર્મ અંદર રૂચિ રાખે પણ ભારે કર્મી હોવાથી ક્રિયાનુ પાલન કરી ન શકે તે રોચક સમકિત અને બીજાઓને સ્વધર્મ પર રૂચિ કરાવે, પણ પોતાને શ્રદ્ધા ન હોય તે દીપક સમકિત કહેવાય છે તથા મિથ્યાત્વના જે શુદ્ધ દળિયા ઉદયમા આવતા જાય તેનો નાશ કરે અને જે ઉદયમા ન હોય તેને ઉપશમાવી રાખે તે ક્ષાયોપશમિક, તેમ જ મિથ્યાત્વના જે દળિયા ઉદયમા હોય તેને ઉપશમાવે તે ઉપશમ અને મિથ્યાત્વ

મોહની-મિશ્રમોહિની તથા સમકિત મોહની અને ચાર કષાય એ ૭ પ્રકૃતિનો જ્યારે ક્ષય થાય ત્યારે ક્ષાયિક સમકિત કહેવાય છે

ચાર પ્રકારે સમકિત એ છે કે ઉપરના ત્રણ ભેદમા સ્વાસ્વાદન સમકિત ઉમેરવાથી ચાર પ્રકાર થાય છે સાસ્વાદન એટલે જે જીવને અતર મુહૂર્ત્ત લગી ઉપશમ સમકિત રહ્યા પછી તે જ્યારે પડે છે ત્યારે તે સમયના જે પરિણામ તે બીજા ગુણ સ્થાનકે આસ્વાદન સમકિત કહેવાય છે

પાચ પ્રકારે સમકિત એ છે કે, ઉક્ત કથિત ચારની અદર વેદક સમકિત ઉમેરવાથી પાચ થાય છે અને જે સામગ્રી મોહનીય કર્મ ક્ષય કરવાના સમયનો જે અતિમ સમય તે વેદક સમકિત કહેવાય છે

દશ પ્રકારે સમકિત તે છે કે નિસગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સક્ષેપરુચિ, અને ધર્મરુચિ, આ ૧૦ રુચિ સમકિતના ભેદ છે.

(આ સિવાય ૬૭ ભેદ છે તે વિસ્તારના ભયથી મોકુફ રાખેલ છે માટે અન્ય ગ્રથથી તે જાણવા રુચિ રાખવી)

વ્યવહારથી દેવ શ્રી વીતરાગ, ગુરુ પચમહાવ્રત પાળક અને ધર્મ શ્રી કેવળી ભગવાન પ્રરુપિત તે જ સત્ય છે એવી સદહણા-એટલે શ્રદ્ધા રાખવી તે સમકિત ઉમદા છે તથા નિશ્ચયથી દેવ તે સિદ્ધ સ્વરૂપી આપણો આત્મા, ગુરુ પણ તત્ત્વ રમણી આપણો આત્મા અને ધર્મ તે પણ આપણા આત્માનો સ્વભાવ છે એમ જ સત્યપણે માની લેવુ

સમકિત પછી જ્ઞાનની ખાસ જરૂર છે તે વ્યવહાર અને નિશ્ચય જ્ઞાન છે વ્યવહાર જ્ઞાનમા અન્ય મતિના સર્વ શાસ્ત્રો જાણવા

તથા જૈનાગમમા પણ ચરણ કરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગનુ જાણુવાપણુ તેનો સમાવેશ થાય છે તેમ જ અતર ઉપયોગ વગર શાસ્ત્રના અર્થ કરવાને પણ વ્યવહાર જ્ઞાન ગણાય છે નિશ્ચય જ્ઞાનમા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્ય તથા તેના ગુણ અને પર્યાય વગેરેને જાણે–તે પૈકી પાચ અજીવ દ્રવ્ય છે તે ત્યાગવા રૂપ છે માટે ત્યજી દેવા અને જે જીવ દ્રવ્ય છે તે નિશ્ચય જીવે કરી સિદ્ધ સમાન મોક્ષમયી, મોક્ષનો જાણકાર, મોક્ષની અદર જવાવાળો અને મોક્ષમા જ રહે છે એવો આપણો જીવ અનત-ગુણી અને અરૂપી છે તેનુ ધ્યાન કરવુ તેનો નિશ્ચય જ્ઞાનમા સમાવેશ છે

આ સિવાય પાચ જ્ઞાન છે તે એ કે મતિ, શ્રુતિ, અવધિ, મન પર્યવ, અને કેવળ એ પાચ પૈકી પાચ ઇંદ્રિયો અને મનબુદ્ધિવડે જે જ્ઞાન થાય એ મતિજ્ઞાન તથા જે શાસ્ત્રથી સમજવામા આવે તે શ્રુતજ્ઞાન, દ્રવ્યનુ ઇન્દ્રિયોની અપેક્ષા વગર અવધિ–અમુક મર્યાદા લગીનુ જ્ઞાન થાય તે અવધિજ્ઞાન, મનના પર્યાયની ગતિ લગીનુ જ્ઞાન થાય તે મન પર્યવજ્ઞાન અને લોકાલોકના હરએક પદાર્થ સપૂર્ણ પણે એક જ વખતે જાણી શકાય તે કેવળ જ્ઞાન કહેવાય છે

આ જ્ઞાન સાત નય સહિત વિચારમા લેવાય તો વિશેષ આનદ મળે છે એટલે કે નૈગમનય અર્થાત્ ગુણના એક અશની જ્યારે ઉત્પત્તિ હોય ત્યારે તે નય કહેવાય છે તથા સગ્રહનય અર્થાત્ એક પદાર્થનુ નામ લેવાથી તેની સાથે સબધ ધરાવતા પ્રતિ પદાર્થનુ ગ્રહણ કરવુ તે, તથા વ્યવહારનય તે બાહ્ય સ્વરૂપ નિહાળી વસ્તુના ભેદ કરે અને બાહ્ય દેખાતા ગુણોને જ માને,

પણ અતરગત સત્તાને ન માનવી તેમજ ઋજુસૂત્રનય તે અતીત અનાગત સમયમા પદાર્થની જે સ્થિતિનો સભવ હોય તે મુજબ પદાર્થને માનવો ? શબ્દનય તે વાણીએ કરીને સમસ્ત વસ્તુનુ કથન કરવુ સમભિરૂઢ તે જે પદાર્થ અદર અમુક ગુણ ઉદ્ભવ્યા હોય અને ભવિષ્યમા વિશેષ ગુણ પ્રકટી નીકળવાનો સભવ હોય તેને એક રૂપ કહે અને એવભૂતનય તે જે પદાર્થ પોતાના ગુણોએ કરીને સપૂર્ણ હોય અને પોતાની ક્રિયા કરતો હોય તેને તેવા રૂપમા કહે તે આ સાત નયનુ સર્વમા ધ્યાન દેવુ જેથી નિર્વિવાદ જ્ઞાન થાય છે

દર્શન એટલે ષટ્દર્શન તથા દેવ ગુરુ તીર્થદર્શન ઉજ્વળ ભાવ વડે સેવવા જેથી બેડો પાર થાય છે

ચારિત્ર એટલે વ્યવહાર ચારિત્ર અને નિશ્ચય ચારિત્ર પૈકી સર્વવિરતિ અને દેશવિરતિથી પાચ મહાવ્રત અને બારવ્રત રૂપ ચારિત્ર તેને વ્યવહાર ચારિત્ર કહે છે અને નિશ્ચય ચારિત્ર તે શરીર ઇંદ્રિય વિષય કષાય અને યોગ વગેરે સમસ્ત પર વસ્તુઓ છે જેથી તેઓ સર્વનો ત્યાગ કરવો અને આહારને પૌદ્ગલિક વસ્તુ જાણી તેનો પણ પરિત્યાગ કરવો પોતે સિદ્ધ સ્વરૂપી એકજ છે પુદ્ગળ સાથે મારે કશો સબધ નથી એમ સમજવુ અને આત્મ-સ્વરૂપમા રટણતા કરવી તથા ચચળતા રહિત સ્થિરતાના પરિણામ અને આત્મસ્વરૂપની અદર એકત્વપણે તન્મયતા રૂપ વિશ્રાતી અને અનુભવ એજ નિશ્ચય ચારિત્ર દેવગતિદાતા છે, પણ મોક્ષદાતા નથી, કેમકે નિશ્ચયજ્ઞાન સહિત જે ત્યાગ બુદ્ધિ તે ચારિત્ર મોક્ષનુ કારણ છે.

બાર પ્રકારની ભાવનાઓ ભાવવી તે પણ ઉત્તમ ભવતારક પ્રયોગ છે તાત્પર્ય એજ કે જ્ઞાન દર્શન ચારિત્ર સહિત સમકિત

વાસિત આત્માને નયગમભગ અને પ્રમાણુવડે (સ્વાત્માને) જાણે અને સિદ્ધાવસ્થાને સમજે તે શુદ્ધ સમકિત આત્મા પરમાત્મસ્વરૂપનાં દર્શન કરવા ભાગ્યશાળી થઇ શકે છે, તેમજ તે વિશુદ્ધ આત્મા નિજાનદમા મગ્ન થઇ પાપ પુણ્ય રહિત થઇ રહે એટલે કે પાપ દુર્ગતિદાયક હોવાથી ખરાબ છે અને પુન્ય સુગતિદાઇ હોવાને લીધે સરસ છે તો તેમા રાગદ્વેષની રૂપરેખા ખીચાય છે, પરતુ જ્યા રાગ દ્વેષ અવશેષમા લેશ માત્ર પણુ નથી ત્યા પછી અમુક સારુ ને અમુક નઠારૂ એ વૃત્તિઓનો સચાર હોતો જ નથી તેવા આત્માને તો સવ સમાન જ હોય છે તો સમાનતામા અમાનતાની સભાવના શી રીતે સભવી શકે ? સ્ફટિકવત્ આત્માને પાપ પુન્યની હવા જ લાગી શકતી નથી, તેમ તે પાપ પુન્યને શ્રેયષ્કર કે અશ્રેયષ્કર પણુ માનતો નથી. તે તો માત્ર શુકલ ધર્મધ્યાન આદિ સર્વોત્તમ ધ્યાનશ્રેણિમા તદાકાર વૃત્તિવત રહી, પિંડ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીતાદિમા મસ્ત બની મોક્ષમાર્ગમા મ્હાલે છે. જ્યારે હે જીવાત્મા ! તારી દશા પણુ તેવીજ પ્રશસનીય થશે ત્યારે જ પરમ સુખ આનદનો વિશ્વાસી થઇશ એમા જરા સદેહ નથી

મુક્તિ મેળવવા માટે યત્ન સેવનાર માનવોએ પણુ પાપારભ ન સેવવો, કારણુ કે પુન્યનો કે પાપનો સમૂળો નાશ થાય ત્યારે જ મુક્તિ થાય છે. મુક્તિ એટલે સર્વ દુખથી મુક્ત થવુ જ્યારે મુક્ત થયો ત્યારે પછી બધન વિના જીવ પરમાત્મ સ્વરૂપ થઇ જ્યોતિ સ્વરૂપ થાય છે એમા કિચિત્ પણુ આશ્ચર્ય નથી. કપડુ સાફ ધોવાઇ ગયા પછી સ્વચ્છ થતા મલિનતાના અભાવે શુદ્ધ ભાસે છે એ નિયમ જ છે જ્યા મનની સ્વચ્છતા થઇ ત્યાં

આત્મકલ્યાણની સિદ્ધિ પ્રાપ્ત થવામા શુ વિલબ થાય ! કેમકે મન એજ મનુષ્યને પાપબધન અને પાપની મુક્તિનુ જ કારણ છે, તેમજ મોક્ષનુ સ્વરૂપ પણ મન જ છે માટે મનની વિશુદ્ધતા સાથ પાપ પુન્યની જાળમાથી વિમુક્ત થઇ કેવળ વીતરાગ દશા એવી મહાન્ સુખમય મુક્તિપદને મેળવવુ કે પરમ સુખ કાયમ રહે ૩૧

आत्मापद्मवनंज्ञानं भानुनो बोध्यलिप्स्यसे ॥
यदा जिनप्रभाव्यां तदा ते परमं सुखम् ॥ ३२॥

શબ્દાર્થ—હે પુનીતાત્મા ! જ્યારે તુ આત્મારૂપી કમળવનને જ્ઞાનરૂપી સૂર્યરશ્મિઓવડે વિકશ્વર કરીને શ્રેષ્ઠ એવી જે જ્યોતિ તેને પ્રાપ્ત કરીશ ત્યારે ઉત્કૃષ્ટ સુખ થશે ૩૨

સ્પષ્ટાર્થ—હે શ્રેયગ્રાહક જીવાત્મા ! તત્ત્વજ્ઞાન સમજ્યા વિના દેખાદેખી કે કાયાકૃષ્ટ રૂપે તપ જપ સયમ વ્રત આદરે, તથાપિ તેને પરમ સુખ મય સ્વર્ગ કે અપવર્ગ મળનાર જ નથી માટે છેવટ એટલુ જ ધ્યાનમા લેવાની જરૂર છે કે પ્રથમ શુ કરવાથી આત્માનુ કલ્યાણ થાય છે ? શુ શુ આદરવા યોગ્ય છે ? શુ સમજવા યોગ્ય છે ? અને શુ ત્યાગવા યોગ્ય છે ? તે સર્વ પરા પૂર્વના વિચાર પૂર્વક સમજીને પછી કોઇ પણ કરણી-ક્રિયા કરવામા આવે તો થોડી ધર્મકરણી પણ અનત ફળદાયી નીવડી શકે છે માટે આત્મારૂપી આ કમળના વનને સદ્જ્ઞાન રૂપી સૂર્યની જ્યોતીવડે વિકશ્વર કર, કેમકે કમળકોષ ખિલ્યા વિના તેમાના ચિત્તાહર સુ-વાસિક પરિમળનો આનદ તને પ્રાપ્ત નહી થઇ શકે જ્ઞાન શુ ? અજ્ઞાન શુ ? વિદ્યા શુ ? અને અવિદ્યા-મિથ્યાત્વ શુ ? એ બધાનુ

સ્પષ્ટિકરણુ આ ગ્રથ અદર યત્કિચિત્ સમય સમય પરત્વે કરવામાં આવ્યુ છે છતા પણુ તટસ્થ રૂપે કહેવાની અગત્ય છે કે અહિસા સહિત-સદાચાર-સદ્‌વિવેક અને સદ્‌ગુણુમય ધર્મ સાથ સર્વાગ સુદર તત્ત્વરૂપ જ્ઞાન તેજ આત્મકલ્યાણુ સ્વરૂપ ભવભયભજક મનાય છે આ શિવાયનુ જે જ્ઞાન અવિદ્યા-મિથ્યાત્વપૂર્ણ છે તે કથન માત્ર જ્ઞાન છે, પરતુ વાસ્તવિક રીતે જોતા તે અજ્ઞાન જ છે, જેથી તેના સેવનથી આત્મોદ્ધાર થતો જ નથી એવા જ્ઞાનના રગમા મન રગાવાથી અવસ્ય અધોગતિનો માર્ગ ખુલ્લો થવા જેવો જ પ્રયાસ થાય છે ઉર્દ્ધગતિની ઇચ્છાવાળાએ તો આ ગ્રથમા જે જૈન ફિલોસુફી વા સકળ ધર્મના તત્ત્વની બાબતો પ્રકાશવામા આવી છે તે જ્ઞાનતત્વરૂપ છે અને અવસ્ય આત્માનુ શ્રેય સાધનાર છે આત્મા કે જે દેહ-ગેહમા બિરાજેલ છે તે અતરાત્મા શુદ્ધ જ્ઞાન પ્રભાવવડે પ્રફુલ્લિત થાય તો જ ભવભ્રમણુનો અવસ્ય અત આવે છે બાકી જ્યા લગી આત્માને સદ્‌જ્ઞાનનો સર્વાગ સુદર સપૂર્ણ સસ્કાર ગુરૂગમ સાથ થયો ન હોય કે ન થાય ત્યા લગી અજરામર મુક્તિ યોગ્ય કરણી પ્રાપ્ત થતી જ નથી સતજ્ઞાન પૂર્વકની કરણી જ આત્મોદ્ધારિણી છે એ સટક વાત્તા છે. જ્ઞાન વિનાની ક્રિયા એટલે કે નખ જટા વધારવામા, ભસ્મ ચોળવામા, મૌન રહેવામા, વારવાર ન્હાવામા, પચાગ્નિ તાપવામા ઉધે માથે ઝુલવામા, ઉભા રહી જીવન ગાળવામા, તિર્થાટન કરી પાપ પખાળવામા અને એવી જ કાયા કષ્ટ ભરેલી કરણી કે જે ઉન્મત્ત થયેલી પાચે ઇન્દ્રિયોના વિષય વિકાર ક્રોધ, માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ આદિ ત્યાગી સમતામા સર્વદા મન વાણી શરીરને શુદ્ધ પ્રકારે વર્ત્તાવવા વગર ઉપરનો આડબર તમામ નિષ્ફળ છે તે સર્વ ક્રિયા પ્રજ્વલિત અગ્નિમા નહિ, પણુ ભસ્મમા ઘી હોમવા

જેવી નિરર્થક જ છે પ્રથમ જ્ઞાન ને તે પછી ક્રિયા એ સિદ્ધાંતોનુ સિદ્ધાંત છે અને એ જ્ઞાન સમુક્તની કરણીથી આત્માની સિદ્ધિ થાય છે જ્ઞાન પણ એકલુ કરણી વિના સફળ થતુ નથી તેમ એકલી કરણી પણ પારઉતરણી નીવડતી નથી માટે જ્ઞાન મેળવી વિચારી મનન કરી નિદિધ્યાસ કરી તે યુકત દાન, પુન્ય, વ્રત, યાત્રા, સેવા, પૂજા, ભકિત, તપ, જપ, સયમ, યોગ આદિક શ્રેયસાધક ક્રિયા કરની કે સફળતાને ભેટે છે

વિચાર કરવાની જરૂર છે કે કુદરત પણ ગર્ભાશય અંદર રહેલા ગર્ભની શરીર રચના સમય સર્વથી પ્રથમ જ્ઞાનેદ્રિયો અને તે પછી કર્મેદ્રિયો રચે છે એટલે કે મસ્તક આખ નાક કાન મુખ રચ્યા બાદ હાથ પગ વગેરે રચાય છે આ ઉપરથી પણ તાત્વિક બોધ લેવા જેવો છે કે કર્મ કરતા જ્ઞાન જાણવાની પ્રથમ જરૂર છે કુમારપાળ રાજાએ ગત ભવ અંદર ભાવ સહિત પુષ્પ ચઢાવવાના મતલબ સબધી જ્ઞાન પૂર્ણ અઢાર કોડીના ફૂલ ખરીદી પ્રભુ પૂજન અંદર ચઢના પરિણામે ઉપયોગમા લીધા હતા જેથી આવતા ભવમા અઢાર દેશનો ધણી થયો રોહિણીઆ ચોરે માત્ર એક જ સામાયિક કરવાથી બારમા દેવલોકની ઋદ્ધિ સપાદન કરી હતી, અવંતીસુકુમારે એક જ રાત્રિના ચારિત્ર પાલનથી નલિનીગુલ્મ વિમાનનો આનંદ મેળવ્યો હતો, પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ઉત્તમ ભાવના શ્રેણિની પરપરાથી તત્કાળ કેવળ જ્ઞાન મેળવ્યુ હતુ, મારૂદેવી માતાએ વિરાગભાવની વૃદ્ધિવડે હાથીના કુભસ્થળે બેઠે બેઠે જ કેવળજ્ઞાન મેળવી સિદ્ધગતિ વરી હતી અને શ્રીકૃષ્ણ વાસુદેવે મુનિયોને વાદતા ચાર નરક બધન કાપી દીધા હતા એ શ્યાનો પ્રભાવ હતો ? ફકત તત્ત્વજ્ઞાન પૂર્વક કરણીનોજ હતો ! નહિ તો મેરૂ પર્વતના જેટલા

ઓઘા મુહપત્તીના ઢગલા કરે તેટલા ચારિત્ર સેવન કર્યા હોય, કિંવા તપથી કાયાને શોપી દીધી હોય અને દાન પુન્ય આદિમા અપર પાર ઉદારતા હસ્તમુક્તથી કરી હોય તો પણ તેઓ કુલ સત્ય રહસ્ય સમજ્યા વિના કર્યા હોય તો તે યોગ્ય ફળદાયી નીવડતા જ નથી એ વાત સર્વ પ્રમાણવડે સત્ય જ છે માટે જ માચુ તત્ત્વજ્ઞાન એ અંગીકાર કર કે-કામ ઘણુ છે, સમય થોડો છે, જીવન ટુકુ છે, અને નિર્ણય મુસ્કેલ છે ભૂત ગયો, વર્ત્તમાન જાય છે તે આપણા હસ્તક છે માટે ભવિષ્ય સુધારવા વર્ત્તમાનને જ સુધારવા જાગ્રત થા, સમજ અને કર્ત્તવ્યપરાયણ થા, ઐહિક અને આધ્યાત્મિક ઉન્નતિ કર, જાતને (આત્માને) ઓળખ, શાંત ચિત્તથી અને નિર્મો-હતાથી સુગતિ સ્વાધીન થવાની કરણી સેવન કર સર્વથી કિમત વાન સમય છે, જો સમય હાથથી ગયો તો ફરી મળનાર નથી માટે એક પળ પણ નકામી ન કાઢ, જેટલો સમય મળે તેટલામા સત્કર્મ સત્સંગ અંદર લેખે લગાડ સર્વધર્મનુ મૂળ રહસ્ય એક જ છે, સર્વ મોક્ષ મેળવવા યત્ન સેવે છે, માત્ર એક સ્થળે જ જવાના જુદા જુદા રસ્તા છે, પણ સર્વનો ઉદ્દેશ એક જ છે માન્યતામા તફાવત છે, પરંતુ તે લક્ષમા ન લેતા ધર્મના સિદ્ધાંતો તત્ત્વજ્ઞાન પૂર્વક સમજ અને તે જાણવાના સહેલા રસ્તા શોધી શ્રેય સાધી લે સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર એજ સર્વોત્તમ જીવનનુ ફળ છે તે ઉચ્ચ આશય યુક્ત સેવ, આવતા વિઘ્નોને પાછા પાડી આગળ પગલા ભર, હમેશા સારા કામોમા વિઘ્નો નડે જ છે તેને દૂર કરી આગળ જવા ચાપતા ઉપાય હાથ ધર, આપણો આત્મા સર્વ શક્તિવંત છે. ફક્ત મોહમાયાની પરંપરાવડે તે શક્તિયો ઉપર પડદા થઇ ગયા છે તે સદ્જ્ઞાન દ્વારા દૂર કર એટલે તે શક્તિયો

રત્નય પ્રકારી આત્મકલ્યાણ આપશે પાપાચાર–પાપસ્થાનકો–કર્માદાન વગરે ત્યાગી પુન્યબાગમા વિહાર કર અધમ વિચારથી દૂર રહેવુ ઉત્તમોત્તમ છે, કારણ કે તે મનમા સ્થિર થવાથી અનત સુગુણોને આવતા જ રોકી દે છે, એટલુ જ નહિ પણ બીજા અનેક દુર્વિચારોને ઘસડી લાવે છે જેથી તેઓને નિર્મૂળ કરતા મહા મહેનત પડવા છતા તેની વાસના નાશ પામતી નથી માટે સદા નઠારા વિચારથી અલગજ રહેજે માનસિક, શારીરિક શક્તિનો મુખ્ય આધાર બ્રહ્મચર્યપાલન પર છે માટે તેને નિર્દોષતા પૂર્વક અગીકાર કર, મોટી તેટલી માતા, બરોબર અવસ્થાવાળી બ્હેન અને ન્હાની તેટલી પરસ્ત્રીઓને પુત્રી સમાન માની ઇન્દ્રિયોને વશ રાખી નિર્મળ ચારિત્રવત થા, તારી જ કરણી સારી કે નરસી જેવી હશે તેથી તેવુ જ ફળ આપનાર છે માટે તે કરતા જ્ઞાનદૃષ્ટિથી દૂર ન થતા ક્યાં કર કે રેડીને વાવ્યા સમાન નિષ્ફળ નિવડવા જેવુ ન થાય મનોવૃત્તિયોનો ગુલામ ન બન, પણ તેમને તુ તાબે કરી રાખ આત્મસયમી થા જીવનની જરૂરીઆતો જેમ બને તેમ ઓછી કર જેટલે અશે બાહ્ય પદાર્થોની મમતા ઓછી થશે તેટલે અશે જીવને સુખ સપાદન થશે આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને આત્મસયમ એ આત્મોન્નતિના મૂળ છે, માટે તેને જાળવ, જગત, દેહ અને જગતના સર્વ દૃશ્ય પદાર્થ નાશવત છે માટે વિનાશ રહિત જે ધર્મ છે તેને જ સેવ જે કામ આજ કરવાનુ હોય તે કાલ ઉપર મુલતની ન રાખ કાલ ઉપર આધાર રાખવાથી અનેક કાર્ય કાળના પ્રતાપથી અધૂરાજ રહી ગયા છે માટે જે કરવુ હોય તે તુરત જ્ઞાનસહ કરી લે પળ પછી શુ થશે તેની કોઇને ખબર નથી છ કાય ઉપર સમાન દૃષ્ટિ રાખ બીજાનુ ભલુ કર ઉચ્ચ વિકાશને માટે ઉત્તમ ચારિત્ર

માટે અને જનસેવા બજાવવા માટે જીવન સરજાયલુ છે નહી કે ભોગવિલાસ અર્થે સરજાયલુ છે શરીર નાશવત અને આત્મા અમર છે એ હમેસા કઇક સમય પણ વિચાર રાખ કે જેથી મહાન્ લાભ પ્રાપ્ત થાય જ્ઞાન મેળવવામા સતોષી ન થા જ્ઞાન મેળવી તેનો બીજાઓને હેતુ સમજાવી ફાયદો બક્ષવો સર્વ પ્રત્યે સદ્‌ભાવ રાખવો ભેદભાવ વગર મદદ આપવી બાહ્ય સ્વચ્છતા કરતા અતર શુદ્ધિ વધારે કામની છે માટે તે ધ્યાનમા રાખવી વિચાર ઉત્તમ અને ઉચા રાખવા કે જેથી વિચાર મુજબ ફળ મળશે અભિમાન આળશ એ મહાન્ શત્રુ છે ઉદ્યમ ને હિમ્મત મહાન્ મિત્ર છે માટે તે નિગાહમા રાખવુ શાસ્ત્ર આરિશો છે, બુદ્ધિ ચક્ષુ છે અને આત્મા જોનાર છે તેને ખોડ ખાપણ જણાઇ આવતા સત્‌શાસ્ત્રની કૃપાથી ગુણ દોષ જોઇ જાણી લેવા તત્ત્વદષ્ટિ થઇ સર્વમાથી હસવત્ સાર ગ્રહણ કર તથા તે સાર અન્યને સમજાવી દે કરવુ, બધાવુ કે મુકત થવુ એ આત્માના જ હાથમા છે માનવકર્ત્તવ્ય, જ્ઞાનામૃત-પાન, ઉચ્ચ કોટીનુ જીવન અને સુખાનદ મેળવવો એ પોતાના જ હાથમા છે સુખ દુ ખ શુભાશુભ કર્માધીન છે માટે કર્મ સુધારવા સદ્‌ભાવનાઓ સદા સેવન કરવી આત્મશક્તિમા વિશ્વાસ રાખી સર્વ સુકૃત્ય કરવા કે કર્મનાશ થાય છે આત્મસામર્થ્ય વિના મહ-ત્વના કાર્ય સફળતાને ભેટતા જ નથી આત્માને કશુ અસાધ્ય નથી માટે ધીમે ધીમે દુષ્કર જણાતો ઉત્તમ માર્ગ પણ હાથ ધરવાથી વિજય મેળવાશે આત્મજ્ઞાન ઉપાસકોને એકાત અને ઉગ્ર આત્મ સયમ સેવવાની ખાસ જરૂર છે પ્રાણી માત્રપર દયા, અને માનવ માત્રના દુ ખની દાઝ આ બે બાબતો આત્મસ્વરૂપ પ્રાપ્તિના જીવન છે અને તેની પ્રથમ ભૂમિકા છે. આત્મવિશુદ્ધિમા આગળ વધવાનો

ટુંકો રસ્તો એ છે કે દ્વેષને દેશવટો દેવો, તથા આત્મસાધનનો ટુંકો રસ્તો એ છે કે પહેલા સર્વત્ર પ્રશસ્ત રાગ કિવા ગુણદૃષ્ટિ જાળવવી આત્મગુણની અભેદતા કિવા જડ ચૈતન્યની ભિન્નતા તેજ જ્ઞાન, નિર્વિકલ્પ મન તેજ ઉત્તમ, ધ્યાન, માનસિક મલિનતાનો ત્યાગ તેજ સ્નાન અને ઇંદ્રિયોનો નિગ્રહ તેજ પવિત્રતા છે નિર્વિકલ્પ મન, મૌન અને કાઉસ્સગ્ગ કરવાવડે કર્મ આવતા બંધ પડે છે અને જેમ જેમ ધ્યાનની વિશુદ્ધિ તેમ તેમ કર્મનો ક્ષય થાય છે જ્યા સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યા સર્વોત્કૃષ્ટ સિદ્ધિ થાય છે આત્મ સાધનમા આગળ વધવુ, પણ કદી પણ પાછળ ન પડવુ નિરાશા એ મહાત્મા થનારની નોંધમા શબ્દ જ નથી વિઘ્ન એ પોતાની લાયકાતની કસોટી છે ચઢેલાને પડવાનો અને ધનપાત્રને લુટાવાનો ડર હોય છે માટે જરા નિરાશ થવુ નહી પણ યાહોમ કરી આગળ વધીએ કે જેથી અવશ્ય વિજય પ્રાપ્ત થશે. આગળ વધવુ હોય તો સર્વ સ્થળે પ્રેરાયલો સ્નેહ લાગણી તેને ખેંચી લેવો, વિરાગભાવ પ્રતિ પદાર્થ તરફ રાખવો, સમસ્ત લાગણી માત્ર આત્મભાવ ભણીજ લગાડવી અને એ કાર્યનેજ મુખ્ય કરી બીજા કર્તવ્યોને ગૌણ ગણી આગળ વધવુ, જો કે ધર્મવસ્તુનુ કે તત્ત્વજ્ઞાનનુ શ્રવણ કિવા જાણપણુ થવાથી તાત્કાળ અંતરાત્મપણુ થતુ નથી તેમજ આચરણ કે ગુણો પણ તુરતજ પમાતા નથી માટે તેની નિશ્ચળતા માટે વારવાર મનન કરવાની આવશ્યકતા છે પડી રહેલી દરેક વસ્તુ મેલી થાય છે ખેતર ન ખેડવાથી કાટા ઝાખરા વાળુ થઇ જાય છે, વહેતુ ઝરણુ બાંધી લેવાથી પાણી ગંધાઇ ઉઠે છે માટે તેજ મુજબ મનને પણ આળસ રહિત રાખી સન્માર્ગ વૈરાગ્યમા નિરતર પ્રયત્ન સેવતાજ રહેવુ **દુ:ખની માતા આળસ અને સુખની માતા ઉદ્યોગ** છે માટે ઉદ્યમ ચાલુ રાખવાથી

અતે સિદ્ધપદનો ભોક્તા થવાય છે જેટલો પરવસ્તુમા મોહ તેટલુજ દુ ખ અને પરવસ્તુ તરફ હર્ષ તેટલોજ શોક હાજર રહે છે. માટે હે અનત શક્તિશાલિ આત્મા ! તુ નિરતર નિર્મળ વિચારોથી તારા મનના બળનો નાશ ન કર તુ જેવુ ચાહીશ તેવુ જ થઇ શકશે. ચરમ તીર્થકર શ્રીમહાવીર પ્રભુજીનુ જીવનચરિત્ર શુ સમજાવે છે ? તે પણ માનવજ હતા અને આપણે પણ માનવ છિયે, માટે તેમના વૃત્તાતનુ અનુકરણ કરવુ કે જેથી ગુપ્ત રહેલુ અનતબળ સ્વયમેવ પ્રકટ થતા આનદની હેલી થશે એકલા ઉપરના ત્યાગથી શાતિ મળવાની નથી વિષયો સાથેનો શારીરિક સબધ છોડયા પહેલા માનસિક સબધ જરૂર ત્યાગવોજ જોઇએ તો ઉત્તમ શાતિનો અનુભવ મળશે બાહ્યત્યાગ પછી અતરત્યાગ કરવો પછી કષાયો ત્યાગવા અને તે પછી બાહ્યાડબર ત્યજી દેવો એટલે ઉભય ત્યાગથી સૂર્યવત્ આત્મા આવરણ રહિત થતા સાશ્વતાનદી થશે પાણીના ઉડા તળીએ પડેલુ રત્ન પાણીની મલીનતાને લીધે દ્દષ્ટિગોચર થતુ નથી પણ મલીનતા દૂર થતા જ અવશ્ય દગગોચર થાય છે એજ મુજબ રત્નવત્ નિર્મળ આ અમલ્ય આત્મા પણ મનની મલીનતાવડે દબાઇ રહેલ છે તે મન સ્ફટિકવત્ થતાજ તુરતજ ઝળકી ઉઠેલ જોવામા આવશે માટે મનને નિર્મળ કરવુ જ્ઞાનમાર્ગ અદર પ્રવેશ કરનારને જ્ઞાન પ્રાપ્ત થયા વિના રહેતુજ નથી. જેમ જેમ પ્રકાશિત થાય તેમ તેમ જ્ઞાનપૂર્વક ક્રિયા કરતા તેનો અનુભવાનદ પ્રાપ્ત થયા કરે છે ઇચ્છાઓનો નિરોધ એ જ ત્યાગધર્મ છે પરવસ્તુ માત્ર તરફ પોતાના ઉપયોગને જવા દેવોજ નહી અને તેમ કરવાવડે વૃત્તિયોના તરગો બધ પડતા પોતાના સ્વરૂપમા સ્થિર થવાય છે, અને સ્થિરતાને લીધે લય પ્રાપ્તિ અદર ઘણી સુલભતા રહે છે

આત્માની અનંત શક્તિઓ આત્મામા હોવા છતા આત્મિક ગુણો શોધવા બીજી જગોએ ફોકટ ફાંફા મારવા એ મહા નર્ખતાજ છે ! આત્મામા સપૂર્ણ સુખ હોવા છતા તેને મેળવવા જડવસ્તુઓની ડફાટમા મચવુ તે વ્યર્થ પ્રયત્ન છે દુખ એ ડહાપણની કસોટી છે થતી ભૂલો એ દુખનો અનુભવ અને ભવિષ્યમા થતી ભૂલોથી બચવાની કસોટી છે, દુખ ને અનુભવના અતમા આત્મ સાક્ષાત્કાર પણ છેવટ થાય છે દુખ માનવનો મહાન્ સદ્ગુરૂ છે તેની મારફત વિચારો ખીલે છે, સત્ય શોધાય છે અને દોષો દૂર થાય છે પ્રયત્ન વખતે તેના પ્રમાણમા કોઇને કઈ પદાર્થનો ભોગ આપી દેવા જ યોગ્ય છે. પ્રયત્ન વિના ફળની આશા નકામી છે માટે શ્રેયસાધકે સમતા અને શાતિ પ્રતિપળ સેવવીજ યોગ્ય છે જ્યા ક્રોધ છે ત્યા વૈરાગ્ય નથી, કેમકે ઇચ્છામા નિષ્ફળતા થયા વિના ક્રોધ પેદા થતો નથી અને જ્યા ઇચ્છા છે ત્યા વૈરાગ્યજ ન હોય-ઇચ્છાનો ત્યાગ તે જ વૈરાગ્ય છે આત્મજ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થાય છે માટેજ આત્મ-જ્ઞાન વિશેષ હિતકારક છે ક્ષણિક સસારના ક્ષણિક વૈભવોની અદર લટ્ટુ બનેલા માનવોનો સહવાસ તે આત્મગુણઘાતક મહાન્ શસ્ત્ર છે મનમા અશુભ વિચારો પ્રકટાવવા તે સમાન અન્ય ભયકર કોઈ રોગ નથી અને આત્મઅજ્ઞાનિયોને એકાત સમાન અન્ય કોઇ પ્રબળ શત્રુ નથી, તેમજ આત્મઅભ્યાસિયોને માનવસસર્ગ સમાન અન્ય કોઈ સબળ વિઘ્ન નથી મતલબ કે આવા તત્ત્વજ્ઞાન સૂર્યપ્રભાવડે આત્મારૂપ સુવાસિત કમળવનને વિકસ્વર કરી અંતર જ્યોતિ પ્રાપ્ત કરવાથી પરમસુખ પ્રાપ્ત થશેજ માટે સદૈવ પરમપદ પ્રાપ્ત કરનાર સાધકે આ જૈનતત્ત્વરૂપ પરમપદના સુખનો પ્રબોધ આપનાર બત્રીસ શ્લોકનો સાર કડમણિ ગણિ નિરતર આમા રમણતા

રાખવાથી અવસ્ય આત્મકલ્યાણનો માર્ગ ખુલ્લો થશે જ એમા જગદ સંદેહ નથી

સસાર વિષયકષાય ગગ દ્રેષાદિની વૃદ્ધિ કરનારા મોટા પુસ્તકો વાચવા ભણવાથી નકામો શ્રમ થવા ઉપરાત ભવભ્રમણા હાજર રહે છે અને આવુ લઘુ પુસ્તક છતા તત્ત્વપૂર્ણ આત્મતાગ્ક મત્ર ભરિત હોવાથી વાચતા સાભળતા વૈરાગ્યાદિ વધી છેવટે સસારસાગર છોળવાનો ભય નાશ કરવા શક્તિવત થાય છે માટે વાચો વિચારી મનન કરી નિદિધ્યાસ કરવાની ખાસ જરૂર છે આત્મશ્રેયકર્તા હોય તેજ સર્વોતમ પુસ્તક અને તેજ હિતકાગ્ક લેખ માનવો લાયક છે.



(આ પુસ્તક પ્રસિદ્ધ થતી વખતે મારી તબીયત અનહદ બિમાર હોવાથી દષ્ટિદોષ અને મગજની ભ્રમણતાવડે જે કંઇ ભૂલ રહી ગઈ હોય તે સુજનો સુધારી વાચી લેવા કૃપા કરશેજ !)

પી. પી શર્મા.

